MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૦૩-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 મોર્નિંગ વોક પર નીકળેલા બચ્ચનને બાઇક સવાર બદમાશોએ માથામાં ગોળી મારી

5 વર્લ્ડ કપ સેમીફાઇનલમાં ભારત-પાક ટકરાશેઃ ૪ ફેબ્રુઆરીએ મહામુકાબલો

8 જાતિના ખોટા પ્રમાણપત્રોના આધારે સરકારી નોકરી મેળનારા સામે આદિવાસીઓનું આંદોલન

12 સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે સતત ત્રીજા દિવસે દબાણો હટાવવાની કવાયત ચાલુ : તંત્ર સ્થાનિક આદિવાસીઓ પર હિટલર શાહી અપનાવતું હોવાની વાત

કોંગ્રેસ-એનસીપીના દબાણ સામે ઝૂક્યા શિવસેના સુપ્રિમો..!!

મહારાષ્ટ્રમાં એનઆરસી લાગુ નહિ થાયઃ ઉદ્ધવ ઠાકરે

મુખ્યમંત્રીએ નાગરિકતા સંશોધન બિલનું સમર્થન કર્યું,જો એનઆરસી લાગુ થશે તો હિન્દુ-મુસ્લિમ બંનેને નાગરિકતા સાબિત કરવામાં મુશ્કેલી થશે

મુંબઇ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ નાગરિકતા સંશોધનનું સમર્થન કર્યું છે. તેમનું કહેવું છે કે, સીએએથી કોઈની પણ નાગરિકતા છીનવાશે નહીં. પરંતુ તેમણે એનઆરસીને લઈને મોદ સરકારને આંચકો આપ્યો છે. થોડા દિવસ પહેલા જ એનઆરસીનું સમર્થન કરવાના સંકેત બાદ અચાનક જ ઉદ્ધવ ઠાકરેએ પોતાનું વલણ બદલ્યું છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં એનઆરસી લાગુ નહીં થાય. શિવસેના સાંસદ સંજય રાઉતને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે, એનઆરસીનો કાયદો મહારાષ્ટ્રમાં અમલી નહીં બનાવવામાં આવે. જોકે મુખ્યમંત્રીએ નાગરિકતા કાયદા પર નરમ વલણ અપનાવતા કહ્યું હતું કે, આ કાયદો કોઈ પણ ભારતીયની નાગરિકતા છીનવતો કાયદો નથી.

ઉદ્ધવ ઠાકરેએ ફરી એકવાર હિંદુત્વનો નારો બુલંદ કર્યો છે. તેમણે વાતચીતમાં સ્પષ્ટ કર્યું હતું કે, શિવસેનાએ પોતાની હિંદુત્વની વિચારધારા છોડી જ નથી કે ના તો તેની સાથે કોઈ સમજુતી કરી છે. શિવસેનાના મુખપત્ર સામનાના એડિટર સંજય



રાઉત સાથેની વાતચીતમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, અમે ક્યારેય હિંદુત્વ છોડ્યું જ નથી, ગઠબંધન કર્યું છે એનો અર્થ એ નથી કે અમે ધર્મ બદલી નાખ્યો છે.

અગાઉ શિવસેનાના મુખપત્ર સામનામાં એનઆરસીને લઈને કહેવામાં આવ્યું હતું કે, દેશમાં એનઆરસી પણ લાગુ થવો જોઈએ. ભારતમાં ગેરકાયદે વસતા પાકિસ્તાની, બાંગ્લાદેશી અને અફઘાનીસ્તાનીઓને મોદી સરકારે બહાર હાંકી કાઢવા જોઈએ. અત્રે જણાવવાનું કે મહારાષ્ટ્રના રાજકારણમાં હિન્દુ હૃદય સમ્રાટ કોણ છે તે સવાલ પર હવે એમએનએસ અને શિવસેનાની લડાઈ શરૂ થઈ ગઈ છે. એમએનએસ જોરશોરથી હિન્દુત્વ પર રાજકારણ રમી રહ્યું છે. આ બધા વચ્ચે મહારાષ્ટ્રના થાણેમાં એક પોસ્ટર પણ લાગ્યું હતું જેમાં રાજ ઠાકરેને હિન્દુ હૃદય સમ્રાટ ગણાવવામાં આવ્યાં હતાં.

હિન્દુત્વના આ રાજકારણનું બ્યુગલ ત્યારે ફૂંકાયું જ્યારે ૨૩ જાન્યુઆરીએ એમએનએસએ ઝંડો, ચિન્હ અને નવી વિચારધારા સાથે મેદાનમાં એન્ટ્રી મારી. મનસેના અધ્યક્ષ રાજ ઠાકરેએ પાર્ટીના નવા ઝંડાને લોન્ચ કર્યો. જે કેસરિયો છે.

૪ અને ૬ તારીખે રાહુલ ગાંધી બે રેલી સંબોધશે

દિલ્હી વિધાનસભા ચૂંટણી જંગઃ આજે મોદી કડકડડૂમામાં રેલી સંબોધશે

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણીનો જંગ બરાબરનો જામ્યો છે. દરેક પાર્ટી જીત મેળવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહી છે. ભારતીય જનતા પાર્ટીએ પણ મેચ જીતવા માટે યોગી આદિત્યનાથને મેદાને ઉતાર્યા બાદ હવે પોતાનું બ્રમ્હાસ્ત્ર પણ અજમાવ્યું છે. હવે દિલ્હીની ચૂંટણીને આડે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એન્ટ્રી થવા જઈ રહી છે.

કેન્દ્રીય પ્રધાન અમિત શાહ અને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડા બાદ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એન્ટ્રી થવા જઈ રહી છે. પીએમ મોદી ત્રણ ફેબ્રુઆરીએ દિલ્હીના કડકડડૂમામાં સીબીડી ગ્રાઉન્ડમાં ચૂંટણી રેલી કરશે. વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ દિલ્હીમાં પીએમ મોદીની આ પહેલી જ ચૂંટણી સભા હશે.

દિલ્હીની તમામ ૭૦ વિધાનસભાની સીટો પર ૮ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે. ૧૧ ફેબ્રુઆરીએ મતગણના

અનુસંધાન પાના નં. ૭

પાંચ મેચોની ટી-૨૦ સિરિઝ જીતનાર ભારત પ્રથમ દેશ બન્યો

ભારતે રચ્યો ઈતિહાસઃ ન્યૂઝીલેન્ડનો ૫-૦થી વ્હાઈટવૉશ

રોહિત શર્માએ સૌથી વધુ ૬૦ રન બનાવ્યા, ઈજાગ્રસ્ત થતા રિટાયર્ડ હર્ટ થયો, કે.એલ.રાહુલે કરી કેપ્ટનશીપ,અંતિમ મેચમાં વિરાટ કોહલીને આરામ અપાયો હતો, બુમરાહે ચાર ઓવરમાં ત્રણ વિકેટ ઝડપી, મેન ઓફ ધ મેચ બન્યો

માઉન્ટ માઉંગનુઈ

બોલરોના શાનદાર પ્રદર્શનની મદદથી ભારતીય ટીમે અહીં રમાયેલી પાંચ મેચોની ટી૨૦ સિરીઝની અંતિમ મેચમાં યજમાન ન્યૂઝીલેન્ડને ૭ રને પરાજય આપીને શ્રેણી ૫-૦થી કબજે કરી છે. એક સમયે ન્યૂઝીલેન્ડની ટીમ મજબૂત સ્થિતિમાં હતી



પરંતુ ભારતીય બોલરેએ શાનદાર પ્રદર્શન કરીને ટીમ ઈન્ડિયાની વાપસી કરાવી હતી. આ મેચમાં ભારતે પ્રથમ બેટિંગ

અનુસંધાન પાના નં. ૭

૩૩૦ લોકોમાં માલદિવના ૭ નાગરિકોનો પણ સમાવેશ

કોરોના વાયરસઃ ૩૨૨ ભારતીય નાગરિકોને ચીનથી એરલિફ્ટ કરાયા

ન્યુ દિલ્હી

ચીનના વુહાનમાં ફસાયેલા ૩૩૦ લોકોને શનિવારે મોડી રાત્રે એર લિફ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૩૨૩ ભારતીય અને ૭ માલદીવના નાગરિક છે. એર ઈન્ડિયાનું વિમાન રવિવારે સવારે દિલ્હી એરપોર્ટ પહોંચ્યું ગયું છે. માલદિવના વિદેશ મંત્રી અબ્દુલ્લા શાહિદે જણાવ્યુ છે કે, અમારા નાગરિકોને કેટલાક દિવસો માટે દિલ્હીના કેમ્પમાં રાખવામાં આવશે. ત્યાંજ કેરળમાં આજે કોરોનાવાયરસના બીજા કેસની પુષ્ટિ થઈ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, યુવક કેટલાક દિવસ પહેલા જ ચીનથી પરત ફર્યો હતો. તેને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યો છે.

અનુસંધાન પાના નં. ૭

ઈન્દિરા કેન્ટિન ખોલવાની અને ઝૂપડપટ્ટી હટાવવાની જાહેરાત કરી

દિલ્હી ચૂંટણીઃ કોંગ્રેસે રજૂ કર્યો મેનિફેસ્ટો, પાણી ફ્રી અને બચત પર કેશ બેક

- **લાડલી યોજના સંપૂર્ણ રીતે લાગુ કરવા અને સરકારી સ્કૂલ-કોલેજમાં વિદ્યાર્થીનીઓને નર્સરીથી પીએચડી સુધી મફત શિક્ષણ આપવાનો વાયદો**
- **એમ્સ જેવી બીજી પાંચ હોસ્પિટલ બનાવાશે**
- **૩૦૦ યુનિટ મફત વીજળીનું વચન અને ૭૫૦૦ સુધી બેકારી ભથ્થુ**
- **સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત**

ન્યુ દિલ્હી

કોંગ્રેસે દિલ્હી ચૂંટણી માટે પોતાનો મેનિફેસ્ટો જાહેર કરી દીધો છે. રવિવારે કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરાને જાહેર કરતા દિલ્હીવાસીઓને વચન આપ્યું છે કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો ૩૦૦ યુનિટ વીજળી મફત આપવામાં આવશે. સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત આપવામાં આવશે. તેમજ ૨૦ હજાર લિટરથી ઓછા પાણીના વપરાશ પર પ્રતિ લિટરે ૩૦ પૈસા કેશબેક આપવાનું વચન પણ કોંગ્રેસે આપ્યું છે. ચૂંટણી ઢંઢેરામાં કોંગ્રેસે જણાવ્યું છે કે, દિલ્હીમાં તે સત્તામાં આવે છે તો નેશનલ પોપ્યૂલેશન રજીસ્ટર (એનપીઆર) અને નેશનલ રજીસ્ટર ફોર સિટિઝન્સ (એનઆરસી) લાગુ નહીં કરવામાં આવે.

દિલ્હી પ્રદેશ અધ્યક્ષ સુભાષ ચોપરા, અજય માકન અને આનંદ શર્માએ કોંગ્રેસનો મેનિફેસ્ટ રજૂ કર્યો હતો. આ ઢંઢેરામાં ટ્રાન્જેન્ડર્સને શિલા પેન્શન યોજના હેઠળ મહિને રૂ. ૫,૦૦૦ ભથ્થું આપવાનું વચન અપાયું છે. કોંગ્રેસે દિલ્હી વિધાનસભા ચૂંટણીને 'આવી હશે આપણી દિલ્હી' ટેગલાઈન સાથે રજૂ કરી છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં કર્ણાટકની ઈન્દિરા કેન્ટિનની માફક ૧૦૦ ઈન્દિરા કેન્ટિન શરૂ કરવાનું પણ વચન છે. કોંગ્રેસે દિલ્હીની પ્રજાને વચન આપ્યું છે કે જે લોકોની નોકરી ગઈ છે તેમને સત્તામાં આવ્યા બાદ રૂ. ૫૦૦૦ સુધી છટણી વળતર અપાશે.

કોંગ્રેસે મેનિફેસ્ટોમાં મફત વીજળી, યુવા, શિક્ષણ તેમજ બેરોજગારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કોંગ્રેસે કહ્યું કે જો તે સત્તામાં આવે છે તો દિલ્હીમાં ૩૦૦ યુનિટ મફત વીજળી અપાશે. તેમજ ૩૦૦-૫૦૦ યુનિટ પર ૫૦ ટકા, ૪૦૦-૫૦૦ યુનિટ વપરાશ પર ૩૦ ટકા અને ૫૦૦-૬૦૦ યુનિટ વપરાશ પર ૨૫ ટકા છૂટ અપાશે.

દરમિયાન યુવાઓને લઈને યુવા સ્વાભિમાન યોજના લાગુ કરવાનું વચન કોંગ્રેસ ઢંઢેરામાં આપ્યું છે. કોંગ્રેસે ગ્રેજ્યુએટ યુવાનોને રૂ. ૫ હજાર તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટને રૂ. ૭ હજારનું બેરોજગારી ભથ્થું આપવાનો વાયદો કર્યો છે.

બીપીએલ પરિવારના એક સભ્યને સ્ટાર્ટઅપ માટે ૨૫ લાખ રૂપિયાનું ફંડ આપવાનું વચન કરાયું છે. આ ઉપરાંત દિલ્હીની સૌથી મોટી સમસ્યા પ્રદૂષણ હોવાથી કોંગ્રેસે જણાવ્યું છે કે તે સત્તામાં આવશે તો કુલ બજેટના ૨૫ ટકા રકમ પ્રદૂષણ નિયંત્રણ પાછળ ખર્ચ કરશે. તેમજ લોકપાલ બિલ લાવવા અને રિસર્ચ ફંડ સ્થાપવાનું વચન ચૂંટણી ઢંઢેરામાં આપ્યું છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

મોર્નિંગ વોક પર નીકળેલા બચ્ચનને બાઈક સવાર બદમાશોએ માથામાં ગોળી મારી

હિન્દુ મહાસભાના પ્રદેશ અધ્યક્ષ રંજીત બચ્ચનની ગોળી મારી હત્યા

અગાઉ હિન્દુ નેતા કમલેશ તિવારીની ઘરમાં ઘૂસીને હત્યા કરવામાં આવી હતી

લખનઉ

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉના હઝરતગંજ વિસ્તારમાં રવિવારે સવારે આંતરરાષ્ટ્રીય હિન્દુ મહાસભાના અધ્યક્ષ રંજીત બચ્ચનની ગોળી મારીને હત્યા કરી નાખવામાં આવી છે. રંજીત બચ્ચન મોર્નિંગ વોક પર નીકળ્યા હતા. આ દરમિયાન બાઈક સવાર બદમાશોએ તેમના માથામાં ગોળી મારી દીધી હતી. રંજીત બચ્ચનનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. સાથે જ પોલીસે હુમલાખોરોની તપાસ શરૂ કરી છે.

નોંધનીય છે કે રંજીત બચ્ચન હઝરતગંજના ઓસીઆર બિલ્ડિંગમાં રહેતા હતા. રંજીત બચ્ચન મૂળ ગોરખપુરના નિવાસી હતી. તેઓ સમાજવાદી પાર્ટીના સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરતા હતા. બાઇક સવાર બદમાશોએ માથામાં ગોળી મારીને તેમની હત્યા કરી નાખી હતી. જે બાદમાં ઘટનાસ્થળે પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ દોડી ગયા હતા.

ઘટના સવારે આશરે છ વાગ્યે બની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. રંજીત બચ્ચન તેમના મિત્ર આશિષ શ્રીવાસ્તવ સાથે મૉર્નિંગ વૉક પર નીકળ્યા હતા.

રણજીત બચ્ચન હત્યા કેસઃ ૪ પોલીસ કર્મચારી સસ્પેન્ડ

પોલીસના જણાવ્યા પ્રમાણે હિન્દુવાદી નેતાની હત્યા માટે બદમાશોએ મુંગરમાં બનેલી ૩૨ બોરની પિસ્ટલનો ઉપયોગ કર્યો હતો. ઘટના બાદ લખનઉ પોલીસ કમિશનર સુજીત પાંડેયએ ચાર પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દીધા છે. ચારેય સામે બેદરકારી બદલ કાર્યવાહી કરવામાં આવી છે.

જ્યારે તેઓ ગ્લોબ પાર્કથી નીકળ્યા ત્યારે જ બદમાશોએ તેમના માથામાં ગોળી મારી દીધી હતી. આ ઘટનામાં તેમના મિત્ર આશિષ ઘાયલ થયા છે, જેની સારવાર ટ્રોમા સેન્ટરમાં ચાલી રહી છે. હત્યાનું કારણ માલુમ પડ્યું નથી. પોલીસ હાલ તપાસ કરી રહી છે. નોંધનીય છે કે ગત વર્ષે હિન્દુ નેતા કમલેશ તિવારીની પણ ઘરમાં ઘૂસીને હત્યા કરવામાં આવી હતી. હવે રંજીત બચ્ચનના મોતથી અનેક સવાલ ઉભા થયા છે.

રણજિત બચ્ચન સમાજવાદી પાર્ટી સાથે પણ સંકળાયેલા હતા. તેઓ સપા માટે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજતા રહ્યા છે. તેમની હત્યા બાદ સપાએ રાજ્યની યોગી સરકાર પર પ્રહાર કર્યા છે. સમાજવાદી પાર્ટીએ ટ્વીટ કર્યું છે કે આ હત્યાને કારણે વ્યાપક દિવસોના પ્રકાશમાં સામાન્ય લોકોમાં ભય છે. ઉત્તર પ્રદેશમાં સરકાર અને પોલીસનો ઇકબાલ પુરો થઈ ગયો છે. સરકારે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ.

પાકિસ્તાન વડાપ્રધાન ઈમરાન ખાનનું નિવેદન

નાગરિકતા કાનૂનથી ભારતમાં ૫૦ કરોડ લોકોની નાગરિકતા ખત્મ થઈ જશે

ઈસ્લામાબાદ

એક તરફ પાકિસ્તાન દેવાળું ફૂંકવાના આરે છે. તેમ છતાં વડાપ્રધાન ઈમરાન ખાનને પોતાના દેશની ચિંતા કરવાને બદલે ભારતની ચિંતા કરી રહ્યા છે. ઈમરાન ખાને ભારતમાં લાગુ થયેલા નાગરિકતા સંશોધન કાયદા મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું કે કાયદો લાગુ થયા બાદ મોટી સંખ્યામાં લોકોની નાગરિકતા ખત્મ થઈ જશે. પાકિસ્તાનના મીડિયામાં પ્રકાશિત અહેવાલના જણાવ્યા મુજબ એક ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને કહ્યું કે ભારતમાં નાગરિકતા કાયદા બાદ એનઆરસી બનાવવામાં આવશે. અને આ સમગ્ર કાર્યવાહીમાં ૫૦ કરોડ લોકોની નાગરિકતા ખત્મ થઈ જશે.

ભારતમાં મોદી સરકાર લઘુમતિઓને દરકિનાર કરી મ્યાનમાર જેવી હિંસાની પરિસ્થિતિ સર્જી રહી છે. આ જ પ્રકારની કાર્યવાહી મ્યાનમારમાં કરવામાં આવી હતી. જ્યાં પહેલા મ્યાનમાર સરકારે નાગરિકોની નોંધણીનું કામ કર્યું. અને ત્યાર બાદ મુસ્લિમોને અલગ કરી તેનો સંહાર કર્યો. મારી આશંકા છે કે ભારત પણ આ જ દિશામાં આગળ વધી રહ્યું છે તેમ ઈમરાન ખાને જણાવ્યું.

સ્વ પ્રસિદ્ધિ માટે સરકારી ખજાનામાંથી ૫૦-૫૦ હજારના ચેક અપાયા

રૂપાણી સરકાર દ્વારા પત્રકારોનું હોર્સ ટ્રેડીંગ..? ૫૦-૫૦ હજારની પત્રકારોને ઓફિશિયલ લાંચ..!

● રાજકોટ કલેકટર દ્વારા અખબારના માલિકોને અંધારામાં રાખીને પત્રકારોનું હોર્સ ટ્રેડીંગ કરાયું....!!

● ૨૬મીની ઉજવણીની પ્રસિદ્ધિના સારા કવરેજ માટે અખબારના માલિકોની ઉપેક્ષા કરી પત્રકારોને નવાજ્યા....!!

● સનદી અધિકારીનો લુલ્લો બચાવ-દાન આપનાર દાતાના કહેવાથી ૮ પત્રકારો પસંદ કર્યા અને ૫૦-૫૦ હજાર આપ્યા....!!

રાજકોટ

સરકારી કાર્યક્રમ ૨૬મી જાન્યુઆરીના સારા કવરેજ માટે ૮ પત્રકારોને ૫૦-૫૦ હજારની લાંચ ચેક દ્વારા આપીને હું ભ્રષ્ટાચાર સામે અડધી પીચે ફટકાબાજી કરી રહ્યો છું એમ કહેનાર સીએમ વિજય રૂપાણી સરકારની ઈચ્છતના ધજાગરા કરનાર રાજકોટ કલેકટર રેમ્યા મોહને એવો બચાવ કર્યો કે ૨૬મી ની ઉજવણી માટે દાન આપનાર દાતા ના કહેવાથી ૮ છાપાંના પત્રકારોને ૫૦-૫૦ હજાર કાર્યક્રમના પ્રચાર પ્રસાર માટે આપવામાં આવ્યા છે. છાપાં ના માલિકો ને બદલે પત્રકારોના નામે કેમ ચેક આપવામાં આવ્યા તેનો કોઈ ખુલાસો તેઓ કરી શક્યા નહોતા. કલેકટર દ્વારા અખબાર ના માલિકો ને અંધારામાં રાખીને જે તે પત્રકારોના નામે ચેક રૂપે લાંચ આપીને હોર્સ ટ્રેડીંગનો ધંધો કરવામાં આવ્યો હોવાની છાપ ઉપસી રહી છે. કેમ કે અખબાર માં તેના માલિકો કે તંત્રી ની મંજુરી વગર પત્રકારો એક લીટી પણ લખી સકતા નથી. ૨૬મી ના સરકારી ઉજવણીના કવરેજ માટે રાજકોટ કલેકટરે પોતાની સહીથી ૮ પત્રકારોને ૫૦-૫૦ હજારના ચેક આપીને લાંચ આપી હોવાનો ધડાકો એક અખબારે કરીને રૂપાણી સરકાર ની પોલ ખોલી નાખી છે. નોંધનીય છે કે જે ૮ પત્રકારોને ચેક આપવામાં આવ્યા તેમાં ધડાકો કરનાર અખબાર દિવ્ય ભાસ્કર ના પત્રકાર નો પણ સમાવેશ થાય છે. ભારે હોબાળો અને સરકારની આબરૂના લીરેલીરા થયા બાદ કલેકટરે આજે તાબડતોડ પ્રેસ બોલાવીને ખુલાસો અને બચાવ કર્યો હતો. તેમને સવાલ કરાયો કે ૨૬મી ની ઉજવણી અંગેના સમાચારના સારા કવરેજ માટે જે તે અખબારનાં માલિકોને કેમ નાં કહ્યું અને પર્સનલ નામે ચેક કેમ અપાયા અને તે પણ ૮ જ અખબારના કેમ...? કેમ કે રાજકોટ થી તો ૧૬ અખબાર પ્રસિદ્ધ થાય છે. ત્યારે તેના જવાબમાં કલેકટરે પોતાની જવાબદારી વિરાજ એન્ટરપ્રાઈઝ નામના દાતા પર ઢોળીને કહ્યું કે આ દાતાએ અમને કહ્યું કે ઉજવણીના સમાચાર સારી રીતે આવે તે માટે જે તે પત્રકારો ને ૫૦-૫૦ હાજર તેમણે આપેલી દાન ની રકમ માંથી આપે. આ દાતાના કહેવાથી કલેકટરે ૮ પત્રકારો ને ૫૦-૫૦ હજાર આપ્યા.....! તેમને સવાલ કરાયો કે દાતાએ તેમને એમ કહ્યું હોત કે ઉજવણીની સારી કામગીરી બદલ દરેક સરકારી કર્મચારી ને એક-એક હજાર આપો, તો આપ્યા હોત...? જવાબમાં ભેદી મૌન....!! કલેકટરનું કહેવું હતું કે ઉજવણી ના સમાચાર સારી રીતે છાપવા માટે જો ખોટું જ કરવાનું હોત તો રકમ ચેકથી નાં આપત. જો કે ઉજવણીની મેટર સારી રીતે છપાય તે માટે અખબારના માલિકો કે તંત્રીઓ ને કેમ કહેવામાં નાં આવ્યું અને એટલી રકમ ની જાહેરાત આપી શકાઈ હોત કે ૧૬ અખબાર માંથી માત્ર ૮ જ અખબાર અને તેમના પત્રકાર ને વ્યક્તિગત રીતે કેમ પસંદ કરવામાં આવ્યા તે સવાલોના જવાબો તેઓ આપી શક્યા નહોતા.તેથી એક એવી છાપ પડી છે કે કલેકટર દ્વારા ખોટું કરવા માટે જ અખબારના માલિકોને અંધારામાં રાખીને બારોબાર પત્રકારો ને ખરીદવાનો એટલે કે હોર્સ ટ્રેડીંગ કરવામાં આવ્યો છે. મેટર સારી રીતે લેવા માટે માહિતી ખાતા નો કેમ ઉપયોગ નાં કરાયો તેવા સવાલના જવાબ માં એમ કહ્યું કે આ ઉજવણી લોક ભાગીદારીથી એટલે કે ઉઘરાણું કરીને અને તે રકમનું અલગ બેંક એકાઉન્ટ ખોલાવીને કરી છે. એટલે આ માહિતી ખાતાનું કામ નહોતું. તેથી માહિતી ખાતાને બાકાત રાખવામાં આવ્યું હતું....!! સુત્રોએ રાજકોટ કલેકટર ના ખુલાસા અને બચવ ના પગલે ઉભી થયેલી છાપ અંગે એમ કહ્યું કે કલેકટરે ઉજવણીના સમચાર પ્રસિદ્ધ માટે માલિકોની જાણી જોઈને ઉપેક્ષા કરી છે. સનદી અધિકારી હોવા છતાં દાતાના નામે જવાબદારી એમના પર નાખીને અખબારોમાં ભાગલા પાડવાની, વહાલા દવલા ની નીતિ અપનાવી છે.

૨૪૩ ઉમેદવારો કરોડપતિ,સૌથી વધુ આપના ઉમેદવારો ક્રિમિનલ રેકોર્ડવાળા

દિલ્હીની ચૂંટણીમાં ૧૬ ઉમેદવારો અભણ, ૧૩૩ ઉમેદવારો ગુનાહિત

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો પર ૬૭૨ ઉમેદવારો પોતાની કિસ્મત અજમાવવા મેદાને ઉતર્યા છે. દિલ્લી ઈલેક્શન વોચ દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટમાં ૧૩૩ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ૨૪૩ ઉમેદવારો કરોડપતિ છે. ૧૬ ઉમેદવારો સાવ અંગૂઠા છાપ છે.

૧૩૩ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેમા પણ ૧૦૪ તો એવા છે જેમના પર હત્યા, અપહરણ, બળાત્કાર અને મહિલાઓ પર અત્યાચાર જેવા કેસ દાખલ છે.

૬૭૨ ઉમેદવારોમાંથી ૨૪૩ ઉમેદવારો કરોડપતિ છે. જેમની આવક એક કરોડથી વધારે છે. ૧૦૫ ઉમેદવારોની સંપત્તિ ૫ કરોડથી વધારે છે. જ્યારે ૭૨ ઉમેદવારોની સંપત્તિ ૨ કરોડથી ૫ કરોડની વચ્ચે છે. કરોડપતિ ઉમેદવારોની સંખ્યામાં કોંગ્રેસના ઉમેદવાર સૌથી વધારે છે. આપ બીજા નંબર પર છે. અને ભાજપ ત્રીજા નંબર પર આવે છે.

તો રિપોર્ટમાં જણાવ્યું છે ૧૧૫ ઉમેદવારો એવા છે કે જેઓ ધોરણ પથી ૮ સુધી ભણેલા છે. જ્યારે ૧૬ ઉમેદવારો એવા છે જેઓ બિલકુલ ભણેલા નથી. ૨૯૮ ઉમેદવારો ગ્રેજ્યુટ સુધી ભણેલા છે

કોંગ્રેસે સૌથી વધુ મહિલાઓને ટિકિટ આપી છે. કોંગ્રેસે ૧૦ મહિલાઓને ટિકિટ આપી છે. છછઁએ ૯ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારી છે. તો વળી ભાજપે પણ ૬ મહિલા ઉમેદવારોને ટિકિટ આપી છે.

દર્દી ચીનથી આવ્યો,હોસ્પિટલમાં આઈસોલેશનમાં રખાયો

ભારતમાં હડકંપઃ કેરળમાં કોરોના વાયરસનો બીજો કેસ પોઝિટિવ

કોરોના વાયરસઃ ચીનમાં ૨૪ કલાકમાં ૪૫ લોકોના મોત, મૃતાંક ૩૦૦ને પાર

ચીનમાં ફેલાયેલા ઘાતક કોરોનાવાયરસની સંક્રમણથી અત્યાર સુધી મૃતકોની સંખ્યા ૩૦૪ થઈ ગઈ છે. જ્યારે ૧૪,૩૮૦ લોકો ચેપગ્રસ્ત હોવાની પુષ્ટિ થઈ છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે (એનએચસી) પોતાના દૈનિક રિપોર્ટમાં જણાવ્યું છે કે શનિવાર સુધી આ ઘાતક બીમારીથી ૩૦૪ લોકોનાં મોત થયા છે અને ૧૪,૩૮૦ લોકો આ વાયરસને કારણે ચેપગ્રસ્ત થયાની પુષ્ટિ થઈ છે. ચીનના એનએસસી અનુસાર તમામ લોકોનાં મોત હુબેઈ પ્રાંતમાં થયા છે. હુબેઈમાં ૨૪ કલાકમાં ૪૫ લોકોના મોત થયા છે. આયોગના કહેવા પ્રમાણે શનિવારે કોરોનાવાયરસના ૪૫૬૨ શકમંદ કેસ સામે આવ્યા હતા. તેમણે જણાવ્યું કે શનિવારે ૩૧૫ દર્દીઓ ગંભીર રીતે બીમાર થયા છે, જ્યારે ૮૫ લોકોના સ્વાસ્થ્યમાં સુધારો થયો હવાથી તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા કોરોના વાઇરસના કારણે વૈશ્વિક હેલ્થ ઇમરજન્સી જાહેર કરવામાં આવી છે.

કોચ્ચી

કેરળમાં બીજો કોરોના વાયરસનો કેસ નોંધાયો છે. આ કેસ નોંધાતાની સાથે કેરળમાં ચિંતા વધી છે. જેના કારણે ડૉક્ટરો વધારે સજાગ થયા છે. આ કેસ સ્થાનિકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આ દર્દી પણ ચીનથી જ આવ્યો છે.

કેરળમાં વધુ એક પોઝિટીવ કેસ નોંધાયો છે. દર્દી ચીનથી આવ્યો હતો. તેને હોસ્પિટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યો છે. તેની હાલત હાલમાં સ્થિર છે અને તેને સતત ઓબ્જર્વેશનમાં રાખવામાં આવ્યો છે. કેરળમાં આ બીજો કેસ નોંધાયો છે. જોકે આ દર્દી ક્યાંનો છે અને કેવી રીતે કે કોરા વાયરસનો શિકાર બન્યો તે જાણી નથી શકાયો.

કેરળમાં આ પહેલા પણ એક પોઝિટીવ કેસ સામે આવ્યો હતો. એટલે કે કેરળમાં બે પોઝિટીવ કેસ નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે તે અગાઉ નોંધાયેલા કેસમાં વિદ્યાર્થી ચીનનાં વુહાન વિશ્વવિદ્યાલયમાં તે અભ્યાસ કરી રહ્યો હતો. થોડાક દિવસ પહેલા જ તે કેરળ આવ્યો હતો. આ વિદ્યારથીની હાલત સ્થિર હતી. તે કડક સુરક્ષા વચ્ચે રાખવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગે આ વાતની ખરાઈ કરી હતી. રિપોર્ટ્સ પ્રમાણે કેરળમાં ૧૭૯૩ લોકોને હાલમાં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

આ સરકારે સુધારાની વાત કરતા હું રાજકારણમાં આવ્યોઃ એસ. જયશંકર

ન્યુ દિલ્હી

વિદેશ પ્રધાન ડો. જયશંકરે એક કાર્યક્રમને સંબોધન કરતાં કહ્યું હતું કે રાજકારણમાં મારી સંડોવણીનું એક કારણ એ છે કે મેં આ સરકાર સુધારણાની વાત કરતાં જોયા છે. પ્રથમ વખત, અમારી પાસે સરકાર છે જેના માટે સુધારણા એટલે પોષણ, છોકરીનું શિક્ષણ, મધ્યમ વર્ગ માટેની સેવાઓ. ત્યારે મને લાગ્યું કે મારે પણ સુધારવામાં ફાળો આપવો જોઈએ.

તેમણે કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં આ સરકાર હેઠળ અમે એક સિસ્ટમ વિકસાવી છે જેના દ્વારા વિશ્વના કોઈપણ સ્થાને, કોઈપણ મુશ્કેલીમાં હોય તો તેમની સંભાળ રાખે છે. અમે તેમના માટે ત્યાં તત્પર છીએ.

અમૃતસર જેલનાં વહીવટી તંત્રની બેદરકારીઃ ત્રણ કેદીઓ ફરાર

અમૃતસર

અમૃતસર જેલમાંથી ત્રણ કેદીઓ ફરાર થયા હોવાના સમાચાર સામે આવી રહી છે. કડક સુરક્ષા વચ્ચે મોડી રાત્રે ત્રણેય જેલમાંથી ફરાર થઈ ગયા હતા. કેદીઓનાં ફરાર થવાથી હંગામો થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, ફરાર કેદીઓમાં એક બળાત્કાર અને બે ચોરીનાં આરોપમાં જેલમાં બંધ હતા. અમૃતસર જેલમાં કડક સુરક્ષા બાદ કેદીઓનાં ફરાર થવાના કેસોમાં અધિકારી કઈ પણ કહેવાની ના પાડી રહ્યા છે. જેલનાં વહીવટી તંત્રને રવિવારે સવારે આ મામલાની જાણકારી મળી જ્યારે કેદીઓની ગણતરી કરવામાં આવી રહી હતી, જેમાં ત્રણ કેદીઓ ઓછા મળી આવ્યા હતા. આ પછી હંગામો થયો હતો. ત્યારબાદ કેદીઓની શોધખોળ શરૂ કરાઈ હતી. નાસી છૂટેલા કેદીઓની ઓળખ ગુરપ્રીતસિંહ, જરનૈલ સિંહ અને વિશાલ તરીકે થઈ છે. ગુરપ્રીત અને જરનૈલ ચોરીનાં કેસમાં બંધ હતા, જ્યારે વિશાલ પર બળાત્કારનો આરોપ લાગેલો છે. કહેવામાં આવી રહ્યું છે કે ત્રણેય જેલની દિવાલ તોડી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પ.બંગાળના નાણામંત્રીના મોદી સરકાર પર આકરા પ્રહારો

બજેટ બાદ દેશની અર્થવ્યવસ્થા વેંટિલેટર પર જતી રહીઃ અમિત મિત્રા

કોલકાત્તા

નાણાં મંત્રી નિર્મલા સીતારમને શનિવારે તેમનું બીજું બજેટ રજૂ કર્યું હતું. ઈનકમ ટેક્સ, શિક્ષણ, આરોગ્યને લઈને અનેક મોર્ચા પર નિર્મલા સીતારમને મોટી જાહેરાતો કરી હતી. સીતારમનના વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટને પગલે શેરબજારમાં ભયંકર નિરાશા છવાઈ ગઈ હતી. ત્યાંજ પશ્ચિમ બંગાળના નાણાં મંત્રી અમિત મિત્રાએ બજેટને પ્રજા વિરોધી ગણાવતા જણાવ્યું કે, દેશની અર્થવ્યવસ્થા પહેલા આઈસીયુમાંથી બજેટ બાદ તે વેંટિલેટર પર જતી રહી છે.

મિત્રાએ જણાવ્યું હતું કે, પહેલા ભારતની અર્થવ્યવસ્થા આઈસીયુમાં હતી પરંતુ બજેટની જાહેરાત ટીએમસ તરફથી જણાવું છું કે ભારતીય અર્થવ્યવસ્થા હવે વેંટિલેટર પર છે તેને શ્વાસ લેવામાં મુશ્કેલી થઈ રહી છે. મિત્રાએ સરકાર દ્વારા આરોગ્ય અને શિક્ષણ પર બજેટ ફાળવણીમાં ઘટાડો કરવાની પણ ટિકા કરી હતી.

નિર્મલા સીતારમનના બજેટમાં મધ્યમવર્ગ માટે આવક વેરાના બે વિકલ્પો જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ખેડૂતો માટે પણ અનેક મોટી જાહેરાતો કરવામાં આવી છે. કંપનીઓ માટે ડિવિડન્ટ ટેક્સ નાબૂદ કરવામાં આવ્યો છે. ત્યાંજ સરકારે એલઆસીમાં આઈપીઓ દ્વારા પોતાના હિસ્સો વેચાવાની પણ જાહેરાત કરી છે.

પાકિસ્તાનમાં હિન્દુ મંદિરમાં તોડફોડઃ પોલીસે ચાર આરોપીઓને પકડી છોડી મૂક્યા

ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં હિન્દુઓ પરના અત્યાચારો યથાવત છે પણ ભારતમાં સીએએનો વિરોધ કરનારા આ મુદ્દે એક પણ હરફ ઉચ્ચારવા તૈયાર નથી. હિન્દુઓ પરના જુલ્મની વધુ એક ઘટનામાં પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં થરપારકર જિલ્લામાં એક હિન્દુ મંદિરમાં તોડફોડ કરવામાં આવી હતી. જે બદલ ચાર સગીરની પોલીસે ધરપકડ કરી હતી. એ પછી તેમને મુક્ત કરી દેવાયા છે.

પોલીસનુ કહેવુ છે કે, તોડફોડની ફરિયાદ કરનારા પ્રેમ કુમારે જ સગીર વયના કિશોરોને છોડી દેવા માટે ફરિયાદ પાછી ખેંચી લીધી છે. આથી તેમને છોડી દેવાયા છે.

ફરિયાદ પ્રમાણે ૨૬ જાન્યુઆરીએ તોડફોડ કરાઈ હતી. મંદિરમાં રહેલી મૂર્તિઓને ચાર કિશોરોએ તોડી નાંખી હતી. આ તમામની વય ૧૨ થી ૧૫ વર્ષની છે. તેમના પર મંદીરની દાનપેટીમાંથી પૈસા ચોરવાનો આરોપ લાગ્યો હતો.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U™ ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

મહિલાને ગર્ભવતી થવાનો અધિકાર છે, તો ગર્ભપાત કરાવવાનો અધિકાર કેમ નથી?

કેન્દ્રિય મંત્રીમંડળે મેડિકલ ટર્મિનેસન ઓફ પ્રેગ્નેન્સી સુધારા બિલ ૨૦૨૦ને મંજુરી આપી દીધી છે. આની સાથે જ મેડિકલ ટર્મિનેસન ઓફ પ્રેગ્નેન્સી એક્ટ ૧૯૭૧માં સુધારા માટેનો રસ્તો સાફ થઈ ગયો છે. આ બિલને સંસદના આગામી સત્રમાં રજૂ કરવામાં આવનાર છે. તેમાં ગર્ભપાત કરાવવા માટેની મર્યાદાને ૨૦ સપ્તાહથી વધારીને ૨૪ સપ્તાહ કરી દેવામાં આવી છે. વર્ષોથી મહિલાઓ અને તબીબો દ્વારા આની માંગ કરવામાં આવી રહી છે. કોર્ટ દ્વારા પણ આના માટે અપીલ કરી હતી. તેની પાછળ દલીલ એ આપવામા આવી રહી હતી કે જો મહિલાને ગર્ભવતિ થવાનો અધિકાર છે, પોતાના શરીર પર તેનો અધિકાર છે તો ગર્ભપાત કરાવી દેવાનો અધિકાર કેમ નથી. બાળકને જન્મ આપવાની બાબત જ મહત્વપૂર્ણ હોતી નથી. બાળકોની કાળજી અને ઉછેર પણ મહત્વપૂર્ણ હોય છે. આ તમામ બાબતો પણ મહિલાઓ પર જ આધારિત હોય છે. આવી સ્થિતીમાં જો આલાંબી અને વર્ષો સુધી ચાલનાર જવાબદારીને પાળવાની સ્થિતીમાં મહિલા નથી તો તેને ગર્ભપાત કરાવી લેવાની મંજુરી મળવી જોઈએ. વર્તમાન કાનુનમાં કેટલાક પ્રકારની પરેશાની આવી રહી હતી. ખાસ કરીને સગીર દુષ્કર્મ પિડિતાના મામલામાં સમસ્યા આવી રહી હતી. કેટલાક મામલામાં તો ગર્ભધારણની માહિતી જ ૨૦ સપ્તાહમાં મળે છે. ત્યારબાદ વર્તમાન કાયદામાં ગર્ભપાત કરવાની કોઈ જોગવાઈ રહેલી નથી. આવી સ્થિતીમાં સગીરાને બાળકને જન્મ આપવાની ફરજ પડી રહી હતી. એટલુ જ નહીં બલ્કે કેટલીક વખત કાનુની કાર્યવાહી અને કોર્ટ પાસેથી મંજુરી લેવામાં ખુબ સમય લાગી જાય છે. આના કારણે પણ કેટલીક રેપ પિડિતા તેમજ પોક્સો વિક્ટિમ પોતાના ગર્ભપાત કરાવી શકતી નથી. કાનુની અડચણના કારણે એવી મહિલાઓના ગર્ભપાત થઈ શક્યા ન હતા જે બાળકને કોઈ વિકૃતિની સ્થિતીમાં જન્મ આપવા માટે આશંકા હતી. એક અંદાજ છે કે દેશમાં દર વર્ષે આશરે બે કરોડ ૭૦ લાખ બાળકો જન્મ લે છે જે પૈકી ૧૭ લાખ બાળકો જન્મજાત ખામીની સાથે જન્મ લેતા હોય છે. તબીબોનુ કહેવુ છે કે ગ્રામીણ વિસ્તારોમાં મામલા મોડેથી સામે આવે છે જેથી ૨૦ સપ્તાહમાં ગર્ભપાત કરાવી લેવાની બાબત શક્ય હોતી નથી. ૨૦ સપ્તાહની મર્યાદાના કારણે જ કેટલીક જગ્યાએ ગેરકાનુની તરીકાથી બિનસુરક્ષિત રીતે ગર્ભપાત કરાવી રહ્યા હતા. દેશમાં કુલ માતૃ મૃત્યુદરનો જે આંકડો રહેલો છે તેમાં આઠ ટકા મોત તો અસુરક્ષિત રીતે થનાર ગર્ભપાતના કારણે થાય છે. હકીકતમાં જાતિ પરીક્ષણ પર પ્રતિબંધના કારણે સારા તબીબો ગર્ભપાત કરવામાં ખચકાટ અનુભવ કરે છે. જેથી કેટલીક વખત આ કામ અન્યો પાસેથી કરાવી લેવામાં આવે છે. આતમામ સમસ્યાઓના કારણે ગર્ભપાતની મર્યાદા વધારી દેવાની બાબત જરૂરી બની ગઈ હતી. કેટલાક નિષ્ણાંતો કહે છે કે આ કાનુનને સારી રીતે અમલી કરવામાં આવે તે જરૂરી છે. કેટલાકે સલાહ આપી છે કે ૨૪ સપ્તાહના ગર્ભપાતની સાથે મહિલાઓને મફતમાં સઘન તબીબી સુવિધા પણ આપવામાં આવે તે જરૂરી છે. જો કે આમાં કોઈ બે મત નથી કે આ બિલ કાનુનના સ્વરૂપમાં આવી ગયા બાદ મહિલાઓના શરીર પર તેમના અધિકારને વધુ સારી રીતે અમલી કરી શકાશે.

લાંબા સમયથી મહિલા ગર્ભપાત કરાવવા મર્યાદા વધારવાની માંગણી કરી રહી હતી

કેટલાક સર્વે કરવામાં આવ્યા બાદ તારણ

બેસ્ટ સેક્સ માટે વય શુ છે



બેસ્ટ સેક્સ માટેની વય શું છે તેને લઈને ઘણા બધા અભ્યાસ અને સર્વે થઈ ચુક્યા છે. પરંતુ હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસક્રમમાં જાણવા મળ્યુ છે કે ૨૮ વર્ષની વયમાં મહિલાઓ બેસ્ટ સેક્સ એન્જોય કરે છે. પરંતુ પુરૂષો ૩૩ વર્ષની વય સુધી બેસ્ટ સેક્સ અનુભવ કરતા નથી. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે મહિલાઓ ૨૫ વર્ષની વયમાં મોટાભાગે સેક્સ માણી ચુકી હોય છે. જ્યારે આ મહિલાઓ તેની વર્જીનીટી ૧૭ની વર્ષની વયે ગુમાવે છે. બ્રિટનના જાણિતા અખબાર સને નવા અહેવાલને ટાંકીને જણાવ્યું છે કે પુરૂષો સેરરાશ ૧૮ વર્ષની વયે વર્જીનીટી ગુમાવે છે. પુરૂષો ૨૯ વર્ષની વયે સક્રીય વધારે રહે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બેસ્ટ સેક્સ માટેની વયના સંબંધમાં પુછવામાં આવતા ૧૨૮૧ પુરૂષો પૈકીના ૪૦ ટકા પુરૂષોએ કહ્યું હતું કે તેઓએ ૪૬ વર્ષની વયમાં પણ બેસ્ટ સેક્સની મજા માણી છે. પરીણામ અગાઉના તારણો કરતા વિરોધાભાષી છે. અગાઉના અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે પુરૂષો ૧૮ વર્ષની વયે જ્યારે મહિલાઓ ૩૦ વર્ષની વયે બેસ્ટ સેક્સ એન્જોય કરે છે. ઓનલાઈન સેક્સ ટોય રીટેલર દ્વારા કરવામાં આવેલા સર્વેમાં અગાઉ આ મુજબની વાત કરવામાં આવી હતી. અગાઉ કરતા નવા અભ્યાસમાં બિલકુલ જુદી વાત કરવામાં આવી છે.

બંને દેશોને એકબીજાની જરૂર : ટ્રમ્પ યાત્રા ફાયદાકારક રહેશે

ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ ભારત યાત્રા

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની પ્રથમ પરંતુ અનેક રીતે ઐતિહાસિક ભારત યાત્રા પર હવે આવી રહ્યા છે. તેમની ભારત યાત્રાને લઈને દુનિયાના દેશો પહેલાથી જ આ સુચિત યાત્રા પર ધ્યાન કેન્દ્રિત કરી ચુક્યા છે. ભારત અને અમેરિકા બંનેને હાલમાં વર્તમાન સંજોગોમાં એકબીજાની જરૂર દેખાઈ રહી છે. રાજકીય ટોપ સુત્રોના વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ટ્રમ્પ ૨૪મી અને ૨૬મી ફેબ્રુઆરીના દિવસે ભારતની યાત્રા પર આવી શકે છે. તેમની ઐતિહાસિક ભારત યાત્રા પહેલા કેટલાક જુદા જુદા આયોજન કરવામાં આવી રહ્યા છે. તેમના આગમન પહેલા ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં અમેરિકાના વેપાર પ્રતિનિધી રોબ્રટ લાઈટહાઈજર ભારત પહોંચનાર છે. તેઓ કેન્દ્રિય વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલની સાથે વાતચીત કરનાર છે. તેમની સાથે મળીને ૧૦ અબજ ડોલરની એક મહાકાય મેગા ડીલ પર તમામ રૂપરેખા તૈયાર કરવામાં આવનાર છે. જેના પર ટ્રમ્પની ભારત યાત્રા દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવે તેવી શક્યતા છે. એવી આશા રાખી શકાય છે કે ભારતીય બજારો સુધી અમેરિકી કંપનીઓની પહોંચને આના કારણે નજીક સુધી પહોંચવામાં તક મળશે. બંને દેશોના કારોબારીઓ અને કંપનીઓને આના કારણે ફાયદો થનાર છે. આના કારણે ગયા વર્ષે ગરમીમાં પરત લેવામાં આવેલા ભારતના વેપાર લાભ બહાલ કરવામાં આવી શકે છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે ટ્રમ્પ એક લાંબી અવધિના વેપાર સમજુતી પર પણ વાતચીત કરનાર છે. જેમાં મુક્ત વેપાર સમજુતી સામેલ હોઈ શકે છે. સાથે સાથે સંરક્ષણ સંબંધિત કેટલીક ડીલ થાય તેમ પણ માનવામાં આવે છે. ટ્રમ્પ અને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ચીન,



અમેરિકી પ્રમુખની ભારત યાત્રા પહેલા અમેરિકી વેપાર પ્રતિનિધી ભારત આવશે જે દરમિયાન ૧૦ અબજ ડોલરની ડીલની રૂપરેખા તૈયાર કરાશે

અફઘાનિસ્તાન, ઈરાન, તેમજ પાકિસ્તાનના મામલે ચર્ચા કરવામાં આવનાર છે. આ બાબત પણ શક્ય દેખાઈ રહી છેકે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ ભારતના પ્રવાસ દરમિયાન ગુજરાતના અમદાવાદમાં ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જે રીતે હોસ્ટનમાં આયોજિત કાર્યક્રમમાં હાઉડી મોદી જેવા કાર્યક્રમને સંબોધન કરી શકે છે. હાઉદી મોદી કાર્યક્રમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં ભારતીય અને અમેરિકી લોકોએ ભાગ લઈને તેને સફળ બનાવી દેવામાં ભૂમિકા અદા કરી હતી.ટ્રમ્પ સારી રીતે જાણે છે કે પ્રવાસી ભારતીય સમુદાય અમેરિકામાં મજબુત અને મહત્વપૂર્ણ વોટ બેંક તરીકે છે. તેમની ભારત યાત્રાનો એક ઉદેશ્ય આ વોટ બેંકને આકર્ષિત કરવાનો પણ હોઈ શકે છે. જેથી તેઓ અમદાવાદમાં આવવા માટે ઈચ્છુક દેખાઈ રહ્યા છે. હકીકતમાં આ યાત્રા બંને દેશો માટે ખુબ ઉપયોગી સાબિત થનાર છે.

આના કારણે ભારતને પમ રાજદ્વારી અને આર્થિક મોરચના પર રાહત મળનાર છે. હાલમાં ભારત સરકારને સીએએ, એનઆરસી તેમજ કાશ્મીરને લઈને આંતરરાષ્ટ્રીય સ્તર પર ટિકાનો સામનો કરવાની ફરજ પડી રહી છે. ૨૪મી ફેબ્રુઆરીથી ૩૦મી માર્ચ સુધી જીનેવામાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગની બેઠક મળનાર છે. જેમાં પાકિસ્તાન ભારતને ઘેરવા માટે ઈચ્છુક છે. ટ્રમ્પની ભારત યાત્રાથી એવો સંદેશ જશે કે ભારતની આ નીતિઓને અમેરિકાનો ટેકો છે. બીજી તરફ ભારત ૨૦૦૯ બાદથી હાલમાં સૌથી ધીમી વિકાસ ગતિનો સામનો કરી રહ્યો છે. વિદેશી રોકાણકારો હાલમાં ભારતને લઈને સાવધાન થઈ ગયા છે. હાલના દિવસોમાં જ અમેરિકી અબજોપતિ જોર્જ સોરોસે દાવો કર્યો હતો કે ભારતની ગતિ હાલમાં ધીમી પડી રહી છે. સોરોસે દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં દુનિયાભરના રોકાણકારો વચ્ચે ભારતની ટિકા કરી હતી. જેથી રોકાણકારોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. આવી સ્થિતીમાં ટ્રમ્પની ભારત યાત્રાથી આના કારણે ફાયદો થનાર છે. રોકાણકારોના વિશ્વાસને હાંસલ કરવામાં આનાથી મદદ મળનાર છે. અમદાવાદમાં તો ટ્રમ્પની ભારત યાત્રાને લઈને તૈયારી પણ શરૂ કરવામાં આવી છે. આના ભાગરૂપે બેઠકો પણ થઈ રહી છે.

ફ્યુચર ટ્રેન્ડ : તો જ ભવિષ્યમાં જોબ માટે યુવા તૈયાર કરી શકાશે

દરેક જોબ ટેકનોલોજી જોબ બનશે

દરેક યુવાના મનમાં હાલમાં એક સવાલ છે કે ક્યા સેક્ટરમાં સૌથી વધારે જોબ ભવિષ્યમાં રહેનાર છે. આ સવાલના જવાબમાં નિષ્ણાંતો કહે છે કે આવનાર દશકમાં દરેક જોબમાં ટેકનોલોજી મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર છે. જેથી ટેકનોલોજી પર આધારિત તમામ બાબતોને વહેલી તકે જાણવા માટેની તમામ માટે જરૂર છે. આવી સ્થિતીમાં ગળા કાપ સ્પર્ધાના સમયમાં કેરિયરમાં ટકી રહેવા માટે આપને સ્કિલ્સ પર અથવા તો કુશળતા વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર દેખાઈ રહી છે. ભવિષ્યમાં દરેક જોબ ટેકનોલોજી જોબ બનનાર છે. ફ્યુચર ટ્રેન્ડના સંબંધમાં કંપનીઓને સલાહ આપનાર થોમસ ફ્રે કહે છે કે આવનાર સમયમાં દરેક જોબમાં ટેકનોલોજીની સૌથી મોટી ભૂમિકા રહેનાર છે. આમાનવી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની લડાઈ રહેનાર નથી. બલ્કે મશીનોની સાથે કામ કરવાની કલા તરીકે રહેનાર છે. ભવિષ્યમાં ઓટોમેશનના કારણે કેટલાક જોબ ખતમ થઈ જશે. આવી સ્થિતીમાં લોકોને કેરિયરમાં ટકી રહેવા માટે સ્કીલ્સને મજબુત કરવાની જરૂર દેખાઈ રહી છે. હાલમાં બ્લોકચેન, ક્રિપ્ટોકરેન્સી, રોબોટિક્સ અને ઓટોનોમસ વ્હીકલ્સ ઉભરતી ટેકનોલોજી તરીકે છે. આવનાર સમયમાં આ ટેકનોલોજી મુખ્ય પ્રવાહની ટેકનોલોજી બની જનાર છે. ભવિષ્યમાં એવા લોકોની પણ ખુબ જરૂર પડનાર છે જે એપ્સને ડિઝાઈન કરી શકે છે. ડેટાના મુલ્યાંકન અને સ્ટ્રકચર તૈયાર કરનાર લોકોને પણ ખુબ મહત્વ મળનાર છે. ખાસ એનાલિસ્ટ, ડિઝાઈનર તેમજ એન્જિનિયર્સની પણ જરૂર પડનાર છે. ભવિષ્યમાં કેવા પ્રકારની ટેકનોલોજી જોબની જરૂર રહેશે તેની વાત કરવામાં આવે તો કેટલાક જોબ સપાટી પર આવે છે. જેમાં એક સાઈબર સિક્યોરિટી એક્સપર્ટસની બાબત પણ છે. ભવિષ્યમાં દુનિયા વર્તમાન કરતા વધારે કનેક્ટેડ થઈ જશે. પર્સનલ ડિવાઈસ, મશીન્સ, એપ્લાયન્સ, ઓટો મોબાઈલ



ક્યાં સેક્ટરમાં સૌથી વધારે જોબ રહેશે તે અંગે સવાલ કરનાર યુવાનોને ટેકનોલોજી-સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની તાકીદની જરૂર

સહિતની દરેક ચીજો ઈન્ટરનેટ સાથે જોડાયેલી રહેનાર છે. આના કારણે સાયબર અપરાધની સંખ્યામાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં એવા કુશળ લોકો માટે જોબ વ્યાપક પ્રમાણમાં રહેનાર છે જે સંભવિત ખતરા અંગે માહિતી મેળવીને તેમના ઉકેલ શોધી કાઢવામાં એક્સપર્ટ રહી શકે છે. ઈલેક્ટ્રિસિટી ગ્રિડ, વોટર સપ્લાય સિસ્ટમ, ટ્રાફિક લાઈટ્સ પારસ્પરિક રીતે જોડાયેલા રહેશે. કોઈ નાનકડી ટેકનિકલી રીતે ચેડા કરવાની સ્થિતીમાં શહેરી જીવન અસ્તવ્યસ્ત થઈ જશે. દેશમાં હજારો સિક્યુરિટી એક્સપર્ટસની જરૂર રહેશે. આ એક્સપર્ટ એવી સિસ્ટમ વિકસિત કરનાર છે જે ખતરાને ધ્યાનમાં રાખશે. સાથે સાથે અટેકને રોકવામાં મદદરૂપ થનાર છે. હાલમાં તો સાયબર અટેક કોમ્પ્યુટર્સ અને વેબસાઈટ્સ પર જ થઈ રહ્યા છે. ભવિષ્યમાં કનેક્ટેડ ડિવાઈસેસ પણ ખતરામાં પડી શકે છે. સાયબર સિક્યુરિટી એક્સપર્ટસની જેમ જ ભવિષ્યમાં ડેટા ડ્રાઈવર્ની બોલબાલા રહેશે. આવનાર સમયમાં સોલ્યુશન આધારિત આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ સામાન્ય બાબત રહેશે. આવા લોકોની મોટા પાયે દેશને અને કંપનીઓને જરૂર રહેશે જે એઆઈથી જનરેટ થનાર ડેટાને મેનેજ કરી શકે. જેમ જેમ માનવી મશીન ઈન્ટરફેસ અને એઆઈના અનુપ્રયોગ વધનાર છે તેમ તેમ ડેટા ટેગિંગ, ક્લીનિંગ, લેબલિંગ પર કામ કરનાર લોકોની માંગ વધનાર છે. ડેટાને એનાલીસીસ કરનાર ડિઝાઈનિંગ સિસ્ટમની જરૂર રહી શકે છે. વર્ષ ૨૦૩૦ સુધી ૫૦૦ અબજ ડિવાઈસ ઈન્ટરનેટ સાથે કનેક્ટડ થઈ જશે. આનાથી મળનાર ડેટાનુ મુલ્યાંકન કરીને બિઝનેસ સાથે જોડાયેલા નિર્ણય લેવા માટે વૈજ્ઞાનિકોની જરૂર પડનાર છે. જેના કારણે સેન્સર્સ ડિઝાઈન કરનાર લોકોની માંગમાં વધારો થનાર છે. દરેક જગ્યાએ ટેકનોલોજી રહેનાર છે. તેની બોલબાલા રહેશે. ભવિષ્યમાં પણ વકીલ અને તબીબો રહેશે પરંતુ આજોબ ટેક જોબ્સની સાથે મર્જ થઈ જનાર છે. એચઆર જેવા રોલ્સ વર્તમાનમાં નોન ટેકનિકલ છે. ભવિષ્યમાં તે ટેક જોબમાં ફેરવાઈ જશે. ઓફિસમાં રોબોટિક્સ પ્રોસેસ, ઓટોમેશન અને બોટ્સ નજરે પડનાર છે. આપની પાસે દરેક પ્રકારના સ્પેશિયલ પ્રોડક્ટસ રહેનાર છે. હાલમાં અમે સામાન્ય શુઝ ખરીદીએ છીએ પરંતુ ભવિષ્યમાં આપની પાસે સ્માર્ટ ગોલ્ફ શુઝ અને ઈન્જરી મેનેજ કરનાર શુઝ રહેનાર છે. દરેક ક્ષેત્રમાં સ્પેસિફિક ટેકનોલોજીના લોકો રહેનાર છે. હાલમાં અમારી યુનિવર્સિટીમાં ચોક્કસ સ્કિલ્સ શિખવાડવામાં આવે છે. જેમાં કેટલીક બેઝિક ટેક સ્કિલ્સ હોય છે. આ ટ્રેન્ડને બદલવાની જરૂર દેખાઈ રહી છે. જો આવુ થશે તો જ ભવિષ્યની જોબ માટે યુવા તૈયાર કરી શકાશે.

સ્પેસ પ્રોગ્રામની પ્રાઈવેટ સેક્ટર પર નજર છે...

સ્પેસ ટેક જોબનો ક્રેઝ વધશે



ભવિષ્યમાં સ્પેસ ટેક જોબની બોલબાલા દેખાશે. ભારતના અંતરિક્ષ કાર્યક્રમે હાલમાં ખાનગી સેક્ટર પર નજર કેન્દ્રિત કરી દીધી છે. ભારત ઈચ્છે છે કે તેના સ્પેસ પોટર્સથી રોકેટ લોચ કરવા અને સેટેલાઈટ બનાવવા માટે પ્રાઈવેટ સેક્ટર આગળ આવે. ઈસરો આગામી બે વર્ષમાં પોતાની પ્રથમ માનવી સ્પેસ ફ્લાઈટની પણ યોજના બનાવવામાં વ્યસ્ત છે. કોમ્યુનિકેશન અને રિમોટ સેન્સિંગ સેટેલાઈટ બનાવવા અને લોંચ કરવા માટે ભારત પ્રાઈવેટ સેક્ટર અથવા તો ખાનગી સેક્ટર પર સંપૂર્ણ પણે આધારિત થનાર છે. ભારત નાના નાના સેટેલાઈટના નિર્માણ માટે વિશ્વના હબ બનવાની દિશામાં છે. આ દિશામાં ઉલ્લેખનીય કામ કરવામાં આવી રહ્યુ છે. ભારત નાના નાના સેટેલાઈટ નિર્માણ માટે હબ બનવાની સાથે સાથે આ સેટેલાઈટ લોંચ કરવા માટેના પણ હબ બનવાની ઈચ્છા ધરાવે છે. આ દિશામાં ઈસરોએ ઉલ્લેખનીય સફળતા મેળવી પણ લીધી છે. વિતેલા વર્ષોમાં અમેરિકા સહિતના તમામ દેશોના સેટેલાઈટ ભારતે સફળતાપૂર્વક લોંચ કર્યા છે. એલન મસ્કની કંપની સ્પેસ એક્સે લોકોની સ્પેસના સંબંધમાં વિચારવા માટેની તાકાતને બદલી નાંખી છે. સ્પેસ ટુરિઝમ ટેક, એક્સપર્ટસની એક ઈન્ડસ્ટ્રીઝ તૈયાર કરવામાં આવનાર છે. મિશન પ્લાનિંગ, લોંચ મેનેજમેન્ટ તથા એક્સપિરિયન્સ ડિઝાઈન માટે ટેકનોલોજી એક્સપર્ટસની જરૂર પડનાર છે. સ્પેસ ટેક જોબ માટે કેટલાક ક્ષેત્રોમાં નવી નવી પહેલ થઈ રહી છે. દુનિયાના દેશો સ્પેશના ક્ષેત્રમાં એકબીજાથી અગળ નિકળવા માટે સ્પર્ધામાં છે. ભારતના ઈસરોએ તેની એક પછી એક સિદ્ધીએ ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી છે. આજે દુનિયાની સર્વશ્રેષ્ઠ સ્પેસ સંસ્થાઓ પૈકી એક તરીકે તેની નોંધ લેવામાં આવે છે. અમેરિકા અને રશિયા સહિતના દેશો પણ ઈસરોની કામગીરીને લઈને પ્રભાવિત છે. સ્પેસ પ્રોગ્રામ પ્રાઈવેટ સેક્ટર પર નજર રાખે છે. ઈસરો પોતે પણ આગળ વધવા માટે તેની ટીમને વધારે કુશળ બનાવવા માટે ઈચ્છુક છે. સાથે સાથે તો પણ યુવાનોની નવી ટીમને તૈયાર કરનાર છે. સ્પેસ ટેક જોબમાં આગળ વધનાર ભવિષ્યમાં સારી આવક મેળવી શકશે.

ફિલ્મી ગપસપ...

ફિલ્મ 'જવાની જાનેમન' રિલિઝના બીજા દિવસે જ ઓનલાઈન લીક



મુંબઈ

સૈફ અલી ખાનની ફિલ્મ 'જવાની જાનેમન'એ પહેલાં દિવસે ૩.૨૪ કરોડની કમાણી કરી છે. ૩૧ જાન્યુઆરીએ રિલીઝ થયેલી 'જવાની જાનેમન' સાથે હિમેશ રેશમિયાની 'હેપ્પી હાર્ડી એન્ડ હીર' તથા 'ગુલ મકઈ' રિલીઝ થઈ છે. સૈફની આ ફિલ્મ રિલીઝના બીજા જ દિવસે લીક થઈ છે.

સૈફ અલી ખાનની 'જવાની જાનેમન' રિલીઝના એક દિવસ બાદ ઓનલાઈન લીક થઈ છે. તમિલરોકર્સ પર આ ફિલ્મની એચડી પ્રિન્ટ લીક કરવામાં આવી છે. માનવામાં આવે છે કે ફિલ્મ ઓનલાઈન લીક થતાં તેની સીધી અસર બોક્સ ઓફિસ કલેક્શન પર પડશે.

દીપિકા પાદુકોણ-કોહલી મેન વર્સેસ વાઈલ્ડ શોમાં જોવા મળશે..!!

મુંબઈ

બેયર ગ્રિલ્સનો શો મેન વર્સેસ વાઈલ્ડ દુનિયાભરમાં લોકપ્રિય છે. છેલ્લા ઘણા વર્ષોમાં જાણીતી હસ્તીઓ આ શો પર આવી ચૂકી છે. ભારતના પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીના આ શો પર આવ્યા બાદ લોકોને રસ વધ્યો છે. પીએમ મોદી બાદ સાઉથના સુપરસ્ટાર રજનીકાંત ફિલ્મી દુનિયામાંથી આવનાર પ્રથમ સેલિબ્રિટી બન્યા છે.

હાલમાં જ અક્ષય કુમારના આ શોમાં આવવાના રિપોર્ટ્સને લઈને ચાહકો ઉત્સાહીત છે. તે શૂટિંગ માટે પણ પહોંચી ગયા છે. હવે



રિપોર્ટ્સ આવ્યા છે કે બોલીવૂડ એક્ટ્રેસ દીપિકા પાદૂકોણ અને ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી આ યાદીમાં સામેલ થવાના છે. રિપોર્ટ્સ મુજબ, બીજો અને ત્રીજો એપિસોડ આ બંને સાથે શૂટ કરવામાં આવશે. આશા છે કે ઘણા જાણીતા ચહેરાઓ આ શોમાં જોવા મળશે.

ચાહકો રજનીકાંતના એપિસોડની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. રજનીકાંતે ટ્વિટ કરી જાણકારી આપી હતી કે બેયર ગ્રિલ્સના શોનો ભાગ બનશે. રજનીકાંતે ક્યારેય ન ભૂલાય તેવા અનુભવ માટે બેયર ગ્રિલ્સનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે મેન વર્સેસ વાઈલ્ડ એક સર્વાઈવલ ટીવી સિરીઝ છે. આ શો દુનિયાભરમાં ખૂબ જ લોકપ્રિય છે.

કંગના પર બાયોપિક બનાવવામાં મને કોઈ વાંધો નથી: અશ્વિની અય્યર તિવારી

બોક્સ ઓફિસ પર તાજેતરમાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'પંગા' ના ડિરેક્ટર અશ્વિની અય્યર તિવારીનું કહેવું છે કે કંગના રનૌત પર બાયોપિક બનાવવામાં તેમને કોઈ પરેશની નહીં થાય.

અશ્વિનીએ 'પંગા' ની સફળતા પર આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, 'જો તે મને આમ કરવા દેશે તો મને કંગના રાનૌત પર બાયોપિક બનાવવામાં કોઈ પરેશની નથી, પણ મને લાગે છે કે તેની સફર હવે ઘણી લાંબી છે, ઘણી વસ્તુઓ તેમના માર્ગ પર આવી રહી છે. તેમને લગ્ન કરવા દો, પછી તેમની બાયોપિક બનાવવાનો વિચાર કરો. 'થલાઈવી' માં અભિનય કર્યા પછી કંગનાનું મન પણ તેની બાયોપિકનો વિચાર આવ્યો.



ટાઈગરને ડેટ નહિ ઈમ્પ્રેસ કરવા માંગુ છુ: દિશા પટની

મુંબઈ

અભિનેત્રી દિશા પટાની અને ટાઈગર શ્રોફનાં સંબંધોને લઈને ઘણી ખબરો સામે આવતા હોય છે ત્યારે પહેલીવાર દિશાએ પોતાના રિલેશન પર ખુલાસો કર્યો છે. પોતાની આગામી ફિલ્મનાં પ્રમોશનમાં વ્યસ્ત દિશાએ ટાઈગર શ્રોફ સાથે ડેટિંગનાં સવાલ પર ખુલીને વાત કરી હતી.

બોલિવૂડ સ્ટાર દિશા પટાની અને ટાઈગર શ્રોફ વચ્ચે લાંબા સમયથી ડેટિંગની ખબરો આવતી હતી. બંને ઘણી વાર એક સાથે કેમેરામાં કેદ પણ થયા છે. જોકે આ કપલે ક્યારેય પોતાના સંબંધોને લઈને ખુલીને કોઈ વાત કરી નથી. પરંતુ હવે દિશા પાટનીએ મૌન તોડ્યું છે. દિશાએ કહ્યું હતું કે તે ટાઈગરને ડેટ નથી કરી રહી પરંતુ તે ટાઈગરને ઈમ્પ્રેસ કરવા માંગે છે. દિશાને સવાલ કરવામાં આવ્યો કે શું તે ટાઈગરને ડેટ કરી રહી છે? તેના પર દિશાએ જવાબ આપતાં કહ્યું કે હું ઘણા વર્ષથી પ્રયત્ન કરી રહી છું. પરંતુ આઈડિયા કામ નથી કરી રહ્યો. જેબાદ આદિત્યએ કોમેન્ટ કરતા કહ્યું કે શું તે ખરેખર ટાઈગર માતાએ મહેનત કરી રહી છે? તો દિશાએ જવાબ આપ્યો કે હા તેના માટે કંઈ સારા આઈડિયા આપો. દિશાએ ટાઈગર સાથેનાં રિલેશન પર કહ્યું કે ટાઈગર ખુબ ધીમી ગતિનાં વ્યક્તિત્વ ધરાવતાં વ્યક્તિ છે. તે મારી ભાવનાઓ ક્યારેય સમજી જ ન શક્યા.

આઈફા એવોર્ડ-૨૦૨૦ ઈન્દોરમાં યોજાશે: સલમાન ઔપચારિક જાહેરાત કરશે

ઈન્દોર

આઈફા એવોર્ડ ૨૦૨૦નું આયોજન મધ્યપ્રદેશના ભોપાલમાં અને ઈન્દોરમાં થવાનું છે. જેની ઔપચારિક જાણકારી અભિનેતા સલમાન ખાન ૩ ફેબ્રુઆરીએ આપશે. એક ખાનગી રિપોર્ટ અનુસાર, સલમાન ખાન મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન કલમનાથ સાથે એક પ્રેસ કૉન્ફરન્સ કરશે, ત્યારે અભિનેતા સાથે કેટરીના કેફ અને દીપિકા પાદુકોણ હાજર રહેશે. આઈફા એવોર્ડ ૨૦૨૦નું આયોજન ૨૭થી ૨૯ માર્ચ વચ્ચે ભોપાલ અને ઈન્દોરમાં કરવામાં



આવશે. મળતી માહિતી પ્રમાણે, ૧ ફેબ્રુઆરીએ મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન કલમનાથ સાથે સલમાન ખાને આઈફા એવોર્ડને લઈને ચર્ચા કરી કરશે. આઈફા એવોર્ડમાં ૪૦૦થી વધુ કલાકારો સહિત ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ૫ હજારથી વધુ લોકો હાજર રહેશે. જેથી કાર્યક્રમના આયોજન માટે નેહરૂ સ્ટેડિયમ નક્કી કરાયું હોવાનુ શક્યતાં છે. આયોજક કંપની વિઝાકાફ્ટને હોલકર સ્ટેડિયમ અને ડેલી કૉલેજની લોકસંસ્થાની પણ મુલાકાત લીધી છે.

કોરોના વાયરસ પર અરશદ વારસીએ મજાક કરતાં લોકોએ ટ્રોલ કર્યા

મુંબઈ

ચીનમાં આ દિવસોમાં કોરોના વાયરસને લઈ હાહાકાર છે. ભારતના લોકોને પણ હવે દેશ પરત લેવામાં આવી રહ્યા છે. ભારતમાં પણ એ ન ઘુસે એના પુરા પ્રયત્નો કરવામાં આવે છે. પરંતુ એ વચ્ચે અભિનેતા અરશદ વારસીએ જે કોમેન્ટ કરી એને લઈ લોકોમાં રોષ છે.

અરશદ વારસીએ કોરોના વાયરલને લઈ મુન્નાભાઈ એમબીબીએસનું મીમ શેર કર્યું



છે. આ મીમમાં સર્કિટ બનેલો અરશદ જોવા મળી રહ્યો છે. તે એક ચાઈનીસ ટુરિસ્ટને મારે છે અને પોતાના મિત્ર સંજય દત્ત માટે ડેડ બોડી બનવાનું કહે છે. મીમમાં બતાવવામાં આવ્યું છે કે, કોરોના વાયરસનો રોકવા માટે ચાઈનીસ લોકોને હટાવવામાં આવે. અરશદ વાસરીએ એ સાથે કેપ્શનમાં લખ્યું કે, મારા મિત્રએ આ મને ખુબ મહત્વપુર્ણ જાણકારી આપી છે.

અરશદ વારસીના આ મીમને ઘણા લોકો મજાકમાં લે છે. પરંતુ ઘણા લોકો આકરા પાણીએ થઈ ગયા છે અને અભિનેતાને નસ્લવાદી કહી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, આ વાસ્તવમાં નસ્લવાદી છે. બધી જ જગ્યાએ આસપાસના લોકો ચીની નથી હોતા. તમે જે બોલ્યા એ ખુબ વાહિયાત છે.

તો અન્ય એક યુઝરે લખ્યું કે, આ એક સુંદર ફિલ્મ છે પરંતુ અહીં જે મીમ શેર કરવામાં આવ્યું એ નસ્લવાદી છે. એક યુઝરે કહ્યું કે, આ વર્તમાન મહામારી સ્થિતિમાં પુરી રીતે ખોટું છે. કૃપયા આવા સંવેદનશીલ અને વિચલીત કરનાર સમયમાં મજાક ન કરો.

રમત જગત વિશેષ

ક્રિસ ગેઈલ નેપાળમાં એવરેસ્ટ પ્રીમિયર લીગમાં રમશે

કાઠમાંડૂ

વેસ્ટ ઈન્ડિઝનો ફટકાબાજ બેટ્સમેન ક્રિસ ગેઈલ 'એવરેસ્ટ પ્રીમિયર લીગ'ના નામે નેપાળની રાષ્ટ્રીય સર્કિટની ટી-૨૦ સ્પર્ધામાં પોખાહરા રહીનોસની ટીમ વતી રમશે. સ્પર્ધા કાઠમંડુમાં ૨૯મી ફેબ્રુઆરીથી યોજાનાર છે. યુનિવર્સ બોસના ઉપનામે ઓળખાતો ૪૦ વર્ષનો ગેઈલ હવે ફ્રીલાન્સ ટી-૨૦ ખેલાડી બન્યો છે અને નેપાળની સ્પર્ધામાં રમવાનો તેણે પોતાનો નિર્ણય તેના ટ્વિટર પર જાહેર કર્યો હતો. ગેઈલ નામના વંટોળિયા માટે નેપાળ તૈયાર રહેશો, એમ તેણે લખ્યું હતું. સ્પર્ધાના આયોજકોએ પણ ગેઈલના રમવા માટેનું સમર્થન પોતાના સત્તાવાર ટ્વિટર પર આપ્યું હતું.



ગેઈલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી પોતાની નિવૃત્તિની હજી જાહેરાત કરી નથી. તે વેસ્ટ ઈન્ડિઝ વતી છેલ્લી વેળા ગયા વર્ષે ઑગસ્ટમાં ભારત વિરુદ્ધ પોર્ટ-ઑફ-સ્પેન ખાતેની ત્રીજી વન-ડેઈન્ટરનેશનલ મેચમાં રમ્યો હતો કે જે તેની 'વિદાયમાન' મેચ બનવાની આશા કરાતી હતી. તે છેલ્લી વેળા ટી-૨૦ મેચમાં માર્ચ ૨૦૧૯માં ઈંગ્લેન્ડ સામે બેસેટેર ખાતે રમ્યો હતો અને ૨૦૧૪ પછી તેણે કોઈ ટેસ્ટ મેચમાં ભાગ લીધો નથી.

વર્લ્ડ કપ સેમીફાઈનલમાં ભારત-પાક ટકરાશે: ૪ ફેબ્રુઆરીએ મહામુકાબલો

કેપટાઉન

કોઈ પણ રમતમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર હોય તે રમતપ્રેમીઓ માટે કોઈ મોટી ઈવેન્ટથી ઓછી નથી હોતી. અને તેમાં પણ વાત જો ક્રિકેટની હોય તો કહેવાનું જ શું. એકવાર ફરી આ કટ્ટર પ્રતિદ્વંધી ટીમ ક્રિકેટના મેદાનમાં એક બીજા સામે ટકરાશે. અને તે પણ કોઈ સામાન્ય ટૂર્નામેન્ટમાં નહી, પરંતુ આઈસીસી અંડર૧૯ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં. પ્રિયમ ગર્ગની આગેવાનીમાં જ્યાં ભારતીય ટીમે મજબૂત ઓસ્ટ્રેલિયાને ૭૪ રનથી હરાવી અંડર૧૯ વર્લ્ડ કપની



સેમેફાઈનલમાં જગ્યા બનાવી છે, તો આ બાજુ રોહેલ નઝીરની કમાનીમાં પાકિસ્તાને અફઘાનિસ્તાનને છ વિકેટે હરાવી અંતિમ ચારમાં પ્રવેશ મેળવ્યો છે.

અંડર૧૯ વર્લ્ડ કપ પહેલા સેમિફાઈનલમાં ભારત અને પાકિસ્તાનની ટીમ એક બીજા વિરુદ્ધ મેદાનમાં જોર અજમાવશે. બંને ટીમ વચ્ચે આ ટક્કર મંગળવારે ચાર ફેબ્રુઆરીએ પોચેફસ્ટ્રમમાં થશે. આ મેચ બપોરે દોઢ કલાકથી રમવામાં આવશે. તો બીજી સેમિફાઈનલ મેચ ગુરૂવારે બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાશે. આ મુકાબલો પણ બપોરે દોઢ કલાકે રમાશે.

અંડર ૧૯ વર્લ્ડ કપનો ફાઈનલ ૯ ફેબ્રુઆરીનાં રોજ રમાશે. ભારતીય ટીમ અત્યાર સુધી સર્વાધિક ૪ વખત વિજેતા ટીમ રહી છે, અને તે પોતાનાં પાંચમાં ખિતાબની તરફ આગળ વધી રહી છે. અંડર-૧૯ ક્રિકેટમાં અત્યાર સુધી ભારત-પાકિસ્તાન વચ્ચે ૨૩ મેચમાં ધમાકેદાર ટક્કર થઈ છે. જેમાં ભારતને ૧૪ મેચોમાં જીત મળી છે, ૮ મુકાબલામાં પાકિસ્તાનને જીત મળી અને એક મેચ ટાઈ રહી હતી.

હાર્દિક પંડ્યા અનફિટ: ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરિઝમાંથી બહાર

મુંબઈ

ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા સંપૂર્ણ રીતે મેચ ફિટનેસ હાસિલ કરી શક્યો નથી અને તેને ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ આગામી ટેસ્ટ સિરીઝ માટે પણ બહાર કરી દેવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કંર્ટોલ બોર્ડએ શનિવારે આ જાણકારી આપી છે.

બીસીસીઆઈ તરફથી જારી નિવેદન પ્રમાણે, પંડ્યા લંડન ગયો હતો જ્યાં તેની સાથે નેશનલ ક્રિકેટ એકેડમીના હેડ ફિઝિયો આશીષ કૌશિક પણ રહ્યાં હતા. લંડમાં સર્જન ડો. જેમ્સ એલીબોને તેની તપાસ કરી છે.

નિવેદન પ્રમાણે, હાર્દિક એનસીએમાં રિહેબિલિટેશન



પ્રક્રિયામાંથી પસાર થશે, જ્યારે તે સંપૂર્ણ રીતે ફિટ થઈ જશે નહીં. હાર્દિક પંડ્યા પાછલા વર્ષે સપ્ટેમ્બરથી મેદાનથી દૂર છે. તેણે આફ્રિકા વિરુદ્ધ સપ્ટેમ્બરમાં બેંગલુરૂમાં અંતિમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૫ મેચોની ટી૨૦ સિરીઝ બાદ ૩ વનડે અને ૨ ટેસ્ટ મેચોની સિરીઝ રમાશે.

બીસીસીઆઈએ સીએસીની વરણી કરી: મદનલાલ, આરપી સિંઘ, સુલક્ષણા નાઈકનો સમાવેશ

મુંબઈ

ભારતીય ક્રિકેટ બોર્ડે તેની ક્રિકેટ સલાહકાર સમિતિ (સીએસી)ના ત્રણ સદસ્યની વરણી કરી હતી જેમાં ૧૯૮૩ની વર્લ્ડ ચેમ્પિયન ટીમના ઓલરાઉન્ડર મદનલાલ, ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર આર. પી. સિંઘ અને વિમેન્સ ક્રિકેટર સુલક્ષણા નાઈકનો સમાવેશ કરાયો હતો.

નવી સલાહકાર સમિતિ સામેનો આગામી લક્ષ્યાંક રાષ્ટ્રીય પસંદગી સમિતિના વિદાય લઈ રહેલા બે સદસ્યને સ્થાને નવા પસંદગીકાર નીમવાનો રહેશે. એમએસકે પ્રસાદ અને ગગન ખોડાનો પસંદગીકાર તરીકેનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે તેમના સ્થાને બે નવા પસંદગીકાર સમિતિમાં આવશે. બીસીસીઆઈના સેક્રેટરી જય શાહે જણાવ્યું હતું કે નવી સીએસીનો કાર્યકાળ એક વર્ષનો રહેશે.

બીસીસીઆઈના સલાહકાર સમિતિ હાલમાં અસ્તિત્વમાં ન હતી કેમ કે ૨૦૧૯ના ઓક્ટોબરમાં અગાઉની સમિતિના ત્રણ સદસ્ય કપિલદેવ, અંશુમન ગાયકવાડ અને શાંતા રંગાસ્વામીએ રાજીનામું આપી દીધું હતું. તેમની સામે હિતોના ટકરાવનો આક્ષેપ થતાં ત્રણેય સદસ્યએ રાજીનામું આપ્યું હતું.

નવી સલાહકાર સમિતિ ભારતીય ટીમના આગામી કોચની પણ પસંદગી કરશે. જોકે હાલમાં રવિ શાસ્ત્રીનો કાર્યકાળ પૂરો થતો નહીં હોવાને કારણે એક વર્ષ સુધી આ સમિતિ પાસે અન્ય કોઈ કામગીરી હાથ પર રહે તેવી શક્યતા નથી.

સાક્ષી પોતાના ફાયદા માટે આ બધુ કરે છે: મહેન્દ્ર સિંહ ધોની

રાંચી

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ તાજેતરમાં જ પરિવાર અને દોસ્તો સાથે મધ્યપ્રદેશના કાન્હા નેશનલ પાર્કમાં વેકેશનની મજા માણી. આ વેકેશનની તસવીરો અને વીડિયો સાક્ષી ધોનીએ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યા છે. સાક્ષી ધોની ઈન્સ્ટાગ્રામ પર ખુબ જ એક્ટિવ રહે છે અને હંમેશા ધોનીની તસવીરો અને વીડિયો પોસ્ટ કરતી રહે છે. ગત કેટલાક દિવસો પહેલા સાક્ષીએ ધોનીનો એક વીડિયો શેર કર્યો હતો, જેમા તે ધોનીને સ્વીટી, ક્યૂટી કહીને ચિડાવી રહી હતી. ધોની આ વીડિયોમાં બ્લશ કરતો નજર આવી રહ્યો હતો. હવે જ્યારે વધુ એક વખત સાક્ષીએ ધોનીનો વીડિયો બનાવ્યો તો ધોની ફરીથી તેને ટ્રોલ કરતો નજર આવ્યો.

સાક્ષીએ આ વીડિયોને પોતાની ઈન્સ્ટા સ્ટોરીમાં લાઈવ શેર કર્યો હતો, જેને બાદમાં પ્રશંસકોએ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો.

ધોનીએ જે મારી સાથે કર્યું તે રિષભ પંતની સાથે ન કરશો: વિરેન્દ્ર સેહવાગ

ન્યુ દિલ્હી

મુંબઈમાં ૧૪મી જાન્યુઆરીએ ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી વન-ડેમાં રિષભ પંતના માથા પર બોલ વાગ્યો હતો. ત્યારે તેને આરામ કરવાનું કારણ આપી ટીમથી બહાર કરાયો. આ બાદ વિકેટકીપિંગ માટે કે.એલ રાહુલને તક અપાઈ. ત્યારથી ભારત માટે કે.એલ રાહુલ જ વિકેટકીપિંગ કરી રહ્યો છે અને રિષભ પંત ટીમથી બહાર થઈ ગયો છે. પંતને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળવાથી પૂર્વ ક્રિકેટર વિરેન્દ્ર



સેહવાગ નિરાશ છે. સેહવાગે ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટ પર નિશાન સાધતા કહ્યું કે, 'જો પંતને ટીમથી બહાર રાખશો તો તે રન કેવી રીતે બનાવશે? રિષભ પંતને જ્યારે ન્યૂઝીલેન્ડ સામેની ચોથી ટી-૨૦માં પણ તક ન મળી તો સેહવાગે એક સ્પોર્ટ્સ વેબસાઈટ સાથે વાત કરતા આ નિર્ણય પર સવાલ ઊભો કરી દીધો. સેહવાગે કહ્યું, સચિન ટેંડુલકરને બહાર બેસાડી રાખો તો તે પણ રન નહીં બનાવી શકે.

“તલસે છે આ જગત જ્યાં જિંદગીનાં એક રંગ માટે વગર માંગ્યે મને તો રંગોનો સાગર મળી ગયો”



નીતિન ઠક્કર
“કવિરાજ”

ગુણ-દોષથી પર,નિર્દોષ અને નિખાલસ,હસતું-રમતું બાળપણ માણ્યા પછી હાડમાંસની ઈશ્વરની આ શ્રેષ્ઠ રચના જિંદગીની વસંત એવી તરુણાવસ્થામાં પ્રવેશ કરે છે.આ અવસ્થામાં એનું મન કોઈનો સાથ ઝંખે છે.એનું દિલ બેચેન બને છે.તે એવી આંખોની તલાશમાં હોય છે જે એના અંતરની અધીરાઈને જોઈ શકે,એના દિલમાં વહેતા પ્રેમનાં ઝરણાની મીઠાસને પારખી શકે.પ્રેમની મસ્તીમાં નાચવા એનું હૈયું થનગનાટ કરતું હોય છે.અને જયારે એવાં પ્રેમીદિલને દરવાજે કોઈ દસ્તક દઈ જાય,જયારે એને એની પ્રેમપૂજારણ મળી જાય ત્યારે એનાં હૃદયરૂપી સાગરમાંથી નીકળતી લાગણીઓની લહેરો કંઈક એવું કહે છે કે...

“ યુવાનીનાં આંગણે પગલું પાડ્યું ;
ને પ્રેમનો મને પરિચય થઈ ગયો.
સાંભળીતી વાતો અનહદ આ ઊર્મિ તણી ;
આજ એજ ઊર્મિનો મને અનુભવ થઈ ગયો.
વિરાન હતું જે મારું ઉર ઉપવન ;
આજ એમાં ઝાંઝરનો ઝણકાર થઈ ગયો.
હતું જે આ દિલ મહીં હરિયાળું વૃક્ષ ;
પ્રેમ પંખીનો આજ એના પર કલરવ થઈ ગયો.
માત્ર સવાલોથી ભરેલી આ દુનિયામાં ;
મને સર્વે સવાલોનો જવાબ મળી ગયો.
તલસે છે આ જગત જ્યાં જિંદગીનાં એક રંગ માટે ;
વગર માંગ્યે મને તો રંગોનો સાગર મળી ગયો

મિત્રો લાગણીઓની આ લહેરો સાથે પ્રેમનાં પ્રવાહમાં તરવાની એક મજા છે અને પ્રેમનાં ઝંઝાવાતમાં કદાચ ડૂબવાનું થાયને તો એનો પણ એક અલગ જ આનંદ છે.ધબકતી આ ધરામાંથી માત્ર અઢી અક્ષરનાં “પ્રેમ” નામનાં શબ્દની બાદબાકી કરી નાખીએને તો જગતની સંકલ્પના શૂન્ય બની જાય.કારણકે પ્રેમ એ વિશ્વનું હૃદય છે.સમગ્ર સૃષ્ટિનું ચાલકબળ છે.પ્રેમ એટલે ત્યાગ.પ્રેમ એટલે સંપૂર્ણ સમર્પણ.અને પ્રેમની સાચી પરિભાષા જો સમજવી હોયને તો એનાં પર્યાય સમા રાધા અને કૃષ્ણનાં જીવનમાં એક ડોકિયું કરી લેજો.ત્યાં પ્રેમ અને ભક્તિનો સમન્વય હતો.એક પ્રસંગ એ પ્રેમભક્તિનો યાદ આવે.દ્વારિકામાં અપાર વૈભવ,આઠ આઠ પટરાણીઓ હોવાં છતાં એક દિવસ એકાંતમાં શૂન્યભાવે શ્રીકૃષ્ણ મહેલની અટારીમાંથી ઉદાસ ચહેરે દરિયાની લહેરોને જોઈ રહ્યા હતાં.પોતાનાં આંસુઓને રોકવાનો નિષ્ફળ પ્રયાસ કરતાં હતા.કારણ હતું,રાધાની યાદ.પોતે કેટલાં નિષ્ઠુર અને નિર્દયી બની પોતાનાં પડછાયા સમી રાધાને છોડી આવ્યાં એ વાતે એમને ઢંઢોળી નાખ્યાં.જુદાઈની એ ક્ષણ,રાધાની આંખોના ખુણાની ભીનાશ અને એમાં દેખાતી વિરહની વેદનાએ એમને હચમચાવી મુક્યા.આ સમયે નારદજીને લાગ્યું કે કૃષ્ણની આઠેય રાણીઓનું ભગવાનની પટરાણી હોવાનું અભિમાન ઉતારવાની અને રાધાજીનાં અલૌકિક પ્રેમની અનુભૂતિ એમને કરાવવાની આ શ્રેષ્ઠ તક છે.એટલે એતો વારાફરતી બધી રાણીઓને જઈને કહેવા લાગ્યા કે દેવી પ્રભુ આજે ઊંડા આઘાતમાં છે.એમની બાળસખી રાધાની યાદ એમને સતાવી રહી છે.એમને આ અજંપામાંથી બહાર લાવો નહીતો અનર્થ થઈ જશે.આ વાત સાંભળતાં જ એક પછી એક એમ આઠેય રાણીઓ એમની પાસે આવી.શ્રીકૃષ્ણને રીઝવવાનાં શક્ય એટલાં તમામ પ્રયત્નો આઠેયે કરી લીધા.પરંતુ કૃષ્ણનાં ચહેરાનાં ભાવ સુધ્ધા બદલી શક્યા નહીં.એટલામાં ઉદ્ધવે આવીને સમાચાર આપ્યા કે પ્રભુ હસ્તિનાપુર-નરેશ મહારાજ યુધિષ્ઠિર કુરુક્ષેત્રનાં કુંભમેળા પ્રસંગે ‘શાશ્વત શાંતિ મહાયજ્ઞ’ કરી રહ્યા છે.જેમાં આપણે જવાનું છે.અને આ પવિત્ર કુંભમેળામાં સ્નાન કરવાં અન્ય વ્રજવાસીઓની સાથે કદાચ રાધા પણ ત્યાં આવશે.રાધાનું નામ સાંભળતા જ કૃષ્ણનો ચહેરો ખીલી ઉઠ્યો,આંખોમાં એક અલગ ચમક આવી ગઈ.બાવરા બની ભગવાન ઉદ્ધવને કહેવાં લાગ્યા કે ઉદ્ધવ શું કહ્યું તેં,રાધા આવવાની છે?મારી પ્રાણપ્રિયે,મારી રાધા મને મળશે?ઉદ્ધવ કહે કે હા પ્રભુ,અવશ્ય મળશે.આ સાંભળતાં જ કૃષ્ણનું રોમે રોમ જાણે પુલકિત થઈ ઉઠ્યું.અને આ આખુંયે દ્રશ્ય પોતાની નજર સામે જોઈને આઠેય પટરાણીઓ દંગ રહી ગઈ.અહંકાર એમનો બધોય ઓગળી ગયો.પણ મનમાં એક મોટો સવાલ ઉભો થયો કે એવો તે કેવો પ્રેમ એ રાધાએ આ કાનાને કર્યો હશે કે આજે વર્ષો પછી પણ કૃષ્ણનાં હદયસિંહાસન પર એનું જ રાજ ચાલે છે.પણ આ સવાલનાં જવાબ માટે તો રાધાને મળવું જ પડે,એમ વિચારી આઠેયે કૃષ્ણને કહ્યું કે પ્રભુ અમારા જીવનની હવે એક માત્ર અભિલાષા રાધાને મળવાની છે.તમારી બાળસખીનાં દર્શન અમને કરાવો.કૃષ્ણએ કહ્યું;તમારી અભિલાષા અવશ્ય પૂર્ણ થશે.બીજા દિવસે યોજના મુજબ કૃષ્ણ સાથે રુકમણીજી એક રથમાં નીકળ્યાં રાધાને લેવાં.અને ઉદ્ધવજી બાકીની સાત રાણીઓની સાથે બીજા રથમાં નીકળ્યાં એમનાં ઉતારે જવાં,જ્યાં યોજના મુજબ રુક્મણી રાધાને લઈને આવવાનાં હતાં.કુંભમેળામાં પહોંચતાની સાથે જ કૃષ્ણની આંખો વૃષભાણનંદીની,પોતાની હદયસામ્રાજ્ઞી રાધાને શોધવાં લાગી.એવામાં થોડે દુર પોતાની સખીઓ સાથે હસતી,હાથતાળી લેતી,ગુલાબની પાંદડીઓને પણ શરમાવે એવી નાજુક અને નમણી ગોરી રાધા દેખાઈ.અને જાણે યુગો યુગોથી અધીરી અને બેચેન બનેલી કૃષ્ણની આંખોને શાતા મળી.થોડી વાર તો એ પોતાનાં બાળપણની મીઠી મધુર યાદોમાં ખોવાઈ ગયા.થોડાં સ્વસ્થ થઈ એમણે રુકમણીજીને કહ્યું,દેવી હવે તમે રાધાને લઈને ઉતારે પહોંચો,હું મહારાજ યુધિષ્ઠિર પાસે જાવું છું.એમ કહી કૃષ્ણ નીકળી જાય છે.કેમકે વિધિની વક્રતા એવી હતી કે વ્રજભૂમિ છોડ્યા પછી રાધા અને કૃષ્ણનું સદેહે મિલન શક્ય નહોતું.આ બાજુ રુક્મણી રાધાને પોતાનો પરિચય આપી ઉતારે જવાનો શ્રીકૃષ્ણનો સંદેશ આપે છે.બંને ઉતારે પહોંચે છે જ્યાં બાકીની સાતેય રાણીઓ આતુરતાથી રાધાની રાહ જુએ છે.કૃષ્ણ પ્રત્યેનાં પ્રેમભાવથી છલકતો રાધાનો ચહેરો જોઈને તેઓ પોતાનાં અહંકાર્ભાવ ઉપર શરમ અને રાધા પ્રત્યે આદરની લાગણી અનુભવે છે.આનંદ અને હર્ષથી તેઓ રાધાને મળે છે.અને પછીતો આઠેય રાણીઓ રાધાની આસપાસ ગોઠવાઈ જાય છે એમનાં પ્રેમપ્રસંગો સાંભળવાં.આ બાજુ ભગવાન કૃષ્ણ મહારાજ યુધિષ્ઠિર અને અન્ય પાંડવો સાથે રાજચર્ચા કરી રહ્યાં છે.કેસર-પિસ્તાથી ભરપૂર ગરમ દૂધનાં કટોરા શ્રીકૃષ્ણને પીરસાઈ રહ્યાં છે.ચર્ચામાં એટલાં લીન હતાં કૃષ્ણ કે દૂધ ગરમ છે એનું ભાન ના રહ્યું અને કટોરો હાથમાં લઈ ગટગટાવાં લાગ્યા.અને આ બાજુ રાધાથી એક આહ નીકળી ગઈ અને સહજ બોલાઈ ગ્યું કે ના પી કાના,દૂધ બહુ ગરમ છે.અચાનક રાધાનાં પગમાં દાઝ્યાંનાં ફોલ્લાં પડેલાં જોઈને આઠેય રાણીઓને એ સમજતાં વાર ન લાગી કે ત્યાં કૃષ્ણએ ગરમ દૂધ પીધું અને એનું દર્દ અહીં રાધાને થયું.આહ્હા...!કેવો અદભુત પ્રેમ.“રાધાએ કેવો પ્રેમ કૃષ્ણને કર્યો હશે?”એ સવાલનો જવાબ એમને મળી ગયો.પ્રેમની અંતિમ હદ,ચરમસીમા કોને કહેવાય એ સમજાઈ ગ્યું.વર્ષોથી સાથે રહેવાં છતાં કૃષ્ણની ઉદાસીનું કારણ આપણે જાણી શકતાં નહોતાં અને અહીં રાધા કેટલાંય વર્ષોથી દુર રહેવાં છતાં દિલથી કેટલી નજીક છે એ વાતનું એમને ભાન થયું.રાધા પ્રત્યે એક પૂજ્યભાવ ઉભો થયો.અને નતમસ્તક થઈ એમણે રાધાને કહ્યું કે રાધા,અમે ભલે કૃષ્ણની અર્ધાંગીની છીએ પરંતુ યુગોનાં યુગો સુધી કૃષ્ણની સાથે,કૃષ્ણની પહેલાં નામ તારું લેવાશે.અને પ્રેમથી આઠેય રાણીઓ બોલી ઉઠી,રાધેકૃષ્ણ-રાધેકૃષ્ણ.આને કહેવાય પ્રેમની પરાકાષ્ઠા.પ્રેમ એતો અનુભૂતિનો વિષય છે.શબ્દોથી એને સમજી શકાય નહીં કેમકે શબ્દોને એના અર્થની એક મર્યાદા હોય છે.આવાં સાચા પ્રેમની અનુભૂતિ થવી,એવું પાત્ર મળવું એતો નસીબની વાત છે.પરંતુ એક વાત ચોક્કસ કહીશ કે હૃદયરૂપી ઉપવનમાં એક હરિયાળા છોડનું વાવેતર જો કરેલું હોય,દિલની કૂણી અને નિર્દોષ લાગણીઓથી એનું સિંચન કરેલું હોય,પ્રેમનાં પુષ્પો જો એનાં પર ખીલવેલાં હોય,તો એ પ્રેમપુષ્પોનાં મધુરસને માણવા,પ્રેમનાં મીઠાં ગીતો ગણગણતું એક પંખી એક દિવસ અવશ્ય આવે આવે ને આવે જ.

ગૌ ચાલીસા



જય જય માત ગો ગાવલડી, તમ ઉપકૃતિ જગજ માં અપાર.
ધેનુ ચરણે હે! માવલડી, સુખનું અનંતા મોક્ષ ધામ.
ગવરી શુકલ દુગ્ધ ધારિણી,સર્વે સત સુખો ની દાતાર.
જપત સદા નામ વરદાની,ફળ પાવત ચૌ-ધામ સમાન.
ગૌર-પાવન ક્ષેમ,કલ્યાણી,મહી અનંતા અવતરિ માત.
વસુ તનયા અમોલ વસુમતી,કરે ખલકે અઢળક કલ્યાણ.
જે ઘરે રમે ગો જનયિત્રી, ખીલત ભાગ-વૈભવ અપાર.
અનુભૂતિ જે સુખદ કરાવી,દેખી વદન પદ્મા અભિરામ.
નવજીવન પ્રાણ પુરનારી, માત ગો અમૃત સર્વો પ્રધાન.
હરિ લીધી પીડા અમારી,હસ્તે સ્પર્શી તમ કેતુનાડ.
ગ્રંથે વસે પંચમ સુરભી,નંદી-કામધેનું-કપિલા
નિત્ય કર ગૌશક્તિ ની ભક્તિ,કરે ગો મંગલ પાંડુમાત.
ગવ છાંયા શીતળ તમારી,અર્પે જીવનમાં અભ્યુત્થાન.
લાગે તિલક ગોરજ ધરણી,શોભે મસ્તક ભાનુ સમાન.
રહે શુધ્ધ તે પાવન અવનિ,પામે પરમ અનંતા ધામ.
ગુહ્યે બિરાજી ભાગ્ય લક્ષ્મી,વરસે ધન-ઐશ્વર્ય ઉત્થાન.
સમસ્ત દેવગણો તીર્થાનિ,તેત્રીસ કરોડ જ્યાં નિવાસ.
ભૂ મધ્યે પ્રભુ ધેનુ ચરાવી,છોડ્યું અતિપ્રિય નિજધામ.
કાન અવતારે સમજાવી,ગાય સેવા મહિમા અપાર.
પ્રભુને વ્હાલુ માખણ મિસરી,કરે નિરંતર હરિ પયપાન.
ગો દાન ઉત્તમ ફળદાયી,પૂરણ કરે મનોકામના.
રહે અપૂર્ણ સદા યજ્ઞવિધી,ગો માત તમ ધૃત હોમ વિના.
કર્મ શ્રેષ્ઠ ગો સેવા નુ અતિ,થાય ન નષ્ટ પુષ્ણ ભવકાળ.
ગો સેવા માં પુષ્કળ કિર્તી,કરજો કહે ગોપ ગોપાલ.
રાજ રાજન તમ દિગ વિજયી,ગવ ગોરક્ષા પરમો પ્રધાન.
પામે વૃધ્ધિ પ્રવર બુદ્ધિમતિ,પયપાન કરી સ્વર્ણો ક્ષાર.
માતૃપદે રહે વેદો ની,નહણજો શુચિસમ ગો અહન્યા.
જપતપે પુષ્ટિ આપનારી,દર્શન રોજ માઁ તારા થાય.
રહે હેમ તણો ગાવલડી,શુધ્ધ સાત્વિક તમ આહાર.
પાવન જલ ધન્ય તમો થકી,માઁ જગતમાં ઘણા ઉપકાર.
કરજો જતન બની સુમાળી,અઢળક નિષ્ઠા તેમા અપાર.
ના કર ઉપેક્ષા અભિમાની,ગો ધન માં છે જગત કલ્યાણ.
ગો હત્યા દંડ પિડાદાયી,કરે વિનાશ સો પુણ્યો-જાપ.
અર્પે પ્રાણવાયુ કાશ્યપી,પિપલ તુલસી છોડ સમભાવ.
ભાગે રોગ કરે નિરોગી,ગોમૂત્ર તણી શક્તિ અપાર.
રહો સદા બની અનુરાગી, અખિલ બ્રહ્માંડે અજનો નાદ.
પ્રભુ સૃજતિ સભાવે નિહાળી,સર્પ દોષ નો સાત્વિક નાશ.
પુરાણો માં નિત્ય પુજાણી,વ્હાલાં કેશવ હે! ગોપાલ.
કહે “મંથના” બન સહાયક, ધેનુ વિના અસંભવ વિકાસ.
કરે સદૈવ ગો ચાલીસા,જન પાવે અનંતપદ ધામ.

- પુજા ગઢવી "મંથના"

શું સીએએ લાવી સંસદે ગાંધીજીની ઈચ્છા પૂરી કરી.. હે..? ખરેખર...?

દેશમાં સીએએ અને એનઆરસી મુદ્દે દેશભરમાં વિરોધનો વંટોળ ફૂંકાયો છે. તેને સમાવવા માટે વડાપ્રધાનશ્રીએ ગાંધીજીની સાથે જોડી દીધો છે. તો રાષ્ટ્રપતિ કોવિદજીએ બજેટ સત્રના પ્રથમ દિવસે મોદીજીની જેમ ગાંધીજી સાથે જોડી દીધો. તેમણે કહ્યું કે સીએએ બનાવીને સંસદે ગાંધીજીની ઈચ્છા પૂરી કરી છે. પાકિસ્તાનમાં રહેતા હિન્દુ અને શીખ ભારતમાં આવી શકે છે. તેમજ તેમણે એવું પણ કહ્યું કે રાજકિય પક્ષો મહાત્મા ગાંધીજીને અનુસરે.... અને આ ખરેખર ખૂબ જ સારી વાત છે. પરંતુ કોઈપણ બાબતની શરૂઆત પોતાના ઘરમાંથી જ કરવામાં આવે તો તે બાબતનો સૌ કોઈ સ્વીકાર કરે. ગાંધીજી જેવું કરકસરયુક્ત સાદગી ભર્યુ જીવન જીવવાનું,સત્ય બોલવાનુ.... ખરેખર ઘણી સારી વાત કહી... પરંતુ દેશમાં ભાજપા અને તેની સરકાર મહાત્મા ગાંધીજીની આ બાબતનો સ્વિકાર કરશે ખરો...? દેશના ભાગલા પડ્યા તે સમયમાં તે સમયને આધીન ગાધીજીએ હીન્દુ,શીખ વગેરેને અહી ભારતમા આવવુ હોય તો આવે આ વાત કરી હતી અને એ વાતને પણ આજે ૭૨ વર્ષના વહાણા વિતી ગયા છે. તે સમયમાં જેઓને પાકિસ્તાનમાંથી આવવુ હતું તે આવી ગયા હતા. બાકી ઠરીઠામ અને પોતાને સુરક્ષિત સમજનારાઓ ભારતમાં આવ્યા ન હતા. કાળક્રમે પાકિસ્તાનના સત્તાનસીનો પોતાની સત્તા ટકાવી રાખવા માટે જીણાના નિધન બાદ અને તેમાં પણ ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પછી ભારતને દુશ્મન તરીકે પ્રસ્થાપિત કરવાના પાકિસ્તાનના પ્રયાસો શરૂ થઈ ગયા હતા.. અને ત્યાંના સત્તાનસિનો સાથે ઈસ્લામ ધર્મના વડાઓ પણ ભળી ગયા તે સાથે મદરેસાઓમાં પણ ભારત વિરોધી માનસિકતાના બીજ રોપવાનું શરૂ કરી દીધું.. પરિણામે આજે પાકિસ્તાનમાં શાસન કરવું હોય-સત્તાનસિન થવું હોય તો ભારત વિરુદ્ધ ઝેર ઓકવુ પડે... અને તે સાથે બિન મુસ્લિમો સામે ધીરે ધીરે વિરોધ કરવાનું શરૂ થયું. પરંતુ આજે પણ ત્યાંના પંજાબ અને સિંધ પ્રાંતમાં બિન મુસ્લિમો રહે છે અને સલામત પણ છે..... અને એ જ વાત ભાજપાએ ભારતમાં પકડી લીધી છે ચાહે રામ મંદિરના નામે,ચાહે ગાય માતાને નામે કે ગંગાના નામે અને હવે સીએએ-એન.આર.સી દ્વારા મુસ્લિમોને બાકાત કરવાને બહાને....! જો કે દેશમાં બાંગ્લા મુસ્લિમો ઘૂસી ગયા છે તે હકીકત છે અને ખુદ ભાજપા પણ છેલ્લા દસ વર્ષ ઉપરાંતથી તે માટે બુમરાણ મચાવતો આવ્યો છે.... પણ સત્તા મળ્યા બાદ આ મુદ્દો ભૂલી જવામાં આવે છે તેવું રાજકીય પંડિતો અને બુદ્ધિજીવીઓની કહેવું છે....!

સીએએને ગાંધીજી સાથે જોડી દેવાનો ભાજપનો એક રાજકિય વ્યુહ છે તેવુ લોકો સમજી જતા તે વાત સ્વીકારવા તૈયાર નથી. અને દેશભરમાં વિવિધ રાજ્યોમાં સીએએ-એનઆરસી કાયદા વિરુદ્ધમા દેખાવો દોઢ માસથી ચાલી રહ્યા છે.જેમાં શાહીનબાગના શાંત મહિલા આંદોલનકારીઓએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે... શાહીનનબાગ ખાતે છેલ્લા દોઢ માસથી હજારો મહિલાઓ બાળકો સાથે તિરંગા ઝંડા સાથે રાષ્ટ્રીય સૂત્રો પોકારતા અને રાષ્ટ્રીય ગીતો ગાતા ગાતા સીએએનો વિરોધ કરી રહી છે. તેમાં માત્ર મુસ્લીમ બાનુઓજ નહીં પણ મોટા પ્રમાણમાં બિન મુસ્લીમો પણ જોડાયેલા છે. જેની મોટી અસર પેદા થઈ છે અને શાહીનબાગનો મુદ્દો દિલ્હી ચૂંટણીમાં ભાજપાએ ઉઠાવ્યો પરંતુ તે મુદ્દો જામિયા પાસે તારીખ ૩૦ મી એ મહાત્મા ગાંધી નિર્વાણ દિને રાજઘાટ ખાતે શ્રદ્ધાંજલિ આપવા જઈ રહેલી વિદ્યાર્થીઓની રેલી સામે પોલીસ બંદોબસ્ત છતાં ગોપાલ નામના યુવાને ઘુસી જઈને રિવોલ્વરમાંથી ગોળી મારતા એક વિદ્યાર્થી ઘાયલ થયો તેના ઘેરા પ્રત્યાઘાત દીલ્હી રાજ્યમાં પડતાં શાહીનબાગ મુદ્દો ભાજપા માટે બૂમરેંગ બની ગયો છે... તો અનુરાગ ઠાકુરની ભાષા અને પ્રવેશ વર્માની ભાષા એ આમ પ્રજા ભડકી છે. અને ભાજપા માટે મોટી મુશ્કેલી ઊભી કરી છે. તો ચૂંટણી પંચે પોલીસ રાહે પગલા ન લેતા ચૂંટણીપંચ ઉપર પણ લોકો શંકા-કુશંકાઓ વ્યક્ત કરવા લાગ્યા છે. અને આ બધા વચ્ચે ગોળી છોડનાર કોણ હતો તે બાબતે ભાજપાએ રાજકારણ ખેલ્યુ.... પણ લોકો સમજી ગયા છે.. કે આ કોનો માણસ હતો....! કારણ જેએનયુ હુમલાખોરો બાબતે પોલીસે જે કામગીરી કરી હતી તેવી જ આ ગોળી મારનાર માટે પોલીસ કાર્યવાહી થઈ છે....! તેથી લોકો મનમા સમજી ગયા છે પરંતુ બોલતા નથી....!!

આ બધી બાબતો વચ્ચે સીએએ કાયદાનો વિરોધ કરતા પ્રશાંત કિશોર અને પવન ગુમાને નીતીશકુમારે પક્ષનો દરવાજો દેખાડી દીધો છે ત્યારે જ શુક્રવારે એનડીએના સાથી પક્ષોની બોલાવેલી મિટિંગમાં જેડીયુના સાંસદ લલનસિહે એનસીઆર સામે ભારે આક્રોશ વ્યક્ત કરતા મુદ્દો ઉઠાવ્યો હતો અને તેમાના પ્રશ્નો દૂર કરવા આકરા પાણીએ રજૂઆત કરી હતી ત્યારે તેમની સાથે અકાલી દળ જોડાતા આ મુદ્દે ભારે ગરમાગરમી જામી હતી. ત્યારે અમિત શાહને દરમિયાનગીરી કરવી પડી હતી. લલનસિહનો સવાલ હતો કે માતા-પિતા ની જન્મ તારીખ અને સ્થળ બતાવવાનું શા માટે.?તેના અનુસંધાને અમિત શાહે સભ્યોને શાંત કરતાં કહેલું કે આ મુદ્દે સરકારે અગાઉ સ્પષ્ટતા કરેલીજ છે. માતા-પિતા ની જન્મ તારીખ અને સ્થળ અંગેનો જવાબ આપવાનું ફરજિયાત નથી. આ જવાબ પછી સાથી સભ્યો શાંત ન થતા અમિત શાહને ખાતરી આપવી પડી કે આ અંગે ચર્ચા જરૂરથી કરવામાં આવશે. આ જવાબ પછી સભ્યોનો આક્રોશ હળવો થયો હતો. છતાં શંકા-કુશંકાના વમળો પેદા થઈ ગયા હતા. આ બાબત દિલ્હી ક્ષેત્રમાં ફરી વળી હતી. પરંતુ લોકો એ વાતનો વિશ્વાસ કરવા તૈયાર ન હતા..... કારણ અગાઉ અમિત શાહ કહુ ચૂક્યા છે કે સીએએ- એનઆરસીનો કોઈ પણ સંજોગોમા અમલ થઈને જ રહેશે. જેની દિલ્હી ક્ષેત્રમાં ભારે અસર પડી છે... તો ભાજપાના નેતા ડોક્ટર હર્ષવર્ધને કેજરીવાલ દિલ્હી કા બેટા અંગે મુદ્દો ઉઠાવ્યો અને કેજરીવાલે જે જવાબ આપ્યો તેનાથી યુપી,હરિયાણાના મતદારો "આપ" પર ઓળઘોળ થઈ ગયા છે.... પરંતુ બુદ્ધિજીવીઓ કહેતા થઈ ગયા છે કે ભાજપા નીચલા સ્તરે પ્રાંતવાદનુ ઝેર ઓકવા લાગ્યો છે જે દેશ માટે યોગ્ય નથી....! વંદે માતરમ.....

કમરને સ્લિમ-સેક્સી બનાવી શકાય



આધુનિક સમયમાં આકર્ષક, સ્લીમ અને ફિટ શરીર તમામને પસંદ પડે છે. આ પ્રકારની બોડી પોતાને જ નહી બલ્કે અન્ય જોનાર લોકોને પણ પસંદ પડે છે. પરંતુ જ્યારે પેટ નિકળી જાય છે ત્યારે અમારી પર્સનાલિટી પહેલા જેવી રહી જતી નથી. પેટ બહાર આવી ગયા બાદ શરીર ખરાબ થવા લાગી જાય છે. ફિટનેસ બગડવા લાગી જાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વજન ક્યારપેય એકાએક વધતુ નથી. પરંતુ ધીમે ધીમે પૂર્ણ શરીરમાં વધે છે. જ્યારે પેટ થોડાકમાં પણ બહાર નિકળવા લાગે ત્યારે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જેથી ફિટનેસને જાળવી શકાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે સ્થુળતા પોતાની સાથે હમેંશા બીપી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ સહિતની બિમારીને લઈને આવે છે. સાથે સાથે પર્સનલ લાઈફ પણ ડિસ્ટર્બ થવા લાગે છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લેવાની બાબત ઉપયોગી સાબિત થાય છે. સાથે સાથે ભુખ લાગે છે તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવાની જરૂર હોય છે. થાઈરાઈડ નિયમિત રીતે ચકાસી લેવાની પણ જરૂર રહે છે. સલાડનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો પણ સ્લીમ રહેવામાં મદદ મળે છે. કેટલાક યોગના આસન પણ ઉપયોગી સાબિત થાય છે. જેમાં સુર્યનમસ્કારનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિકો અને સંશોધકો હવે એક એવી રિસ્ટબેન્ડ શોધી કાઢવામાં સફળ રહ્યા છે જે તમામ લોકોને સ્લીમ રાખવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આધુનિક સમયમાં ભાગદોડની દુનિયામાં લોકોની લાઈફ સ્ટાઈલ ખૂબ જ વ્યસ્ત બની ગઈ છે. આવા સમયમાં લોકો જુદી જુદી તકલીફથી પરેશાન થયેલા છે. આ તમામ કારણોસર શરીર વધી જાય છે. સ્થૂળતાથી લોકો ગ્રસ્ત થયેલા છે. આવા સમયમાં ડાયટીંગ ઉપર લોકો ધ્યાન આપતા થયા છે. સવારે નિયમિતપણે કસરત અને જુદા જુદા પ્રકારના ડાઈટ લેવાનું લોકો પસંદ કરે છે. હવે રિસર્ચ સંશોધકોએ એક એવા બ્રેસલેટની શોધ કરી છે જે સ્લીમ રાખવામાં તથા વજનને કાબૂમાં રાખવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ બ્રેસલેટ વજનને ખૂબ જ આરોગ્યના તરીકાથી ઘટાડશે. અપ બ્રેસલેટ કોઈપણ વ્યક્તિને વધુ સંતુલિત લાઈફ સ્ટાઈલ આપવામાં મદદરૂપ બનશે. હાથમાં બાંધવામાં આવનાર આ બ્રેસલેટ યુઝરની ખાવાની પ્રવૃત્તિ, તેની ટેવ, ઊંઘવાની ટેવ અને અન્ય તમામ એક્ટિવીટી ઉપર નજર રાખશે. આ વિશેષ પ્રકારના સાધનથી લોકોને આધુનિક સમયમાં મદદ મળશે. બ્રિટનના લોકપ્રિય અખબાર ડેલી મેલે સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે આ બ્રેસલેટ ઊંઘની અછત ધરાવતા લોકો માટે જરૂરી સૂચન અને સંકેત પણ કરી શકશે. ઈતિહાસમાં પ્રથમ વખત લાઈફ સ્ટાઈલ રોગને રોકવામાં પણ મદદ મળશે. હાથમાં બાંધવામાં આવનાર આ રિસ્ટ બેન્ડ અથવા તો બ્રેસલેટની કિંમત હજુ સુધી જારી કરવામાં આવી નથી પરંતુ કહેવામાં આવ્યું છે કે આની કિંમત તમામ લોકોને પોસાય તેવી રાખવામાં આવશે. જુદા જુદા કલરોમાં વિશ્વાસ રાખનાર લોકો માટે પણ આ બેન્ડ ઉપલબ્ધ રહેશે. જુદા જુદા રંગના બેન્ડ લોકો પોતાની વસ્ત્રોની પસંદગી મુજબ પહેરી શકશે.તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે.

આસપાસના લોકોને મુશ્કેલીઓ પડતાં સ્થાનિકો રસ્તા પર ઉતર્યા

શાહીનબાગમાં રસ્તો ખોલવા મુદ્દે પ્રદર્શનકારીઓ VS પ્રદર્શનકારીઓ

ન્યુ દિલ્હી

શાહીન બાગ વિસ્તારમાં આવેલા દિલ્હીના મહત્વના રોડ પર છેલ્લા ૫૦ દિવસથી કેટલાક પ્રદર્શનકારીઓ નાગરિક સંશોધન કાયદા (ઝછછ)ના વિરોધમાં ધરણા પર બેઠા છે. જેના કારણે આસપાસના લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આખરે કંટાળીને આ રસ્તો ખુલો કરાવવા સ્થાનિક લોકો રસ્તા પર ઉતર્યા છે.

જેથી શાહીન બાગમાં પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ પ્રદર્શનકારીઓ જેવી સ્થિતિ ઉભી થઈ છે. પ્રદર્શનકારીઓનું કહેવું છે કે, શાહીન બાગમાં ચાલી રહેલા આંદોલનના કારણે તેમને બાળકોને શાળાએ મુકવા જવાથી લઈને કામ-ધંધે જવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજધાની દિલ્હીનો શાહીન બાગ વિસ્તાર છેલ્લા કેટલાક સમયથી દેશભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. અહીં છેલ્લા ૫૦ દિવસથી મોદી સરકારના નાગરિક સંશોધન કાયદા એટલે કે ઝછછ વિરૂદ્ધ ધરણા પ્રદર્શનો થઈ રહ્યાં છે. આ પ્રદર્શનકારીઓએ અહીંથી નિકળતો મુખ્ય રસ્તો જ બંધ કરી દીધો છે. પરિણામે સ્થાનિક લોકોને તો ઘરની બહાર નિકળવુ પણ માથાનો દુખાવો બની ગયો છે. જેથી સ્થાનિક લોકોમાં આ પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ ભારોભાર રોષ ભભુકી ઉઠ્યો છે. અંતે કંટળીને શાહીન બાગના સ્થાનિક લોકો રસ્તા પર ઉતર્યા છે. તેઓ શાહીન બાગમાં અડ્ડો જમાવીને બેઠેલા પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ નારેબાજી કરી રહ્યાં છે. સ્થાનિકો માંગણી કરી રહ્યાં છે કે પ્રદર્શનકારીઓ દ્વારા રોકી રાખવામાં આવેલો રસ્તો ખોલવામાં આવે. જોકે પોલીસે સ્થાનિક પ્રદર્શનકારીઓને ધરણા સ્થળે પહોંચે તે પહેલા જ રોકી લીધા છે. સ્થાનિક લોકોને રાજધાની દિલ્હીના અનેક લોકોનું સમર્થન છે. અહીં પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ જ પ્રદર્શનકારીઓ જેવી સ્થિતિ ઉભી થઈ છે. એક તરફ રાજધાની દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માથે બોલી રહી છે ત્યારે શાહીન બાગ ડ્રામાએ પણ ચારેકોર ચર્ચા જગાવી છે.

સેનેટ ટ્રમ્પને તેમના પર લાગેલા આરોપોમાંથી મુક્ત કરી શકે છે

સેનેટે ટ્રમ્પ વિરુધ મહાભિયોગમાં નવા સાક્ષીઓ-દસ્તાવેજો રજૂ કરવાના પ્રસ્તાવને નકારાયો

વૉશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિરૂદ્ધ મહાભિયોગની કાર્યવાહી મામલે સેનેટે નવા સાક્ષીઓ અને દસ્તાવેજો રજૂ કરવાના ડેમોક્રેટ પાર્ટીના પ્રસ્તાવને નકારી દીધો છે. સેનેટના આ નિર્ણય બાદ એવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે કે સેનેટ આગામી સપ્તાહે જ રાષ્ટ્રપતિ ટ્રમ્પને તેમના પર લાગેલા આરોપોમાંથી મુક્ત કરી શકે છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ વિરૂદ્ધ ડેમોક્રેટ સાંસદોએ નવા સાક્ષીઓ રજૂ કરવાની મંજૂરી માંગ હતી કે જેથી પૂર્વ એનએસએ બોલ્ટનની યુક્રેનની મદદ રોકવા સંબંધી ગવાહી કરાવી શકાય. પરંતુ વિપક્ષના આ પ્રસ્તાવ પર રોક લગાવવા માટે ૫૧ મત પડ્યા. જ્યારે કે તેના પક્ષમાં ૪૯ મત પડ્યા.

૧૦૦ સભ્યો ધરાવતા સેનેટમાં રિપબ્લીકન પાસે ૫૩ અને ડેમોક્રેટ્સ પાસે ૪૭ બેઠકો છે. જો કે ટ્રમ્પની જ રિપબ્લીકન પાર્ટીના બે સેનેટર મિટ રોમની અને સુઝેન કોલિન્સે પાર્ટી લાઈન વિરૂદ્ધ મતદાન કર્યું અને ડેમોક્રેટ્સનો પક્ષ લીધો. મહત્વનું છે કે અમેરિકન સંસદના નીચલા ગૃહમાં ડેમોક્રેટ્સની બહુમતિ હોવાથી અહીં ટ્રમ્પ વિરૂદ્ધનો મહાભિયોગ પ્રસ્તાવ પસાર થઈ ગયો. પરંતુ સેનેટમાં આ પ્રસ્તાવ ફગાવાયા બાદ ટ્રમ્પ વિરૂદ્ધ મહાભિયોગ પસાર થવાની શક્યતા ખત્મ થઈ ગઈ છે.

આગામી બેઠક પેરિસમાં ૧૬થી ૨૧ ફેબ્રુઆરીએ યોજાશે

એફએટીએફ પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં યથાવત્ રાખે તેવી શક્યતા

ઈસ્લામાબાદ

પાકિસ્તાનની મુશ્કેલીઓ વધી શકે છે. ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સના ગ્રે લિસ્ટમાં તેને યથાવત રાખવામાં આવે તેવી શક્યતા છે. આંતરરાષ્ટ્રીય વોચડોગની આગામી બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. તેનું મુખ્ય કારણ પાકિસ્તાને આંતકી સંગઠનોને આર્થિક મદદ મળતી રોકવા માટે કોઈ મજબુત પગલા લીધા ના હોવાનું માનવામાં આવે છે.

આ જાણકારી યુરોપિયન દેશોનાં રાજદુતોએ આપી હતી. ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સની આગામી બેઠક પેરીસમાં ૧૬થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. તે પાકિસ્તાનનાં ૨૭ પોઈન્ટ ધરાવતા એક્સન પ્લાન પર કરવામાં આવેલી કામગીરીનું અવલોકન કરવામાં આવશે.

જુન ૨૦૧૮માં પાકિસ્તાનને ગ્રે લીસ્ટમાં મુકવામાં આવ્યું હતું, . લશ્કર એ તોયબા, જૈસ એ મોહમ્મહ, તાલિબાન અને અલ- કાયદા જેવા આતંકી સંગઠનોને ફંડ મળતું રોકવામાં નિષ્ફળ રહ્યું હોવાથી તેને આ યાદીમાં મુકવામાં આવ્યું હતું. આ નિર્ણય બાદ પાકિસ્તાનને જોરદાર આર્થિક ફટકો પડ્યો હતો. પાકિસ્તાનનું અર્થતંત્ર કંગાળ થવાના આરે આવી ગયું છે.

આમ વર્ષ ૨૦૨૦માં પણ પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં જ યથાવત રાખવામાં આવે તેવી પુરેપુરી શક્યતા છે. યુરોપીયન દેશનાં એક રાજદુતે કહ્યું હતું કે, જાણવા મળે છે કે, પાકિસ્તાને આંતરાષ્ટ્રિય જવાબદારીઓનાં અનુરૂપ પોતાના આતંકી સંગઠનો અને મની લોન્ડ્રીગ કાયદાઓ લાવવા તથા કાનુની માળખું સુધારવા માટે પગલા લીધા છે.

ડીએસપી દવિંદર સિંઘ કેસઃ એનઆઈએના જમ્મૂ-કાશ્મીરના શોપિયામાં દરોડા

શ્રીનગર

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) એ જમ્મુ-કાશ્મીરના શોપિયાંના અનેક વિસ્તારોમાં દરોડા પાડ્યા છે. એનઆઈએની આ કાર્યવાહી આતંકવાદીઓ સાથે પકડાયેલા ડીએસપી દવિંદર સિંઘ (સસ્પેન્ડ) કેસમાં કરવામાં આવી છે. દવિંદર સિંહ અને તમામ આતંકવાદીઓ હાલનાં દિવસોમાં રિમાન્ડ પર છે. એનઆઈએ આ કેસની તપાસ કરી રહી છે. આ અગાઉ ૨૩ જાન્યુઆરીએ સસ્પેન્ડ થયેલા ડીએસપી દવિંદર સિંહ કેસના આરોપીઓને રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન સસ્પેન્ડ થયેલા ડીએસપી દવિંદર સિંહ સહિત કુલ ચાર આરોપીઓને કોર્ટ સમક્ષ લાવવામાં આવ્યા હતા.

કોર્ટે સસ્પેન્ડેડ ડીએસપી દવિંદર સિંઘ, અન્ય ત્રણ આરોપીઓને ૧૫ દિવસના રિમાન્ડ પર મોકલી દીધા છે. તો સાથે જ આતંકીઓને મદદ કરનારા જમ્મુ-કાશ્મીર પોલીસનાં ડીએસપી દવિંદર સિંહનાં સપોર્ટર પર એનઆઈએની બે ટીમોએ શ્રીનગરનાં ઈદિરા નગર નૌગામ અને અન્ય જગ્યાઓ ઉપર દરોડા પાડ્યા હતા.

તેમાં સ્થાનિક ડોક્ટરનું ઘર પણ શામેલ છે. આ કાર્યવાહી દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો અને અન્ય સામગ્રી મળી આવી છે. બીજી તરફ, આ કેસમાં અન્ય એક વ્યક્તિ ઈરફના મુસ્તાકની ધરપકડ કરવામાં આવી હતી. તે ડીએસપી સાથે ધરપકડ કરાયેલા આતંકવાદીનો પરિજન હતો.

ચીનમાં ફસાયેલા પાક વિદ્યાર્થીઓએ કહ્યુ, શેમ ઓન યુ પાકિસ્તાન, ભારત પાસેથી શીખો

ઈસ્લામાબાદ

વુહાનમાં કોરોના વાયરસે મચાવેલા હાહાકાર વચ્ચે ભારતે વુહાનમાં ફસાયેલા પોતાના નાગરિકોને સહીસલામત ભારત લાવવાની વ્યવસ્થા કરી છે. બીજા દેશો પણ પોતાના નાગરિકોને ચીનમાં વિમાન મોકલીને પાછા બોલાવી રહ્યા છે. જોકે પાડોશી દેશ પાકિસ્તાન અપવાદ છે. પાકિસ્તાને ચીનમાં કોરોના વાયરસનુ એપી સેન્ટર ગણાતા વુહાનમાં રહેતા પાકિસ્તાની વિદ્યાર્થીઓને પાછા બોલાવવા કોઈ વ્યવસ્થા કરી નથી.જેનાથી આ વિદ્યાર્થીઓમાં ભારે રોષ છે. પાક વિદ્યાર્થીઓ વીડિયો બનાવીને પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. આવા જ એક વાયરલ વીડિયોમાં પાકિસ્તાની છાત્ર દુર ઉભેલી બસ બતાવીને કહી રહ્યો છે કે, આ બસમાં ભારતીય વિદ્યાર્થીઓ છે. બસ ભારતે તેમને લઈ જવા માટે મોકલી છે. આ તમામને એરપોર્ટ પર લઈ જવાશે અને તેમને ઘરે પહોંચાડાશે. બાંગ્લાદેશવાળા પણ પોતાના વિદ્યાર્થીઓને લઈ જવા આવ્યા છે અને અમે પાકિસ્તાનીઓ ફસાયેલા છે. જેમને સરકાર કહે છે કે, તમે ત્યાં મરો કે જીવો, અમે ત્યાંથી તમને નહી કાઢીએ, શેમ ઓન યુ પાકિસ્તાન, ભારત પાસેથી શીખો...

ચર્ચના કાર્યક્રમમાં હજારો લોકો સ્ટેડિયમમાં એકત્રિત થયા હતા

તાન્ઝાનિયામાં ધાર્મિક કાર્યક્રમમાં ભાગદોડઃ ૨૦નાં મોત

દાર એ સલામ

ઉત્તર તાન્ઝાનિયામાં ચર્ચના ધાર્મિક કાર્યક્રમમાં ભાગદોડ મચવાથી કચડાવાને લીધે ૨૦ જેટલા લોકોના મોત થયા છે જ્યારે ડઝન જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સરકારી અધિકારીએ જણાવ્યું છે.

માઉન્ટ કિલિમોન્જારો નજીક મોશી ગામમાં હજારો લોકો એક સ્ટેડિયમમાં એકત્રિત થયા હતા. 'પવિત્ર તેલ'ના છાંટા પોતાને સ્પર્શે તે માટે લોકોએ પડાપડી કરતા આ ભાગદોડ મચી હતી. મોશિ જિલ્લાના કમિશનર કિપ્પિ વારિઓબાએ જણાવ્યા મુજબ, ભાગદોડમાં ૨૦ જેટલા લોકોના મોત થયા છે અને ૧૬ ઘાયલ થયા હોવાનું પ્રાથમિક વિગતોમાં જણાયું છે. મૃતકોમાં પાંચ બાળકોનો સમાવેશ થાય છે.

કમિશનરે વધુમાં જણાવ્યા મુજબ કાર્યક્રમ દરમિયાન હાજર શ્રદ્ધાળુઓએ પવિત્ર તેલના છાંટા પોતાને અડે તે માટે પડાપડી કરતા આ કરૂણ ઘટના ઘટી છે. ચર્ચના કાર્યક્રમ દરમિયાન પેસ્ટર બોનીફેસ એમવામપોસાએ હજારોની જનમેદનીને સંબોધતા જણાવ્યું કે પવિત્ર તેલની મદદથી અનેક લોકો જે ચાલી શકતા નહતા તે ચાલતા થઈ ગયા છે અને ગંભીર બીમારીઓમાંથી સાજા પણ થયા છે.

સત્તાધીશોએ મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરી છે અને સાંજના સમયે દુર્ઘટના ઘટતા અંધારાને લીધે બચાવ અને રાહત કામગીરી ધીમી ચાલી રહી છે. તાન્ઝાનિયામાં શાંતિની પહેલ કરનારા અનેક પાદરીઓ તાજેતરમાં ઉભરતા જોવા મળ્યા છે. જે લોકોને જાદુઈ શક્તિ દ્વારા ગરીબીમાંથી બહાર લાવવા અને કુષ્ઠ રોગોમાંથી સાજા કરવાનો વિશ્વાસ આપે છે.

એલઆઈસીનો હિસ્સો વેચવાના વિરોધમાં કર્મચારીઓ ચોથીએ હડતાળ-પ્રદર્શન કરશે

ન્યુ દિલ્હી

ભારતીય જીવન વીમા નિગમમાં સરકારનો હિસ્સો વેચવાના નિર્ણયનો કર્મચારીઓએ કડક વિરોધ કર્યો છે. સરકારના આ પ્રસ્તાવના વિરોધમાં એલઆઈસીના કર્મચારી ૪ ફેબ્રુઆરીએ રાષ્ટ્રવ્યાપી હડતાળ પર જઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ હડતાળ એક કલાકની જ હશે. ત્યારબાદ કર્મચારી પ્રદર્શન કરશે.

નાણાપ્રધાને બજેટ રજૂ કરતાં દરમિયાન જાહેરાત કરી કે સરકાર એલઆઈસીમાં પોતાની ભાગીદારી વેચવાની છે. તેના માટે સરકાર આઈપીઓ લઈ આવી રહી છે. એલઆઈસી દેશની સૌથી મોટી વીમા કંપની છે. એલઆઈસીનો દેશના જીવન વીમા બજાર પર લગભગ ૩/૪ ભાગનો કબ્જો છે.

એલઆઈસીના ડિસઈન્વેસ્ટમેન્ટના નિર્ણયનો વિરોધ કરતાં જીવન વીમા નિગમ કર્મચારી એશોસિએશનના કોલકત્તા ડિવિઝનના ઉપાધ્યક્ષ પ્રદીપ મુખર્જીએ કહ્યું કે અમે મંગળવારે ૧૨.૧૫ વાગ્યાથી ૧.૧૫ વાગ્યા સુધી એક કલાકની હડતાળ કરીશું. ત્યારબાદ તમામ કાર્યાલયોમાં પ્રદર્શન પણ આયોજિત કરીશું. તેમને વધુમાં કહ્યું કે ત્યારબાદ અમે રસ્તા પર ઉતરીશું અને સરકારના આ પગલાનો વિરોધ કરીશું. અમે તમામ સાંસદોની પાસે પણ જઈશું અને પોતાનો વિરોધ દાખલ કરાવીશું.

શ્રીનગરના લાલ ચોકમાં ગ્રેનેડ હુમલોઃ બે જવાન શહિદ,ચાર સ્થાનિક ઘાયલ

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના લાલ ચોકમાં રવિવારે આતંકવાદીઓ દ્વારા ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં બે સીઆરપીએફ જવાનો શહિદ થયા છે જ્યારે ચાર સ્થાનિક લોકો ઘાયલ થયા છે.

આતંકીઓએ શ્રીનગરના વ્યસ્ત એવા લાલ ચોકમાં પ્રતાપ પાર્ક નજીક ફરજ પરના સીઆરપીએફ જવાન પર ગ્રેનેડ ફેંક્યો હતો. આ હુમલામાં ઈજા પામેલા બે જવાન અને ચાર નાગરિકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બે જવાનોના મોત થયા હતા.

સૌથી વ્યસ્ત લાલ ચોકમાં ગ્રેનેડ ફાટતા પ્રચંડ અવાજને પગલે આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. રવિવારની રજાને પગલે અહીં સ્થાનિકો મોટાપાયે બજારમાં ખરીદી માટે ઉમટતા હોય છે. આતંકવાદીઓએ વધુ ખુંવારીના ઈરાદે લાલ ચોકમાં જ ગ્રેનેડ હુમલો કર્યો હોવાની સંભાવના સુરક્ષા અધિકારીએ વ્યક્ત કરી છે. સુરક્ષાદળોએ ગ્રેનેડ હુમલા બાદ સમગ્ર વિસ્તારને ઘેરી નાકાબંધી કરી લીધી છે.

અમેરિકાનાં ફ્લોરિડામાં ફાયરિંગઃ ૨ લોકોનાં મોત, ૨ ઘાયલ

ફ્લોરિડા

અમેરિકાનાં ફ્લોરિડા શહેરમાં ગોળીબારનાં સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ આ ફાયરિંગ રિવીરા બીચ નજીકનાં ચર્ચમાં કરવામાં આવી હતી જ્યારે અહીં કોઈનાં અંતિમ સંસ્કાર ચાલી રહ્યા હતા. આ દરમિયાન એક વ્યક્તિએ ફાયરિંગ શરૂ કર્યુ હતુ. આ ફાયરિંગમાં બે લોકોનાં મોત નીપજ્યા હતા જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં ૧૫ વર્ષનો છોકરો અને એક વ્યક્તિ શામેલ છે. પોલીસે જણાવ્યું કે, ફાયરિંગ બપોરે ૨.૩૦ વાગ્યે વિક્ટોરિયા સિટી ચર્ચમાં થયું હતું. મળતી માહિતી મુજબ ૧૩ રાઉન્ડ ફાયરિંગ કરાયા હતા. પોલીસ આ ફાયરિંગની તપાસ કરી રહી છે, પરંતુ આ મામલે હજુ સુધી કોઈ ધરપકડ થઈ નથી. આપને જણાવી દઈએ કે, આ પહેલા ફ્લોરિડામાં ફાયરિંગનાં સમાચાર આવ્યા હતા. અચાનક જ અહીં એક વ્યક્તિએ ફાયરિંગ શરૂ કર્યુ હતુ, જેમાં ૫ લોકોનાં મોત નીપજ્યાં. હુમલાખોરે પોતાને પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

વડાપ્રધાનને સુરક્ષા આપનારી એસપીજીનું બજેટ ૬૦૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યું

ન્યુ દિલ્હી

આ વર્ષે બજેટમાં વડાપ્રધાનની સુરક્ષા કરતા સ્પેશ્યલ પ્રોટેક્શન ગ્રુપ માટે ૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. પહેલા એસપીજીનું બજેટ ૫૪૦ કરોડ રૂપિયા હતું. હત વર્ષના બજેટમાં તેને ૪૨૦ કરોડ રૂપિયાથી વધારીને લગભગ ૫૪૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યું હતું. વર્તમાનનામાં માત્ર વડાપ્રધાન પાસે ૩૦૦ જવાનો વાળી જેંડ સુરક્ષા છે.

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાને ગત વર્ષે નવેમ્બર સુધી એસપીજી સુરક્ષા મળી હતી. એસપીજી અધિનિયમની સમીક્ષા બાદ તેમની પાસેથી સુરક્ષા પાછી લેવામાં આવી હતી. આ અંગે જણાવાયું કે ગાંધી પરિવાર દ્વારા સુરક્ષાના પ્રોટોકોલનું ઉલ્લંઘન કરાઈ રહ્યું છે.

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પાસેથી પણ ઓગસ્ટમાં એસપીજી સુરક્ષા પાછી લેવાઈ હતી. આ પહેલા બે પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડા અને વીપી સિંહ પાસેથી પણ આ સુરક્ષા પાછી લેવામાં આવી હતી.

દિલ્હી વિધાનસભા
પહેલા પાનાથી ચાલુ

થશે અને ચૂંટણી પરિણામ જાહેર થશે. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની સામે પોતાની સત્તા બચાવવાનો પડકાર છે, તો ભારતીય જનતા પાર્ટી સત્તા કબજે કરવા મથી રહી છે.

ભાજપે ચૂંટણીમાં જીત મેળવવા દિલ્હીમાં પોતાના ૨૦૦ સાંસદો મેદાને ઉતાર્યા છે.

ત્યાર બાદ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પણ ભાજપે દિલ્હી ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. હવે વડાપ્રધાન મોદીની પણ એન્ટ્રી થઈ છે. બીજી બાજુ વડાપ્રધાનની રેલી બાદ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ દિલ્હીમાં ચૂંટણી સભા સંબોધશે. રાહુલ ગાંધી ૪ અને ૬ ફેબ્રુઆરીએ દિલ્હીમાં બે રેલીઓ કરી ચૂંટણી અભિયાનને ધાર આપવાનું કામ કરશે.

ભારતે ઇતિહાસ
પહેલા પાનાથી ચાલુ

કરતા ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૧૬૩ રન બનાવ્યા હતા જેના જવાબમાં કીવી ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૫૬ રન બનાવી શકી હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ૪ ઓવરમાં ૧૨ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. આ સિવાય નવદીપ સૈની તથા શાર્દુલ ઠાકુરને બે-બે તથા વોશિંગટન સુંદરને એક સફળતા મળી હતી. અંતિમ ટી-૨૦માં કેપ્ટન વિરાટ કોહલીને આરામ આપવામાં આવ્યો હતો અને રોહિત શર્માની કેપ્ટન્સી સોંપવામાં આવી હતી.

પરંતુ જ્યારે રોહિત શર્મા ઈજાગ્રસ્ત થતાં ફિલ્ડિંગ સમયે કે.એલ.રાહુલને કેપ્ટન્સી સોંપવામાં આવી હતી. ભારતે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. કે.એલ. રાહુલને મેન ઓફ ધ સિરિઝનો એવોર્ડ અપાયો હતો. પાંચ મેચોની ટી-૨૦ સિરિઝ જીતનાર પ્રથમ ટીમ બની ભારત. હવે બંન્ને ટીમ વચ્ચે ત્રણ મેચોની વન-ડે સિરિઝની પ્રથમ મેચ ૫ ફેબ્રુઆરીએ હેમિલ્ટનમાં રમાશે.

૧૬૪ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમને પ્રથમ ઝટકો માર્ટિન ગુપ્ટિલના રૂપમાં લાગ્યો જે ૨ રન નબાવી જસપ્રીત બુમરાહના બોલ પર એલબીડબલ્યુ આઉટ થયો હતો. ત્યારબાદની ઓવરમાં કોલિન મુનરો ૬ બોલ પર ૧૫ રન બનાવી વોશિંગટન સુંદરના બોલ પર બોલ્ડ થયો હતો. તો ચોથી ઓવરમાં ટોમ બ્રૂસ ખાતું ખોલાવ્યા વિના રનઆઉટ થયો હતો.

પોતાના કરિયરની ૧૦૦મી ટી૨૦ મેચ રમી રહેલ ન્યૂઝીલેન્ડના અનુભવી બેટ્સમેન રોસ ટેલરે અડધી સદી પૂરી કરી હતી. ટેલર ૪૭ બોલમાં ૫ ચોગ્ગા અને ૨ છગ્ગા સાથે ૫૩ રન ફટકારી આઉટ થયો હતો. ટીમ સાઉદી ૬ રન બનાવી આઉટ થયો હતો.

ઈનિંગની ૧૭મી ઓવર ફેંકવા આવેલા શાર્દુલ ઠાકુરે ફરી ભારતને વાપસી કરાવી હતી. તેણે આ ઓવરમાં પહેલા મિશેલ સેન્ટનર (૬)ને મનીષ પાંડેના હાથે કેચ કરાવ્યો હતો. ત્યારબાદ કુગ્ગેઈન (૦)ને વોશિંગટન સુંદરના હાથે કેચ કરાવીને કીવી ટીમને સાતમો ઝટકો આપ્યો હતો.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૧૬૩ રન બનાવ્યા હતા. ભારત તરફથી કેપ્ટન રોહિત શર્માએ સૌથી વધુ ૬૦ રન બનાવ્યા હતા. તે રિટાયર્ડ હર્ટ થયો હતો. આ સિવાય કેએલ રાહુલે ૪૫ રન અને શ્રેયસ અય્યરે અણનમ ૩૩ રનનું યોગદાન આપ્યું હતું.

મનીષ પાંડે ચાર બોલ પર એક ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૧ રન પર અણનમ રહ્યો હતો. આ ઈનિંગની સાથે રોહિતે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ ૨૫ વખત ૫૦ કે તેથી વધુનો સ્કોર બનાવ્યો હતો. તે વિરાટ કોહલી (૨૪)થી આગળ નિકળી ગયો છે. કોહલીએ ટી૨૦ આંતરરાષ્ટ્રીયમાં ૨૪ વખત અડધી સદી ફટકારી છે. તેના નામે એકપણ સદી નથી. ન્યૂઝીલેન્ડ તરફથી સ્કોટ કુગ્ગેલેને બે તથા હામિશ બેનેટે એક વિકેટ ઝડપી હતી.

૧૭મી ઓવરમાં રોહિત શર્મા પગની સ્નાયુઓમાં ખેંચાવને કારણે રિટાયર્ડ હર્ટ થયો હતો. રોહિતે ૪૧ બોલમાં ૬૦ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૩ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા હતા. રોહિત આઉટ થયા બાદ ભારતે અંતિમ ૨૦ બોલમાં માત્ર ૨૫ રન બનાવી શક્યું હતું.

કોરોના વાયરસ
પહેલા પાનાથી ચાલુ

ચીનમાં ભારતના રાજદૂત વિક્રમ મિસ્ત્રીએ જણાવ્યું કે, વુહાનથી એર ઈન્ડિયાની બીજી ફ્લાઈટ દ્વારા ૩૨૩ ભારતીય નાગરિકોને રવાના કરાયા છે. માલદિવના પણ સાત નાગરિકોને મોકલવામાં આવ્યા છે. અગાઉ શનિવારે ચીનના વુહાનથી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચેલા ૩૨૪ ભારતીયોને સ્ક્રીનિંગ બાદ આઈટીબીપી અને ભારતીય સેનના સેન્ટર મોકલવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચીનમાં શનિવાર સુધી કોરોનાવાયરસના સંક્રમણના મૃતકોની સંખ્યા ૩૦૪ થઈ ગઈ છે. અત્યાર સુધી ૧૪,૩૮૦ કેસ સામે આવ્યા છે. ચીનના ૩૧ પ્રાંત કોરોના વાયરસની ચપેટમાં આવી ગયા છે.

કોરોના વાઈરસનું એલર્ટ: ગુજરાતના બધા બંદરો પર સ્ક્રીનિંગ મશીનો મૂકાયા

અમદાવાદ

ગુજરાતના બંદરો પર દેશના ત્રીજા ભાગનો માલ કાર્ગોથી આવે છે, ત્યારે દરિયાઈ માર્ગથી ચીનમાં ફેલાયેલો જીવલેણ કોરોના વાઈરસ રાજ્યમાં ન ફેલાય તે માટેની સાવધાની રાખવામાં આવી રહી છે. ગુજરાત મેરિટાઈમ બોર્ડે બધા પોર્ટ પર સ્ક્રિનિંગ મશીન મૂકી દીધા છે, જેથી દરિયાઈ માર્ગે રાજ્યમાં આવતા લોકોનું સ્કેનિંગ કરી શકાય.

સૂત્રોએ જણાવ્યું કે, કંડલા બંદર પર ચીન, હોંગકોંગ અને સીંગાપોરથી મોટી સંખ્યામાં જહાજો, કૂ અને પેસેન્જર આવતા હોય છે. એવામાં સ્વાસ્થ્ય મંત્રાલયે દરેક એન્ટ્રી પોર્ટ પરથી વાઈરસને ભારતમાં દાખલ થતો રોકવા જણાવ્યું છે. આ મામલે શીપિંગ મંત્રાલયના સેક્રેટરીએ બંદરો પર કરાયેલી સુરક્ષા જોવા માટે સીનિયર અધિકારીઓ સાથે ગુરુવારે મુલાકાત કરી હતી.

ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચીફ નોટિકલ ઓફિસર કેપ્ટન એ.બી સોલંકીએ જણાવ્યું કે, કંડલા પોર્ટ હેલ્થ ઓર્ગેનાઈઝેશને બધા પાઈલોટ, ક્રસ્ટમ્સ અને ઈમિગ્રેશન અધિકારીઓને હેલ્થ એડવાઈઝરીનું ચુસ્ત પાલન કરવા કહ્યું છે, અને પીએચઓના ક્લિયરન્સ વિના કોઈપણ જહાજને પોર્ટ પર આવવા નહીં દેવાય.

આ એડવાઈઝરીમાં શંકાસ્પદ લાગતા પેસેન્જર્સ સાથે કૂ મેમ્બર્સનું પણ સ્ક્રીનિંગ કરવા માટે કહેવાયું છે. બધા જીએમબી પોર્ટ ઓફિસમાં માસ્ક રાખવા તથા કોરોના વાઈરસ માટે થર્મલ સ્ક્રીનિંગ લગાવવા કહેવાયું છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં અત્યાર સુધી ચીનથી આવેલા ૩૯ જેટલા લોકોનું સ્ક્રીનિંગ કરાયું છે.

જાતિના ખોટા પ્રમાણપત્રોના આધારે સરકારી નોકરી મેળનારા સામે આદિવાસીઓનું આંદોલન

ગાંધીનગર

છેલ્લા દસ દિવસથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આદિવાસીઓ આંદોલન કરી રહ્યા છે. તેમની માંગણી છેકે આદિવાસીઓના નામે ખોટા પ્રમાણપત્રો મેળવીને કેટલાક લોકો સરકારી નોકરીઓ મેળવી રહ્યા છે જેને કારણે તેમના મૂળભૂત અધિકારોનુ હનન થઈ રહ્યુ છે. આજે આદિવાસીઓના આંદોલનનો અગિયારમો દિવસ છે ત્યારે સમગ્ર રાજ્યમાં થી આદિવાસીઓને ગાંધીનગર ખાતે આવી પહોંચવા આદિવાસી સમાજ દ્વારા આહવાન કરવામાં આવ્યુ હતુ.

પરંતુ, આદિવાસીઓ ગાંધીનગર પહોંચે એ પહેલાજ સ્થાનિક પોલીસ દ્વારા આદિવાસીઓને ડીટેઈન કરી લેવામાં આવ્યા હતા.જેમાં કોગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલનો પણ સમાવેશ થાય છે. જોકે નિઝરના કોંગ્રેસના ધારાસભ્ય સુનિલ ગામીત અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન તુષાર ચૌધરી તેમના સમર્થકો સાથે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પહોંચવા મા સફળ રહ્યા હતા અને તેઓએ આ આંદોલનને તેમનો ટેકો જાહેર કર્યો હતો અને જો રાજ્ય સરકાર આ મુદ્દે કોઈ નિર્ણય નહી લે તો આગામી સમયમાં આંદોલનને ઉગ્ર બનાવવાની તેમજ વિધાનસભા ઘેરાવની ચીમકી ઉચ્ચારી હતી.

કલેક્ટર દ્વારા પત્રકારોને ૫૦-૫૦ હજારની સહીવાળા ચેક મામલે કોંગ્રેસ આક્રમક

ભાજપના જ લોકો કૌભાંડ આચરે છે અને છાવરવામાં પણ આવે છે: લલિત કગથરા

રાજકોટ

કથિત રાજકોટના કલેકટર કૌભાંડ મુદ્દે પીધ કોંગ્રેસી નેતા લલિત કથાગરા એ ગંભીર આક્ષેપ કર્યા છે. રાજકોટમાં ઉજવાયેલા રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વના કવરેજ માટે સ્થાનિક પત્રકારોને ૫૦-૫૦ હજારના કલેક્ટરની સહીવાળા ચેક આપવા મામલે કોંગ્રેસના નેતા લલિત કગથરાએ ગંભીર આક્ષેપ કર્યા છે. કગથરાએ આડકતરી રીતે રાજય સરકાર સામે આંગળી ચીંધતા આક્ષેપ કર્યો છે કે કવર આપવા માટે ઉપરથી આદેશ અપાય છે.

લલિત કગથરાએ કહ્યું કે આ કાદેયસરની પત્રકારોને લાંચ આપવામાં આવી છે. એટલે કલેક્ટર સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ. લાંચ લે અને લાંચ આપે તે તમામ ગુનેગાર છે. પત્રકારોને લાંચ આપવી તે ફોજદારી ગુનો બને છે. તેઓએ વધુમાં કહ્યું કે રાજકોટમાં આવું બને તે શરમની વાત છે. ઉજવણીના નામે ઉદ્યોગપતિઓ પાસેથી પૈસા ઉઘરાવવામાં આવે છે. અને ખોટા ખર્ચા કરવામાં આવે છે. ત્યારે સમગ્ર મામલે તપાસ થવી જોઈએ.

રાજ્યની ભાજપ સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે ભાજપના જ લોકો કૌભાંડ આચરે છે અને તેમને છાવરવામાં પણ આવે છે તો મગફળી કૌભાંડનો પણ ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે કોંગ્રેસે અનેકવાર કૌભાંડો ઉજાગર કર્યા, પરંતુ કાર્યવાહી થતી નથી. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસનું કોઈ માનતું જ નથી.

કમિશનરનું જાહેરનામુ ૩૧ માર્ચ સુધી અમલી રહેશે

અમદાવાદમાં આતંકી હુમલાની દહેશત...!!, પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડ્યુ

અમદાવાદ

અમદાવાદમાં ફરી એકવાર આતંકી હુમલાની દહેશત અમદાવાદ પોલીસ કમિશનરે વ્યક્ત કરી છે. અમદાવાદ પોલીસ કમિશનરે અમદાવાદમાં આતંકી હુમલાની દહેશતના પગલે તમામ શોપિંગ મોલની સુરક્ષા વધારવા માટે આદેશ આપ્યા છે. મહારાષ્ટ્રમાં પોલીસના વાહનો ઉપર એલ.ઈ.ડી બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો તેમજ સાયબર મીડિયા પ્લેટફોર્મ ટેલિગ્રામ ઉપર ચેનલ અલ-હિન્દ, જૈશ-એ-મહમદ જેવાં સંગઠનો દ્વારા શાંતિ ડહોળવાનો ધમકી ભર્યો ઈ-મેલ ગુપ્તચર એજન્સીઓને મળ્યો હતો. જે બાદ અમદાવાદ પોલીસ કમિશનરે એલર્ટ રહેવા માટે જાહેરનામું બહાર પાડ્યું હતું.

અમદાવાદ શેહર પોલીસ કમિશનર આશિષ ભાટીયાએ જાહેરનામુ બહાર પાડતાં જણાવ્યું છે કે, મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના પોલીસ વાહન પર એલ.ઈ.ડી બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ટેલિગ્રામ ચેનલ અલ-હિન્દ, જૈશ-એ-મહમદ જેવાં સંગઠનો દ્વારા આંતરિક શાંતિને ડહોળવાનો ધમકી ભર્યો ઈ-મેઈલ ગુપ્તચર એજન્સીઓ દ્વારા મળ્યો છે. જેથી અમદાવાદ શહેર વસ્તીની દ્રષ્ટિએ મોટું અને આર્થિક રીતે મહત્વનું શહેર હોવાથી શહેરમાં ઈન્ટરનેશલ અને નેશનલ અલગ-અલગ બ્રાન્ડનાં શોપિંગ મોલ આવેલાં છે. શોપિંગ મોલ પ્રવેશતાં તમામ વાહનો ઊંડાણપૂર્વક ચેકિંગ કરવું અને મોલમાં પ્રવેશતાં તમામ વ્યકિઓનાં સામાન, હેન્ડ બેગ વગેરે સ્કેનર મશીનોનો ઉપયોગ કરવો તેમજ વાહનનું પણ ચેકિંગ કરવું તથા ભીડભાડવાળા વિસ્તારોમાં પોલીસને એલર્ટ રહેવા આદેશો આપવામાં આવ્યા છે. આ જાહેરનામું તા. ૩૧ માર્ચ સુધી અમલી રહેશે.

પંચમહાલમાં એમજીવીસીએલનાં કર્મચારી ૫૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા

પંચમહાલ

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા ખાતે આવેલી મધ્ય ગુજરાત વીજ કંપનીમાં ફરજ બજાવતા લાઈનમેનને માત્ર ૫૦૦ રૂપિયાની લાંચ લેતા ડિકોયરની મદદથી પંચમહાલ એસીબીએ ઝડપી પાડ્યા હતા.

પંચમહાલ જીલ્લાના ઘોંઘબા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં એમજીવીસીએલનાં કેટલાક કર્મચારીઓ અરજદારો પાસેથી ખેતરમાં વીજકનેકશનના નવીન મીટર લગાડવાના નામે ૧૦૦૦-૫૦૦ રુપિયા લેતા હોવાની પંચમહાલ એસીબીને બાતમી મળી હતી.તેના પગલે પંચમહાલ એસીબી દ્વારા ડિકોયરનો સહકાર મેળવી ટ્રેપગોઠવામા આવી હતી.જેમા ઘોંઘબા એમજીવીએલ કચેરીમાં ફરજ બજાવતા જશુભાઈ હીરાભાઈ પરમાર પોતે ડિકોયર પાસેથી ખેતરમાં વીજકનેક્શનનું નવીન મીટર લગાડી આપવાના કામે રૂપિયા ૫૦૦ની લાંચની માગણી કરી હતી.જેના પગલે વડોદરા એકમના ઈ.ચા મદદનીશ નિયામક એન.ડી.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ગોધરા એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર.દેસાઈ અને પીઆઈ જે.એન ડામોરની ટીમ દ્વારા ગોઠવામા આવેલ છટકામાં લાઈનમેન જશુભાઈ ઝડપાઈ ગયા હતા. આ અંગે એસીબીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લુણાવાડામાં ગાંજાનું વાવેતર કરનાર બે લોકોને કોર્ટે ૧૦ વર્ષ સજા ફટકારી

લુણાવાડા

લુણાવાડા તાલુકાના માવાની મુવાડી ખાતે તુવેરના ખેતરમાં ગાંજાના છોડનું વાવેતર કરતા ઝડપાયેલા બે આરોપીઓને મહીસાગર સેશન્સ કોર્ટે કરી ૧૦ વર્ષ સખત કેદની સજા ફટકારી છે. જેથી ગેરકાયદેસર માદક દ્રવ્યોનું વાવેતર કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

લુણાવાડા તાલુકાના લાલસર પાસેની માવાની મુવાડી ગામે વગર પાસ પરમીટે રૂપાભાઈ પગી અને ખાતુભાઈ પગી પોતાના ખેતરમાં ગેરકાયદેસર રીતે લીલાશ પડતા ફુલ પાંદડી દાંડી સહિતના માદક વાસવાળા વનસ્પતિજન્ય ગાંજાના છોડનું વાવેતર કરતાં હતાં. જેની બાતમી પંચમહાલ આર.આર.સેલને મળતાં તેમણે કોઠંબા પોલીસ અને બાલાસિનોર પોલીસને સાથે રાખી ખેતરોમાં જઈને આરોપની ધરપકડ કરી હતી. તેમજ ખેતરમાંથી ૪૧૯ નંગ કુલ વજન ૪૭૧ કિલો ગાંજો મળી આવ્યો હતો. જેની કુલ કિંમત ૪૭ લાખ ૧૦ હજાર થાય છે.તેમજ બીજા અન્ય બીજા એક ખેતરમાંથી છુટા છવાયા ગાજાના બાર છોડ મળેલ તેમ કુલ ૪૩૧ છોડ નું કુલ વજન ૪૭૪ કિલો ગ્રામ છે, જેની કુલ કિંમત ૪૭,૪૦,૦૦૦ મુદ્દામાલ સાથે આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એએમસીનો સપાટો: ૧૩ ભોંયરાનું બાંધકામ ધ્વસ્ત, ૩૦૦થી વધુને સીલ

અમદાવાદ

પાર્કિંગની જગ્યાએ ગેરકાયદે બાંધકામ કરી દેનારા કોમ્પલેક્ષ અને હોટલો સામે મ્યુનિસિપલ કોપોર્રેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સપાટો બોલવાયો છે. છેલ્લા ત્રણ દિવસમાં એએમસીએ શહેરના અલગ-અલગ ૩૯ કોમ્પલેક્સની અંદાજે ૩૦૦થી વધુ ગેરકાયદેસર બાંધકામ પર સીલ મારી દીધું છે. ત્યારે ૧૩ ભોંયરાનું બાંધકામ તોડી પાડ્યું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પશ્ચિમ અને મધ્ય ઝોનના અલગ-અલગ કોમ્પલેક્સમાં ગેરકાયદેસર બાંધકામ હટાવવાની કામગીરી શરૂ કરી દીધી છે. છેલ્લા ત્રણ દિવસમાં અંદાજે ૩૦૦થી વધારે ગેરકાયદેસર બાંધકામ પર સીલ મારવામાં આવ્યું છે. અચાનક દુકાનો સીલ કરાયા વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. બિલ્ડરો ગેરકાયદેસર જગ્યાઓ પર કોમ્પ્લેક્સ બનાવી વેચીને જતા રહ્યા છે જ્યારે હવે કોમ્પ્લેક્સોમાં સીમ વાગતા નુકસાન વેપારીઓને ભોગવવાનો વારો આવ્યો છે. કેટલાક વેપારીઓ ૨૦-૨૫ વર્ષથી અલગ-અલગ ધંધો કરી રહ્યા છે. બીજી તરફ સીલ થયેલી દુકાનો ક્યારે ખુલશે? અથવા ખુલશે કે નહીં તેવી વેપારીઓએ ચિંતા વ્યક્ત કરી છે.

પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં..! બાઈક મોરબીમાં અને મેમો રાજકોટથી આવ્યો

મોરબી

પોલીસ દ્વારા સીસીટીવી કેમેરા પ્રોજેક્ટ દ્વારા ઈ-ચલણ આપવામાં આવે છે અને ટેકનોલોજીના આધારે ટ્રાફિક નિયમન અને દંડ વસુલાત કાર્યવાહી કરાઈ રહી છે. જો કે ટેકનોલોજીના ઉપયોગ છતાં અનેક છબરડાઓ જોવા મળે છે. જેમાં મોરબીના એક યુવાનનું બાઈક રાજકોટ ગયું જ ન હોય તેમ છતાં તેના ઘરે ૧૦૦૦ રૂપિયાનો મેમો આવ્યો છે. મોરબીના વાવડી રોડ પર ગણેશનગરમાં રહેતા જગદીશભાઈ ધીરુભાઈ કણઝારીયા પાસે બાઈક GJ ૦૩ ઈબી ૪૭૫૩ હોય જે બાઈકનો ૧૦૦૦ રૂપિયાનો મેમો મોકલ્યો છે. જેમાં રાજકોટની સદર બજારમાં વન વે નિયમ ભંગ બદલ આ મેમો આપવામાં આવ્યો છે. જોકે બાઈકના માલિક જગદીશભાઈ કણઝારીયાએ જણાવ્યું કે, તેનું બાઈક ગત તારીખ ૧૮ના રોજ મોરબી તેના ઘરે જ હતું અને રાજકોટ ગયું જ નથી તો પછી વનવે નિયમ ભંગ અને મેમોની વાત જ ક્યાં આવે છે.

ટ્રમ્પ આવશે અમદાવાદ: મોટેરા સ્ટેડિયમ નજીક હેલિપેડ બનશે

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફેબ્રુઆરી મહિનમાં અમદાવાદની મુલાકાત આવવાના છે. આ સૂચિત કાર્યક્રમને લઈને વહિવટી તંત્રએ કમર કસી લીધી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદમાં સાબરમતી રીવરફ્રન્ટ બાદ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાની મુલાકાતે આવશે તેવું સૂત્રો જણાવી રહ્યા છે. દરમિયાન મોટેરા સ્ટેડિયમમાં ટ્રમ્પની મુલાકાત માટે સ્ટેડિયમ નજીક હેલિપેડ તૈયાર કરવામાં આવશે. સ્ટેડિયમના કમ્પાઉન્ડ પાસે હનુમાન મંદિર પાસેથી ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી સહિતના વીવીઆઈપીની એન્ટ્રી થશે. ફેબ્રુઆરીમાં અમદાવાદમાં 'હાઉડી મોદી'ની જેમ 'કેમ છો ટ્રમ્પ' કાર્યક્રમ યોજાવાનો છે. આ કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે કેટલાક એનઆરઆઈ ભારતીયોએ ગુજરાતમાં ધામા નાખી દીધા છે. જોકે, હજુ આ કાર્યક્રમને સત્તાવાર સમર્થન નથી મળ્યું પરંતુ આ મુલાકાત અંગે ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ નિવેદન આપ્યું હતું. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીના પ્રચારમાં ગયેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દિલ્હીમાં નિવેદન આપ્યું હતું કે 'ડોનાલ્ડ ટ્રમ્પ સાબરમતી રીવરફ્રન્ટની મુલાકાતે આવવાના છે જેનો વિકાસ વડાપ્રધાન મોદીએ કર્યો છે. અમેરિકન રાષ્ટ્રપ્રમુખની સંભવિત મુલાકાતને લઈને સાબરમતી વિસ્તારમાં રોડ રસ્તાના કામો પૂરજોશમાં છે.

દવા સપ્લાય કરનાર ભરત ચૌધરી વોન્ટેડ

ઉડતા અમદાવાદ..! પાન પાર્લરમાંથી નશીલી કફ સીરપનો જથ્થો મળ્યો

અમદાવાદ

શહેરમાં ગાંજો દારૂ ખુલ્લેઆમ વેચાતા હોવાનાં અનેક કિસ્સાઓ સામે આવ્યાં છે પણ હવે નશીલી કફસીરપ પણ વગર પાસ પરમિટે વેચાતી હોવાનું સામે આવ્યું છે. કાગડાપીઠ પોલીસે બાતમીનાં આધારે એક પાનનાં ગલ્લામાંથી નશીલી કફ સીરપનો સાતેક હજાર બોટલ જેટલો જથ્થો કબજે કરીને એક આરોપીની ધરપકડ કરી છે. આ કેસમાં મુખ્ય સપ્લાયરની પોલીસે શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, કાગડાપીઠ પોલીસ સ્ટેશનની હદમાં થોડા વર્ષો પહેલા દેશી દારૂ પીવાથી લઠ્ઠાકાંડ થયો હતો અને હવે નશીલી કફસીરપો આ જ પોલીસ સ્ટેશનની હદમાંથી એટલે કે બહેરામપુરામાંથી ઝડપાતા આ વિસ્તારમાં નશાની હાટડીઓ બંધ નથી થઈ તેવું મનાઈ રહ્યું છે.

કાગડાપીઠ પોલીસને બાતમી મળી હતી કે, બહેરામપુરામાં આવેલા દેવાંશી પાન પાર્લરનો માલિક નશીલી દવાઓનો જથ્થો રાખી વેચાણ કરે છે. તેની પાસે કોઈ પાસ પરમિટ નથી. જેથી પોલીસે એક ટીમ બનાવી હતી. આ ટીમે આ પાન પાર્લર પર એક ડમી ગ્રાહક મોકલ્યો હતો અને આ ગ્રાહકે જઈને કફ સીરપ માંગી હતી. પાનનાં ગલ્લાવાળાએ તેને દવાની બોટલ આપતા જ પોલીસે રેડ કરી અને તપાસ હાથ ધરી હતી. દુકાનમાંથી અનેક બોટલો પોલીસને મળી આવી હતી. જેથી પોલીસે આરોપી પંકજ ડાંગરની ધરપકડ કરી હતી. પંકજ ડાંગરની ધરપકડ કર્યા બાદ તેની પૂછપરછ હાથ ધરતા તેણે અન્ય એક જગ્યાએ મકાન ભાડે રાખી ત્યાં પણ માલ સંતાડ્યો હોવાનું કહેતા પોલીસે તે જગ્યાએથી પણ આ નશીલી દવાઓનો જથ્થો કબજે કર્યો હતો.

પોલીસે કુલ સાતેક હજાર જેટલી કફ સીરપની નશીલી દવાઓનો જથ્થો કબજે કરી નાર્કોટિક્સ એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું છે. દવા સપ્લાય કરનાર ભરત ચૌધરી છે. જેથી પોલીસે તે વોન્ટેડ ભરતની પણ શોધખોળ હાથ ધરી છે. સૂત્રોનાં જણાવ્યા મુજબ મોટાભાગનાં યુવાધનમાં આ દવાઓનો નશો કરાતો હોવાથી આ દવા વેચાય છે. આ જ વિસ્તારની અનેક ચાલીઓના લોકોને દારૂ કે અન્ય કોઈ નશો ન મળે તો તે કફસીરપ પીવાનો નશો કરતા હોય છે.

માનસિક અસ્થિર યુવતી સાથે પશ્ચિમ બંગાળના યુવકે દુષ્કર્મ આચરી માર માર્યો

અમદાવાદ

શહેરનાં એસજી હાઈવે પર નિરમા યુનિવર્સિટી પાસેની ઝાડીઓમાં માનસિક અસ્થિર યુવતી સાથે પશ્ચિમ બંગાળના યુવકે દુષ્કર્મ આચરી તેને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. યુવતીઓ અવાજ આવતા ત્યાંથી પસાર થતા કેટલાક યુવકોએ ઝાડીઓમાં જઈ ટોર્ચ મારી જોતા યુવતી સાથે યુવક જોવા મળ્યો હતો. સોલા પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

નિરમા યુનિ. પાસે આવેલા તિરૂપતિ આકૃતિ ગ્રીન બાજુની ઝાડીઓ પાસેથી જીગ્નેશભાઈ અને તેમના મિત્રો રોડ પરથી પસાર થતા હતા. દરમ્યાનમાં ઝાડીઓમાં કાંઈક અજુગતુ થતું હોવાની તેઓને શંકા ગઈ હતી. જેથી ટોર્ચ ચાલુ કરી ત્યાં જમીન પર નગ્ન હાલતમાં એક યુવતી લોહીલુહાણ હાલતમાં જોવા મળી હતી. તેની સાથે નગ્ન હાલતમાં હતો. યુવકને ઝડપી પાડી પોલીસને જાણ કરી હતી. સોલા પોલીસે ઘટનાસ્થળે પહોંચી યુવતીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. પોલીસે પૂછપરછ કરી પણ તે કાંઈ બોલી શક્તી ન હતી અને માનસિક અસ્થિર જેવી જણાઈ હતી. સોલા પોલીસે યુવતી સાથે પકડાયેલા યુવક રાજકુમાર મંડલ (ઉ.વ. ૩૦, રહે.મુળ-પશ્ચિમ બંગાળ)ની ધરપકડ કરી છે.

૨૪ કલાક સુધી કોલ્ડવેવની આગાહી

રાજ્યમાં નલિયા ૬.૩ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર

ગાંધીનગર

રાજ્યમાં હાડ થીજવતી ઠંડીનો અહેસાસ હજુ યથાવત જોવામાં આવી રહ્યો છે. ઠંડીનાં કહેર સાથે અપર-લો-ડેન્સીટી સાથેનો પવન ઠંડકમાં વધારો કરતો જોવામાં આવી રહ્યો છે. ગુજરાતભરમાં ઠંડીના ચમકારા વચ્ચે હંમેશની માફક આજે પણ નલિયા ગુજરાતમાં સૌથી ઠંડુગાર જોવામાં આવ્યું. નલિયાનું તાપમાન ૬.૩ ડિગ્રી નોંધવામાં આવ્યું છે.

ગુજરાતનાં અન્ય મહાનગરોની તો છેલ્લા ઘણા દિવસથી ઠંડીનો ચમકારો તમામ શહેરોમાં યથાવત જોવામાં આવી રહ્યો છે. પવન સાથેની ઠંડીથી મહાનગરોમાં દિવસભર ઠંડીનો અનુભવ થાય છે. હવામાન ખાતા દ્વારા આપવામાં આવતી જાણકારી મુજબ આ સપ્તાહમાં પણ ઠંડીમાં વધારો થઈ શકે છે. અમદાવામાં લઘુત્તમ ૧૧.૨ ડિગ્રી તાપમાન નોંધવામાં આવ્યું હતું, તો રાજકોટમાં લઘુત્તમ ૧૦.૩ ડિગ્રી, વડોદરામાં લઘુત્તમ ૧૨.૨ ડિગ્રી અને સુરતમાં ૧૩.૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધવામાં આવ્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ફેબ્રુઆરીમાં આકરી ઠંડીનો સામનો કરવા તૈયાર થઈ જાવ. આગામી ૨૪ કલાક સુધી કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. ૧૨ શહેરોમાં ૧૧ ડિગ્રીથી નીચા તાપમાન સાથે ઠંડી યથાવત્ રહેશે.

સુરત એર કાર્ગો ટર્મિનલનો લાભ લેવા વેપારીઓને ચેમ્બરની અપીલ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈ અખબારી યાદીમાં જણાવે છે કે, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોની સુરત એરપોર્ટ પરથી એર કાર્ગો સેવા શરૂ કરવાની લાંબા સમયની માંગણી સંતોષાઈ છે. બુધવારે, તા. ૨૯મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સુરત એરપોર્ટ પરથી સુરત એર કાર્ગો ટર્મિનલની શરૂઆત થઈ ગઈ છે. કાર્ગો ટર્મિનલમાં સર્વેલન્સ અને સિકયુરિટી સિસ્ટમ ખૂબ જ આધુનિક ગોઠવવામાં આવી છે. જેને કારણે સુરતના ઉદ્યોગોનો ગ્રોથ હજી વધશે.

કોઈપણ બિઝનેસમાં ગ્રોથ માટે લોજિસ્ટીક ખૂબ જ મહત્વનું હોય છે. એના માટે રેલ્વે, રોડ અને એર કનેકટીવિટી જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાત હોય છે. આજના યુગમાં એર કાર્ગોની સૌથી મહત્વની ભૂમિકા રહેતી હોય છે. કારણ કે, રેલ્વે તથા રોડની સામે એર કાર્ગો વધારે ઝડપથી સેવા આપી શકે. પેરીશેબલ (અમુક સમય બાદ નાશ પામતી ચીજવસ્તુઓ) કાર્ગો માટે સમયપર ડિલીવરી ખૂબ જ જરૂરી હોય છે.

અત્યાર સુધી નિર્યાતકારો તેમની પ્રોડકટ અન્ય શહેરોથી મોકલતા હોવાથી તેમાં સમય અને રૂપિયા બંને વેડફાતા હતા. હવે ડાયરેકટ સુરતથી જ પ્રોડકટ મોકલવાનું શરૂ થયુ છે ત્યારે ઓછા સમયમાં અને ઓછા ખર્ચે આયાતકારો અને નિર્યાતકારો તેઓની પ્રોડકટ દેશ તથા વિદેશના ખૂણે મોકલી શકે છે અને મંગાવી પણ શકે છે. આથી ચેમ્બર સુરત એર કાર્ગો ટર્મિનલની સેવાનો લાભ લેવા માટે ઉદ્યોગકારો તેમજ આયાત–નિર્યાતકારોને ખાસ અપીલ કરે છે. સુરત એર કાર્ગો ટર્મિનલની સેવાનો લાભ લેવા માટે ચેમ્બરે એક હેલ્પલાઈનની પણ શરૂઆત કરી છે. ચેમ્બરના લેન્ડલાઈન નંબર ૦૨૬૧–૨૨૯૧૧૧૨ નો સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકાશે.

હાલમાં સુરત એરપોર્ટથી જુદી–જુદી એરલાઈન્સ જેવી કે સ્પાઈસ જેટ, ઈન્ડીગો અને એર ઈન્ડીયા દ્વારા ડોમેસ્ટીક કાર્ગો લઈ જવામાં આવે છે. સુરત એરપોર્ટ પરથી વાર્ષિક કુલ આશરે ૩ હજાર મેટ્રીક ટન કાર્ગો નોંધાયો છે. હવે તૈયાર થયેલા કાર્ગો ટર્મિનલની ક્ષમતા વાર્ષિક ૫૦ હજાર મેટ્રીક ટન કાર્ગોની છે. ટેક્ષ્ટાઈલ, ડાયમંડ, કેમિકલ, એગ્રીકલ્ચર (કેરી, ચીકુ, કેળા વિગેરે ફળફળાદી), ફલોરીકલ્ચર અને સી ફૂડ સહિત તમામ ઉત્પાદનો માટે કાર્ગોની સુવિધા છે. કાર્ગો ટર્મિનલ ખાતે બે સ્ટ્રોન્ગ રૂમ તથા બે કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કરવામાં આવ્યુ છે.

વર્ષ ૨૦૧૭થી એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ કાર્ગો પ્રોજેકટની કામગીરી આરંભી હતી, જે વર્ષ ૨૦૧૯માં પૂર્ણ થઈ હતી. સુરત એરપોર્ટ પર વિકાસના નવા પ્રોજેકટ હાથ ધરાયા છે. રન–વે તથા પેરેલલ ટેકસી–વેની કામગીરી પૂર્ણ થતા સુરત એરપોર્ટની ક્ષમતા વધશે. કાર્ગો ટર્મિનલના આરંભ સાથે જ સ્પાઈસ જેટ દ્વારા ખાસ ફ્રેઈટર એરક્રાફટ (સ્પાઈસ એક્ષ્પ્રેસ) સર્વિસ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી અને તા. ૧૫ ફેબ્રુઆરીથી સ્પાઈસ જેટ ફ્રેઈટર ઓપરેટ કરશે.

લઘુ-સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો માટે ચેમ્બરમાં કાર્યક્રમ યોજાયો

ઉદ્યોગોના વિકાસ માટે હેતુ લક્ષી માર્ગદર્શન

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના સંયુકત ઉપક્રમે શુક્રવારે, તા. ૩૧/૧/૨૦૨૦ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે ઉદ્યોગ સાહસિકો માટે 'એમએસએમઈ ઓર્ડીનન્સ, સરકાર સાથે બેંક ઓફ બરોડા અને નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જના થયેલા સમજૂતિ કરાર અને સરકારની સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ માટે સરકારની સ્કીમ વિશે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યુ હતુ. જેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના જનરલ મેનેજર શ્રી મીતેશ લાડાની, સુશ્રી રીયા મોટવાની, નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જના મેનેજર શ્રી નૈમીષ ઝવેરી, નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સિનિયર બ્રાન્ચ મેનેજર શ્રી પ્રદીપ કુમાર અને બેંક ઓફ બરોડાના ચીફ મેનેજર શ્રી અરૂણેશ કૃષ્ણા દ્વારા હેતુલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ આ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં ઉદ્યોગકારો તેમજ ઉદ્યોગ સાહસિકોને સરકારની એમએસએમઈની સ્કીમોનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

શ્રી મીતેશ લાડાનીએ એમએસએમઈ ઓર્ડીનન્સ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, એક મહિના પહેલાં જ એમએસએમઈ ઓર્ડીનન્સ પાસ કરવામાં આવ્યુ છે. જેમાં સિંગલ વીન્ડો કલીયરન્સ એકટ મુજબ જ કામગીરી કરવામાં આવે છે. અગાઉ ઉદ્યોગ સાહસિકોને બિઝનેસ શરૂ કરવા માટે મંજૂરી માટે દોઢેક મહિના જેટલો સમય લાગતો હતો પણ એમએસએમઈ ઓર્ડીનન્સમાં કોઈપણ પ્રકારનો બિઝનેસ શરૂ કરવા માટે ત્રણ વર્ષ સુધી કોઈપણ મંજૂરી લેવાની રહેતી નથી અને ઈન્સ્પેકશન પણ થતુ નથી. તેમણે ડીલે પેમેન્ટ મોનીટરીંગ વિશે પણ માહિતી આપી હતી. સાથે જ એમએસએમઈ સમાધાન માટે શરૂ કરવામાં આવેલા પોર્ટલ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે આ ટોટલ ઓનલાઈન સિસ્ટમ છે. તેમણે ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ માટે તેમજ પ્રોડકટ ડેવલપમેન્ટ માટે સરકાર દ્વારા આપવામાં આવતી સુવિધા વિશે સમજણ આપી હતી.

સુશ્રી રીયા મોટવાનીએ ઉદ્યોગ સાહસિકો અને એમએસએમઈ ઉદ્યોગકારોને રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ટરેસ્ટ સબસિડી વિશે વિગતવાર માહિતી આપી હતી. નવી ટેકનોલોજીમાં પ્લાન્ટ એન્ડ મશીનરી ઉપર સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડી વિશે સમજણ આપી હતી. તેમણે કોટેજ એન્ડ રૂરલ ઈન્ડસ્ટ્રીઝ પોલિસી વિશે પણ ઉદ્યોગકારોને માહિતી આપી હતી. તેમણે સરકારની એમડીએ સ્કીમ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, ઉદ્યોગકારો તેઓની પ્રોડકટને દેશ અને વિદેશમાં યોજાતા એકઝીબીશનમાં માર્કેટીંગ કરવા હેતુ સ્ટોલ રાખીને પ્રેઝેન્ટ કરે તો સરકાર દ્વારા સ્ટોલ ખર્ચના નાણાં તેઓને રીએમ્બસ કરવામાં આવે છે. એના માટે ઉદ્યોગ આધાર હોવાનું જરૂરી હોવાનું તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

શ્રી નૈમીષ ઝવેરીએ ગુજરાત સરકાર અને નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જ વચ્ચે થયેલા સમજૂતિ કરાર વિશે માહિતી આપી હતી. તેમણે વક'ગ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ અને બીલ ડિસ્કાઉન્ટીંગ વિશે ઉદ્યોગકારોને સમજણ આપી હતી.

શ્રી પ્રદીપકુમારે ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ, પબ્લીક પ્રોકયુરમેન્ટ પોલિસી, સિંગલ પોઈન્ટ રજિસ્ટ્રેશન વિશે માહિતી આપી હતી. જયારે શ્રી અરૂણેશ કૃષ્ણાએ બેંક ઓફ બરોડાની એમએસઈ સ્પેસિફીક સ્કીમ વિશે માહિતી આપી હતી.ચેમ્બરની એમએસએમઈ સેકટર કમિટીના ચેરમેન શ્રી પંકજ ત્રિવેદીએ સેશનનું સંચાલન કર્યુ હતુ. સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગકારો અને ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના વકતાશ્રીઓ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. સેશનના અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઈએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.

હેલ્થ કમિશનર શિવહરે દ્વારા શામગહાનમાં પોષણ ઝુંબેશ

સરગાવામાં શારૂ પોષણ મળે છે: શિવહરે

આહવા

ડાંગ જિલ્લાના શામગહાન(પ્રાથમિક શાળા) ખાતે આજે તા.૩૧/૦૧/૨૦૨૦ ના રોજ ડાંગ જિલ્લા પ્રભારી સચિવ અને આરોગ્ય કમિશ્નરશ્રી જયપ્રકાશ શિવહરેના અધ્યક્ષ સ્થાને ડાંગ કલેકટર શ્રી એચ. કે. વઢવાણિયાની ઉપસ્થિતિમાં ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦-૨૨ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો.

કુપોષણ અટકાવવા માટે જનભાગીદારીથી રાજયવ્યાપી પોષણ અભિયાન પ્રસંગે ડાંગ પ્રભારી સચિવ શ્રી જયપ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે આંગણવાડીમાં બાળકને પૂરક પોષણ આપવામાં આવે છે. સગર્ભા માતાને પ્રથમ જમવા માટે આપવું. સરગવામાં સારૂ પોષણ મળી રહે છે. માટે વધુમાં વધુ શાકભાજી તેમજ દાળમાં નાખવાનું સૂચન કર્યું હતું. વધુમાં ખાસ ભાર મુકતા પ્રભારી સચિવ શ્રી શિવહરેએ કહયું હતું કે ડાંગ જિલ્લામાં બાળ લગ્નનું પ્રમાણ વધારે છે.દિકરી ૧૮ વર્ષની થાય ત્યારે જ તેના લગ્ન કરવા જોઈએ જેથી બાળક કુપોષિત ન જન્મે. આપણે સૌએ સાથે મળીને બાળલગ્ન અટકાવવા પ્રયાસ હાથ ધરવાના છે.આંગણવાડીઓ દ્વારા માતૃશક્તિના પેકેટ આપવામાં આવે છે.બાળકોનું વજન ઓછુ થાય તો આંગણવાડી મારફતે પોષણક્ષમ આહાર કરાવવામાં આવે છે. બાળકના જન્મ થી ૧૦૦૦ દિવસ બાળકના વિકાસના દિવસો છે. બાળકના જન્મ થયા પછી માતાએ તરત જ સ્તનપાન કરાવવુ જોઈએ. માતાના સ્તનમાંથી બાળકને સારી એવી શક્તિ મળે છે. આમ બાળક સક્ષમ બનશે તો જ આપણું કટુંબ સક્ષમ બનશે.

કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. વઢવાણિયાએ જણાવ્યું હતું કે પોષણક્ષમ આહાર આપવાની સરકારશ્રીની યોજનાનો લાભ લઈ આપણે બાળકોને તંદુરસ્ત બનાવીએ. બાળકો આંગણવાડીમાં નિયમિત આવે તે માટે આપણે જાગૃત બનીએ. પાલક વાલીએ બાળકની કાળજી લેવાની છે. આંગણવાડીમાં બાળકનું વજન, ઉંચાઈ માપવામાં આવે છે. જો બાળકમાં ખામી જણાય તો તુરંત આરોગ્ય વિભાગનો સંપર્ક કરી બાળકોના ડોકટર પાસે લઈ જઈ આરોગ્ય તપાસણી કરાવવી જોઈએ.

શામગહાન ખાતે પોષણ અભિયાન પ્રસંગે મહાનુભાવો દ્વારા પોષણ આરતી કરવામાં આવી હતી. વાનગી હરિફાઈનું આયોજન કરી વિજેતાઓને મહાનુભાવો દ્વારા પ્રોત્સાહિત કરાયા હતા. મહાનુભાવોએ આંગણવાડીની રૂબરૂ મુલાકાત લઈ બાળકોને નિહાળ્યા હતા. પાલકવાલીઓને પ્રમાણપત્ર આપી અભિનંદન આપવામાં આવ્યા હતા. પોષણ અભિયાન નિમિત્તે ઉપસ્થિત સૌએ બાળકોને તંદુરસ્ત રાખવા માટેના શપથ લીધા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતિ હંસાબેન પટેલ,માજી ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ,પ્રાંત અધિકારી શ્રી કાજલબેન ગામીત, જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી ડૉ. ડી. સી. ગામીત, પ્રોગ્રામ ઓફિસર શ્રીમતિ ભાવનાબેન ગેડિયા, આહવા સીડીપીઓ જિજ્ઞાસાબેન ચૌધરી, આઈ. સી. ડી. એસ.સ્ટાફ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગલકુંડમાં પોષણ અભિયાન અંગે વિશાળ કાર્યક્રમ યોજાયો

નાયબ પોલીસ અધિક્ષકે માર્ગદર્શન આપ્યું

આહવા

ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦-૨૨ અંતર્ગત ગલકુંડ ગામે સીઝનલ હોસ્ટેલ ખાતે નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે.આઈ.વસાવાના અધ્યક્ષ સ્થાને પાલક વાલીઓ અને વિશાળ ગ્રામજનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

આપણે જનભાગીદારીથી આ અભિયાનને સાર્થક બનાવવા અનુરોધ કરતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે.આઈ.વસાવાએ જણાવ્યું હતું કે રાજયમાં એકપણ બાળક કુપોષિત ન રહે તે માટે માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પોષણ અભિયાન શરૂ કર્યું છે. ત્યારે આપણે સહભાગી બનીએ અને આપણાં બાળકોની કાળજી લઈએ. બાળકો તંદુરસ્ત બને તે માટે સરકારશ્રી દ્વારા પૌષ્ટિક ટેક હોમ રેશનનું આંગણવાડી ઉપર વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. પાલક વાલીઓને શ્રી વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે દત્તક લીધેલુ બાળક આંગણવાડીમાં નિયમિત આવે છે કે કેમ? પોષક આહાર લે છે? તે જોવાનું છે. સગર્ભા કે ધાત્રી માતાઓને પોષક તત્વોથી ભરપૂર માતૃ શક્તિના પેકેટ આપવામાં આવે છે. જે લેવાથી તંદુરસ્ત રહી શકાય છે. આ ઉપરાંત ગુજરાત એકમાત્ર એવુ રાજય છે જયાં દુધસંજીવની યોજના દ્વારા બાળકોને દુધ આપવામાં આવે છે. જેથી સરકારશ્રીની યોજનાઓ દ્વારા આપણાં બાળકો રેડ ઝોનમાં ન આવે તે માટે સૌએ તકેદારી રાખવાની છે.

ગલકુંડ ખાતે આવેલ આંગણવાડી કેન્દ્રની મુલાકાત નાયબ પોલીસ અધિક્ષકશ્રી વસાવાએ લીધી હતી. જયાં ૨૪ બાળકો સામે ૨૩ બાળકો ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી ફક્ત ૨ બાળકો રેડ કેટેગરીમાં જણાયા હતા. આ બાળકોને સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની ઉપસ્થિતિમાં તપાસણી કરાવી જરૂરી સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે જેનો લાભ લેવા પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે કો.ઓર્ડિનેટર શ્રી સોહિલભાઈએ સૌને આવકાર્યા હતા. વાનગી હરિફાઈમાં વિજેતાઓનું મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ પાલક વાલીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પોષણ અદાલત નાટકમાં બાળ કલાકારોએ કાબેલીદાદ નાટક રજુ કરીને ઉપસ્થિત જનમેદની મંત્રમુગ્ધ બની ગઈ હતી. ગલકુંડ પ્રાથમિક શાળાની બાલિકાઓએ પ્રાર્થના,સ્વાગત ગીત રજુ કર્યા હતા. મહાનુભાવોએ બાળ કલાકારોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કર્યા હતા.

પોષણ અભિયાન કાર્યક્રમમાં સરપંચ શ્રીમતિ મયનાબેન બાગુલ,સામાજીક કાર્યકર બચુભાઈ,સહાયક માહિતી નિયામકશ્રી કે.એસ.પરમાર,આહવા સી.ડી.પી.ઓ. જિજ્ઞાસાબેન ચૌધરી,શાળાના આચાર્યશ્રી દલુભાઈ કુંવર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા ગંગાબહેને કર્યું હતું.

માંડવીમાં પોષણ અભિયાન શરૂ કરાવતા બાળ વિકાસમંત્રી વસાવા

માંડવી તાલુકામાં ૬૦૦ બાળકોને પાલક પિતાઓએ દત્તક લીધા

સુરત

સહી પોષણ દેશ રોશનના વડાપ્રધાનશ્રીના સ્વપ્નાને સાકાર કરવા માટે સમગ્ર ગુજરાત સહિત સુરત જિલ્લામાં બીજા દિવસે મહિલા અને બાળ વિકાસ, આદિજાતિમંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના અરેઠ અને ઘંટોલી ગામેથી ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦-૨૨નો શુભારંભ કરાવ્યો હતો. માંડવી તાલુકામાં ૬૦૦ કુપોષિત બાળકોને પાલક પિતાઓએ દત્તક લીધા.

આ વેળાએ મંત્રીશ્રી વસાવાએ જણાવ્યું હતું કે, આજનું બાળકએ આવતીકાલનું ભવિષ્યં છે. જો બાળક તંદુરસ્ત અને સશકત હશે તો સમાજ અને રાષ્ટ્રનનો વિકાસ ઝડપી થશે. જેથી કુપોષણને દેશવટો આપવા માટે સરકાર અને લોકો સાથે મળીને જનભાગીદારીથી સહિયારા પ્રયાસો કરવા જણાવ્યું હતું. મહિલા અને બાળકો માટે બજેટમાં રૂપિયા ત્રણ હજાર કરોડનું બજેટ ફાળવ્યું છે. સુરત જિલ્લામાં આવેલી ૧૭૩૩ આંગણવાડીઓમાં આવતા બાળકોના સર્વાંગી વિકાસ થાય તે માટે ગામના અગ્રણીઓ સમયાતરે મુલાકાત લઈ એક પણ બાળક કુપોષિત ન રહે તે માટેની કાળજી લેવાની હિમાયત મંત્રીશ્રીએ કરી હતી.

રાજય સરકાર દ્વારા વર્ષે દહાડે દુધ સંજીવની યોજના હેઠળ ભુલકાઓને રૂા.૧૫૦ કરોડનું દુધ પુરૂ પાડવામાં આવે છે. કુપોષણને નાથવા માટેના ઉપાયો વર્ણવતા મંત્રીશ્રીએ કહ્યું કે, ભોજનમાં પરિવર્તનની સાથે સગીરવયે લગ્ન ન થાય, છ મહિના સુધી માતાનું ધાવણ બાળકને મળી રહે, નિયમિત કિશોરીઓ દ્વારા લોહતત્વની ગોળીઓ લેવામાં આવે જેવા અનેક પગલાઓ દ્વારા કુપોષણને દેશવટો આપવાના સહિયારા પ્રયાસો કરવા જણાવ્યું હતું.

આ વેળાએ મંત્રીશ્રીએ દત્તક લેનારા પિતાઓને અભિનંદન પાઠવીને એક વર્ષ સુધી મહિના દરમિયાન ચાર વાર બાળકની મુલાકાત લઈને પ્રયાસો કરવામાં આવશે તો બાળક ચોક્કસ તંદુરસ્ત બનશે. ત્યારે આ મહાયણમાં સૌ કોઈએ પોતાનો સહયોગ આપવા જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ અરેઠ અને ઘટોલી ગામે આંગણવાડીની મુલાકાત લઈને પોષણ અભિયાનની વિગતો મેળવીને જરૂરી સૂચનો કર્યા હતા. કાર્યક્રમમાં પોષણ આરતી, અન્નપ્રાશન વિધિ તથા ટીએચઆર વિતરણ, નાના ભૂલકાઓએ પોષણ અંદાલતનુ નાટક ભજવીને સર્ગભા માતાઓને પોષણક્ષમ આહાર આપીને કુપોષણમુકત બનાવવા અંગે શપથ લેવડાવ્યા હતા. આ વેળાએ બીજુ પિયર ઘરમાં ફિલ્મનું નિર્દેશન કરવામાં આવ્યું હતું. બાળ તંદુરસ્તી અને વાનગી હરીફાઈનું ઈનામ વિતરણ પાલક દાતાઓનું સન્માન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ વેળાએ જિલ્લા પક્ષ પ્રમુખશ્રી દિલીપસિંહ રાઠોડ, અગ્રણીશ્રી દિનેશભાઈ , પ્રવિણભાઈ, રાકેશભાઈ, રોહિતભાઈ, રેમાબેન ચૌધરી, છનાભાઈ વસાવા, અનિલભાઈ, કમલેશભાઈ ચૌધરી, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીમતિ નયનાબેન પારગી, સીડીપીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો, ગામના સરપંચશ્રીઓ, અગ્રણીઓ, વિદ્યાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

આહવામાં પોષણ અભિયાનનો આરંભ કરાવતા વઢવાણિયા

આહવા

ડાંગ કલેકટરશ્રી એચ.કે.વઢવાણિયાએ આહવા તાલુકાના પિંપરી ગામે પોષણ અભિયાનનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી પોષણ અભિયાન તરીકેની ઉજવણી કરવામાં આવશે. રાજયમાં એકપણ બાળક કુપોષિત ન રહે તેવી પ્રતિબધ્ધતા સાથે પોષણ અભિયાનને જનઆંદોલન બનાવવાનું આહવાન રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે.અલ્પપોષિત બાળકોના સુપોષણની સ્વૈચ્છિક જવાબદારી સમાજના વર્ગો પાલક વાલી ?એક પાલક એક બાળક' બનીને ઉપાડશે તો આ જનઆંદોલન થકી અભિયાનને વેગ મળશે. સમાજસેવા માટે પાલક વાલી બની સમાજનું ઋણ અદા કરવાનો આ ઉત્તમ અવસર છે. રાજય સરકારના બધાજ વિભાગો શાળા પ્રવેશોત્સવ,કન્યા કેળવણી અભિયાનની જેમ જ પોષણ અભિયાનમાં પણ જોડાશે. ડાંગ જિલ્લામાં કુપોષણ બાળકોને સોંધીને આંગણવાડી દ્વારા પોષણક્ષમ આહાર આપીને કુપોષણ માંથી મુકત કરવામાં આવશે. જેના માટે જનભાગી દ્વારા અન્ય સંસ્થાઓ દ્વારા કુપોષિત બાળકોને પાલક પિતા તરીકે સ્વીકારીને સારા બાળક તરીકે કુપોષણમાં મુકત કરવાની જવાબદારી સ્વીકારશે. અને પોતાનું બાળક સમજીને બાળકનો વિકાસ સારી રીતે કરવાની જવાબદારી પાલક પિતા સંભાળ રાખશે. ડાંગ જિલ્લાની પ્રજાએ સાથ અને સહકાર આપે તો આ કાર્ય આપણા માટે ખૂબજ સારી કામગીરી ગણાશે. શાળાના બાળકો દ્વારા કુપોષિત બાળક અંગે નાટક રજુ કર્યુ હતુ. તેમજ વૃક્ષમાં બીજ તુ ફિલ્મનું નિદર્શન બતાવવામાં આવ્યું હતું.તેમજ બાળ તંદુરસ્તી વાનગી હરીફાઈ સ્પર્ધાનું ઈનામ વિતરણ તેમજ પાલક વાલીઓનું પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ ઓફિસરશ્રી ભાવના બેને આભાર વિધિ પ્રસંગે જણાવ્યું હતુ કે માન. મુખ્યમંત્રીશ્રી દ્વાર દાહોદ ખાતેથી પોષણક્ષમ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે આજે ડાંગ જિલ્લાના ડાંગ દરબાર હોલ ખાતેથી ગુજરાત પોષણ અભિયાનની શરૂઆત કરવામાં આવી અને આગામી ૨૦૨૦થી ૨૨ સુધી પાલક પિતાએ કુપોષિત બાળકોને કુપોષણમાંથી મુકત કરવામા માટે જવાબદારી લીધી છે. જે બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી શ્રી કાજલ ગામીત, પીપરી ગ્રામ પંચાયતના સરપંચશ્રી, જિલ્લા પંચાયત સદસ્ય, આઈ. સી. ડી. એસ. નો સ્ટાફ, પાલક વાલીઓ, આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો, તેમજ ગ્રામજનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

ધોરાજીમાં હિટ એન્ડ રનઃ કારે બાઈકને અડફેટે લેતાં ૧નું મોત

અમદાવાદ

ધોરાજીમાં રવિવારની સવાર ખરાબ સમાચાર લઈને આવી. માર્કેટ યાર્ડ પાસે એક હિટ એન્ડ રનની ઘટના ઘટી હતી જેમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત થયુ હતુ જ્યારે એકની હાલત ગંભીર હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામા આવ્યો હતો.

ધોરાજીના માર્કેટિંગ યાર્ડ પાસે નેશનલ હાઈવે પર હિટ એન્ડ રનની ગોઝારી ઘટના બની હતી. કારે બાઈકને અડફેટે લેતા બાઈકસવારનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. તો એકને ઈજા પહોંચી હતી.

સ્પીડમાં આવતા કાર ચાલકે બાઈક સવારને અડફેટે લીધો હતો. કાર એટલી સ્પીડમાં હતી કે, કાર ડિવાઈડર કૂદીને ૧૦ ફૂટ દૂર ફંગોળાઈ હતી. અકસ્માત બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયો હતો.

પોલીસે ઘટના સ્થળે પહોંચીને કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. હાલ હીટ એન્ડ રનની ઘટના નોંધીને તપાસની તૈયારીઓ શરૂ કરી છે.

કૂપોષિત બાળકો માટે સમાજ, પ્રજા અને લોક પ્રતિનિધિએ જાગૃતિ લાવવી જરૂરી છે : પ્રભારી સચિવ શ્રીમતિ શાહમીના હુસેન



ભરૂચના ઓમકારનાથ હોલ ખાતે પ્રભારી સચિવના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો

ભરૂચ

મહિલા અને બાળકોના તંદુરસ્તી અંગે સરકારે પણ ચિંતા કરીને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જાહેર કરેલા ત્રિદિવસીય ગુજરાત પોષણ અભિયાનના ત્રીજા દિવસે પ્રભારી સચિવ શ્રીમતી શાહમીના હુસેનના અધ્યક્ષસ્થાને ભરૂચના પંડિત ઓમકારનાથ હોલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

અધ્યક્ષસ્થાનેથી બોલતાં જણાવ્યું હતું કે, કૂપોષિત બાળકો માટે સમાજ, પ્રજા અને લોક પ્રતિનિધિએ જાગૃતિ લાવવી જરૂરી છે.

વધુમાં અધ્યક્ષશ્રીએ દેશ દરેક ક્ષેત્રમાં આગળ વધીને વિકાસ કરી રહ્યો છે ત્યારે માતાઓ અને બાળકોની તંદુરસ્તી જળવાય રહે તે જરૂરી છે. બાળક એ દેશનું ભાવિ છે બાળ તંદુરસ્ત તો દેશ તંદુરસ્ત.

આંગણવાડી કેન્દ્રોમાં સ્વચ્છતા, આહાર વિગેરે જેવી બાબતોમાં ઘણો સુધારો જોવા મળ્યો છે જે સરાહનીય છે પરંતુ લોકોએ પણ આંગણવાડીનો જેમ બને તેમ વધુ ઉપયોગ કરવો જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું.

જિલ્લા કલેક્ટર ડૉ. એમ.ડી.મોડિયાએ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કૂપોષિત બાળકોને બહાર લાવીને સુપોષણ બનાવવાનો હેતુ છે તેમ જણાવ્યું હતું.

ભરૂચના ધારાસભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, બાળકોને બહારના નાસ્તા અને તૈયાર પેકેટ ખવડાવવાના બંધ કરવા જોઈએ ઉપરાંત તેમણે સ્વચ્છતાનો પણ આગ્રહ રાખ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરવિંદ વિજયન, નગરપાલિકાના પ્રમુખ સુરભીબેન તમાકુવાલા, ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકાના કાઉન્સીલરશ્રીઓ, પદાધિકારીશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પોષણ અભિયાન અંતર્ગત મહાનુભાવોના હસ્તે અન્નપ્રાસન,ૂઊંઈ વિતરણ. બાળ તંદુરસ્ત ફરિફાઈના વિજેતાને ઈનામ, વાનગી હરીફાઈની મહિલાઓને ઈનામ વિતરણ, નિબંધ - લેખન, વકૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ, બાળકો ધ્વારા સુંદર મજાનું બાળ પોષણ અદાલત, નાટક, આંગણવાડી કર્મચારીઓને સારી કામગીરી બદલ સન્માન, મહિલા બાળ વિકાસ વિભાગ ધ્વારા તૈયાર થયેલી દસ્તાવેજી ફિલ્મ નિદર્શન વિગેરે જેવા જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

નગર પ્રા.શાળા સમિતિના સ્પોર્ટસ ડેનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો

વિજેતા વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામો અપાયા

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત દ્વારા ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સ્પોર્ટસ સંકુલ, મજુરાગેટ ખાતે સવારે ૯ કલાકે ભવ્ય માર્ચ પાસ્ટ એન રંગારંગ કાર્યક્રમ સાથે મહાનુભાવોના વરદ હસ્તે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો.

સૌ પ્રથમ ૩૮ ટુકડીઓએ માર્ચ પાસ્ટ કરી સમારંભની શરૂઆત કરી હતી. જેમાં સ્કાઉટ માર્ચ પાસ્ટમાં શાલા ક્રમાંક ૧૧૯ તથા સાદી માર્ચ પાસ્ટમાં શાલા ક્રમાંક ૩૬ વિજેતા બની હતી. આ રમોત્સવમાં કુલ ૩૨૮ શાળાઓમાંથી ઈન્ડોર-આઉટડોર દેશી મળી કુલ ૩૪ રમતોમાં કુલ ૨૦,૦૩૨ બાળ ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. જેમાં વિજેતા બાળ ખેલાડીઓને સુરત મહાનગર પાલિકાના મેયરશ્રી, શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી અને અન્ય મહાનુભાવોના વરદ હસ્તે ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ સમતોસ્વમાં કુમાર વિભાગમાં શાળા ક્રમાંક ૩૩૪ અને કન્યા વિભાગમાં સાલા ક્રમાંક ૨૬ એ જનરલ ચેમ્પિયનશીપ મેળવી છે. કુમાર વિભાગમાં શાલા ક્રમાંક ૨૫૪ અને કન્યા વિભાગમાં શાલા ક્રમાંક ૧૯૯ રનર્સઅપ બન્યાં હતા. સમગ્ર રમતોત્સવ દરમ્યાન બાળ ખેલાડીઓને બિસ્કિટ-એનર્જી ડોકસ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

ભરૂચ ઔદ્યોગિક વસાહતોમાં રાત્રિ સમય વખતે ટેન્કરો પર પ્રતિબંધ

ભરૂચ જિલ્લા કલેકટરે ફરમાવેલો હુકમ

અંકલેશ્વર

અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લાની તમામ ઔદ્યોગિક વસાહતોમાં ૬૦ દિવસ માટે રાત્રી દરમિયાન ટેન્કરોના પ્રવેશ પર જિલ્લા કલેકટરાલય દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

ભરૂચ જિલ્લામાં આવેલી અંકલેશ્વર પાનોલી ઝઘડિયા ભરૂચ તેમજ દહેજ ઔદ્યોગિક વસાહતોમાં કેટલા તે જવાબદાર ઉદ્યોગો રાત્રીના અંધારાનો ગેરલાભ ઉઠાવીને ટેન્કરો મારફત નક્કી કરેલી સાઈટ વગર અન્ય સ્થળોએ પ્રદૂષિત પાણી છોડતા હોવાનું જિલ્લા કલેકટરાલયના ધ્યાનમાં આવ્યું છે. જેને લઈને અધિક જિલ્લા કલેકટર જે.ડી.પટેલે તારીખ ૨૭મી જાન્યુઆરીથી ૬૦ દિવસ માટે રાત્રિના આઠ કલાકથી ૭:૦૦ દરમિયાન કોઈપણ ટેન્કરના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. જે.ડી.પટેલે જાહેરનામા સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે ત્યાં વસાહતોમાં કેટલાક ઉદ્યોગો દ્વારા પોતાના ઉદ્યોગના પ્રદૂષિત પાણીને ટ્રીટમેન્ટ કર્યા વગર જ રાત્રિના અંધારામાં ગમે ત્યાં તોડી દેવામાં આવે છે અને પ્રદુષણ ફેલાવવામાં આવે છે જેને લઈને ૬૦ દિવસ સુધી આ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામામાં ની નકલ ભરૂચ જિલ્લા પોલીસ વડા ઉપરાંત અંકલેશ્વરના પ્રાંત અધિકારી ભરૂચ તેમજ અંકલેશ્વરના ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી તેમજ મામલતદાર સહિત સૌને મોકલવામાં આવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

નોંધનીય છે અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લાની ઔદ્યોગિક વસાહતોમાં અવાર નવાર પ્રદૂષિત પાણી છોડવામાં આવતું હોવાની બુમો ઉઠી છે. ત્યારે આ જાહેરનામું યોગ્ય સમયે જ બહાર પાડવામાં આવ્યું છે. જોકે એનો અમલ ચુસ્ત રીતે થાય છે કે નહીં એ જોવું રહ્યું. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓની ટીમ તેમજ પોલીસ તંત્ર પણ આ બાબતે સક્રિયતાથી કામગીરી બજાવીને જાહેરનામાનો અમલ કરાવે એ ઈચ્છનીય છે.

વલસાડ સાઈક્લોથોનમાં ૫૫ વર્ષીય વૃદ્ધનું રોડ પર પડી જતાં મોત

વલસાડ

વલસાડ રેસર્સ ગ્રુપ દ્વારા આજે સાઈકલોથોનનું આયોજન કરાયું હતું. સાઈકલોથોનમાં વડોદરા, સુરત, નવસારી, વાપી, ધરમપુર અને વલસાડના કુલ ૨૭૫થી વધારે સાઈકલ રેસર્સે ભાગ લીધો હતો. જૈ પૈકી વલસાડના એક ૫૫ વર્ષીય સાઈકલ રેસર્સ સાઈકલ ચલાવતા ચલાવતા સાઈક્લોથન દરમિયાન રોડ પર પડી ગયા હતા. જેથી તેમને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

વલસાડ રેસર્સ ગ્રુપ દ્વારા આજે વલસાડના સાઈ લીલા મોલથી ધરમપુર અસુરા ચોકડીથી પરત સાઈલીલા મોલ સુધી ૫૦ કિમીની સાઈકલોથોન યોજાઈ હતી. જેમાં વલસાડની હરીઓમ સોસાયટીમાં રહેતા વિજયભાઈ ઉતમભાઈ પટેલે ભાગ લીધો હતો. ધરમપુરથી પરત આવતી વખતે ૫૫ વર્ષીય વિજયભાઈ ગાડરિયા ગામ નજીક સાઈકલ ચલાવતા ચલાવતા રોડ ઉપર પડી ગયા હતા. તાત્કાલિક રેસર્સ ગ્રુપના સભ્યોએ એમ્બ્યુલન્સમાં બેસાડી નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યા હતા. હાલ મોતનું કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યું છે.

તંદુરસ્ત સમાજનું નિર્માણ લોક ભાગીદારીથી થઇ શકે: મંત્રી કાનાણી

ચીખલી તાલુકાના વાંઝણા અને કૂકેરી ખાતે પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો

નવસારી

રાજ્ય સરકારના ગુજરાત પોષણ અભિયાનના બીજા દિવસે નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના વાંઝણા અને કૂકેરી ગામે રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિભાગના રાજયમંત્રી શ્રી કિશોર કાનાણીના અધ્યક્ષસ્થાને પોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે આરોગ્ય રાજય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીએ ગુજરાતને કુપોષિતમાંથી સુપોષિત બનાવવાના અભિયાનમાં જાડાવાની અપીલ કરતાં જણાવ્યું હતું કે, તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવા સાથે કોઈપણ બાળક કુપોષિત જન્મે નહિ તેના માટે લોકભાગીદારીથી પ્રયાસો કરવા જણાવ્યું હતું. કિશોરી, સગર્ભા માતાઓ તંદુરસ્ત રહે તો જ બાળક પણ તંદુરસ્ત રહેશે. મહાત્મા ગાધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને સાકાર કરી, દેશમાં કોઈપણ બાળક કુપોષિત ન રહે તે માટે આપણે સૌ સાથે મળીને આગળ વધવા જણાવ્યું હતું. આંગણવાડીની તેડાગર, આરોગ્ય વર્કરો, ગામ આગેવાનો આ અભિયાનમાં ખૂબ જ સરસ કામગીરી કરી રહયા છે. પાલક વાલી દ્વારા કુપોષિત દત્તક બાળકની કાળજી લેવા જણાવ્યું હતું. આપણે સૌ સાથે મળીને એક વર્ષની અંદર ગુજરાતને કુપોષિત મુકત બનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગણદેવીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે. આંગણવાડીની બહેનો, આરોગ્ય વર્કરો ઘરે ઘેર જઈ સગર્ભા માતાઓની પૂરી કાળજી લે છે. જયાં સુધી માતા તંદુરસ્ત રહેશે નહિ તો આવનારું બાળક પણ તંદુરસ્ત નહિ રહે. આ લોકજાગૃતિ અભિયાનમાં લોકોને સહકાર આપવા અપીલ કરી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વાલીઓ તેમજ ગ્રામજનોને વૃક્ષમાં બીજ તુ તેમજ બીજુ પિયર ઘર ફિલ્મ સાથે પોષણ અદાલત કાર્યક્રમ બતાવી યોગ્ય સમજણ આપવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં સ્વસ્થ કિશોરી, સ્વસ્થ બાળક, પાલક વાલી, શ્રેષ્ઠ વાનગી બનાવનાર આંગણવાડી બહેનો, સગર્ભા માતાઓ, શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી બહેનોનું મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડાલ.સુજીત પરમાર, ચીખલી મામલતદાર શ્રીમતી પ્રિયંકાબેન પટેલ, સરપંચશ્રીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

ચોવીસીમાં પોષણ અભિયાનમાં પ્રભારી સચિવની ઉપસ્થિતિમાં કુપોષણનો દર ઘટાડવા અભિયાન શરૂ કરાયું

નવસારી

નવસારી તાલુકાના ચોવીસી ખાતે ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ નો નવસારી જિલ્લાના પ્રભારી સચિવ શ્રી મુકેશકુમારે પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે તેમની સાથે નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે પ્રભારી સચિવ શ્રી મુકેશકુમારે જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં કુપોષિત બાળકોને પુરતું પોષણ મળે અને રાજયમાં કોઈપણ બાળક પોષણથી વંચિત ન રહે તે માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ પોષણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. રાજય સરકારે કુપોષિત મુકત ગુજરાત બનાવવા ઝુંબેશ સ્વરૂપે કાર્યક્રમો હાથ ધર્યા છે. બાળકની શારિરીક તપાસ હાથ ધરી કુપોષણ નિવારણ કરવા પ્રયત્નો હાથ ધર્યા છે.

નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈએ જણાવ્યું કે, રાજય સરકારે કુપોષણ નિવારણ માટે અથાગ પ્રયાસો હાથ ધરી રહી છે. જિલ્લા/રાજયમાં કુપોષણનો દર ઘટાડવા લોકભાગીદારીથી આયોજન હાથ ધરવા જણાવ્યું હતું. પોષણ અભિયાન સફળ બનાવવા વાલીઓ, ગ્રામજનોને જાગૃત થવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં સ્વસ્થ કિશોરી, સ્વસ્થ બાળક, પાલક વાલી, શ્રેષ્ઠ વાનગી બનાવનાર આંગણવાડી બહેનો, સગર્ભા માતાઓ, શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી બહેનોનું સચિવશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. વાલીઓ તેમજ ગ્રામજનોને વૃક્ષમાં બીજ તુ તેમજ બીજુ પિયર ઘર ફિલ્મ સાથે પોષણ અદાલત કાર્યક્રમ બતાવી યોગ્ય સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ચૌધરી, ચોવીસીના સરપંચ ઈલાબેન સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

ડોસવાડા અને વઝરડા ગામે સુપોષિત ગુજરાતનો સંકલ્પ

પોષણ અભિયાનમાં સામાજીક મંત્રી પરમારની ઉપસ્થિતિ

વ્યારા

સ્વસ્થ ગુજરાત નિર્માણના ભગીરથ કાર્યમાં વ્યાપક જનભાગીદારીની આવશ્યકતા છે, તેમ જણાવી ગુજરાતના સમાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે પોષણ ત્રિવેણીના ઉદ્દેશ અને તેમની કામગીરીની સંવેદનશીલતા અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ડોસવાડા તથા વાઝરડા ગામે ગુજરાત પોષણ અભિયાનના બીજા દિવસે આયોજિત કાર્યક્રમમાં ઉદબોધન કરતા મંત્રીશ્રીએ આઈ.સી.ડી.એસ. ની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અનેક નવા સુધારા કરીને, મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે બજેટમાં પણ વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, તેમ જણાવ્યું હતું.

સૌના સહિયારા પ્રયાસોથી ગુજરાતને સુપોષિત બનાવવાના આ કાર્યક્રમમાં સૌને સહભાગી થવાની અપીલ કરતા મંત્રીએ પાલક વાલીઓની ભૂમિકા પણ સ્પષ્ટ કરી હતી. મંત્રીશ્રીએ ×મુખ્યમંત્રી સુપોષિત ગુજરાત નિધિ×, મોનિટરિંગ અને રીવ્યુ કમિટિઓના ગઠન સાથે સમગ્ર કાર્યક્રમનું મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડ દ્વારા પણ સતત મોનિટરિંગ કરાઈ રહ્યું છે તેમ જણાવ્યું હતું. આઈ.સી.ડી.એસ. ની વિવિધ સેવાઓનો વધુમાં વધુ લાભ લેવાનો પણ તેમણે આ વેળા અનુરોધ કર્યો હતો.

એક બાળક-એક પાલક યોજના હેઠળ બાળકોને દત્તક લેનારા વાલીઓને તેમની ભૂમિકા ખૂબ જ સંવેદનશીલતા અને નિષ્ઠા સાથે અદા કરવાની અપીલ કરતા જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંઘે ડોસવાડા ખાતે સ્વાગત વક્તવ્યમાં તાપી જિલ્લામાં ગુજરાત પોષણ અભિયાનની વિગતો રજુ કરી હતી.

વાઝરડા ખાતે કલેકટર આર.જે.હાલાણીએ ગુજરાત પોષણ અભિયાન અંતર્ગત તાપી જિલ્લાના કાર્યક્રમોની વિગતો રજૂ કરી, કુપોષણ એ કૌટુંબિક નહિ પણ સામાજિક જવાબદારી છે તેમ તેમના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું. તેમણે પાલક વાલીની જવાબદારી અને ભૂમિકાનો પણ આ વેળા ખ્યાલ આપ્યો હતો. વાઝરડા ખાતે સી.આર.સી.એ મહેમાનોનુ શાબ્દિક સ્વાગત કર્યું હતું.

ડોસવાડા તથા વાઝરડા ખાતે આંગણવાડીના કર્મયોગીઓ દ્વારા વિવિધ વાનગીઓનું નિદર્શન પણ રજૂ કરાયું હતું. મહાનુભાવોએ આ વાનગી સ્ટોલ્સની પણ મુલાકાત લીધી હતી. આંગણવાડી કાર્યકરોએ પોષણ આરતી, અને પોષણ અદાલત નાટક રજૂ કરી સ્વસ્થ ગુજરાતના સંદેશને ગુંજતો કર્યો હતો.

મહાનુભાવોએ દીપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. મહાનુભાવો તથા પ્રજાજનોએ સહી પોષણ-દેશ રોશન કાર્યક્રમ વિષયક ટેલિફિલ્મ પણ નિહાળી હતી. અંતે મહાનુભાવો સહિત પ્રજાજનોએ તંદુરસ્ત ભારત નિર્માણ માટેના શપથ પણ ગ્રહણ કર્યા હતા. મંત્રી સહિત મહાનુભાવોએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા આંગણવાડીની મુલાકાત પણ લીધી હતી.

બાળકોને મહાનુભાવોએ અન્નપ્રાસન કરાવી તંદુરસ્ત બાળ સ્પર્ધા તથા વાનગી સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કર્યા હતા. સુપોષિત સમાજ નિર્માણ અર્થે બાલ શક્તિ, માતૃ શક્તિ, અને પૂર્ણા શક્તિના પેકેટ પણ વિતરિત કરાયા હતા. પાલક વાલીઓનું પણ જાહેર અભિવાદન કરાયું હતું. કાર્યક્રમમાં કલેકટર આર.જે.હાલાણી, નાયબ પોલીસ અધિક્ષક સંજય રાય, મામલતદાર ડી.કે.વસાવા સહિતના ઉચ્ચધિકારીઓ, પૂર્વ મંત્રી કાંતિભાઈ ગામીત, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બર જયરામભાઈ ગામીત, સ્થાનિક પદાધિકારીઓ, સરપંચો વિગેરેએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા અદા કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોગ્રામ ઓફિસર એ.ટી.પટેલ, લાયઝન અધિકારી ડો. કે.ટી.ચૌધરી સહિત તેમની ટીમે જહેમત ઉઠાવી હતી. ડોસવાડા ખાતેના કાર્યક્રમનુ સંચાલન કરવા સાથે ઉદ્ઘોષ તરીકે અરવિંદ ગામીતે સેવા આપી હતી. જ્યારે વાઝરડા ગામે કાંતિભાઈએ આ સેવા બજાવી હતી.

કુપોષણ નાથવા માંડવીના ગ્રામ્યજનો પાલક પિતા બન્યા

કુપોષણને જાકારો આપવા ગામડાના લોકો આગળ આવ્યાં

સુરત

રાજય સરકારના ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અભિયાન હેઠળ કુપોષણને નાથવા માટે માંડવી તાલુકાના ગામે ગામથી અગ્રણીઓએ ૬૦૦ બાળકોને દત્તક લઈને જયાં સુધી બાળકમાં રહેલા કુપોષણને દુર કરવા માટે સંકલ્પબધ્ધ થયા છે.

અરેઠ મુખ્ય શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પાલક પિતા તરીકે જવાબદારી નિભાવનાર મોટા નોગામા ગામા વતની એવા ૬૩ વર્ષીય વલ્લભભાઈ નારાયણભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારના અભિયાનમાં સૌને સાથે મળીને કાર્ય કરવું પડશે. હું છેલ્લા ચાર વર્ષથી બાળકોને દત્તક લઈ રહ્યો છં. આ અભિયાનમાં હું જોડાયો છું અને મારી ગામની આંગણવાડીના બાળકને દત્તક લીધુ છે. સમાજસેવાના પુણ્યકાર્યમાં જોડવાનું સદભાગ્ય મને મળ્યું છે ત્યારે તે હું ચોક્કસ નિભાવીશ. નિયમિત રીતે આંગણવાડીની મુલાકાત લઉ છુ અને જયાં સુધી બાળક લાલ કુપોષણમાંથી લીલા પોષિત ન થાય ત્યાં સુધી સતત પ્રયાસરત રહીશ તેમ ઉમંગભેર જણાવ્યું હતું.

આવા પાલક પિતા એવા માંડવી તાલુકાના મોટા નોગામા ગામના ૪૮ વર્ષીય વિનોદભાઈ હરીશભાઈ પટેલે જણાવ્યું કે, મારા ગામની આંગણવાડીના ચાર બાળકોને દત્તક લીધા છે. હું મારા ગામની આંગણવાડીના બાળકોને કુપોષણમુક્ત બનાવીશ. આજે હું સમયાતરે આંગણવાડીની મુકાલાત લઈને બિસ્કીટ, ફુટ અને અન્ય જરૂરી પોષણયુકત આહાર આપું છું. રાજયનો કોઈપણ બાળક કુપોષિત ન રહે તે જોવાની આપણા સૌની જવાબદારી છે ત્યારે પોષણ અભિયાનમાં દરેક લોકો એક બાળક દત્તક લે તેમ વિનોદભાઈએ જણાવ્યું હતું. માંડવીના વદેશીયા ગામના વતની રામુભાઈ ચૌધરી જણાવે છે કે, કુપોષણ મુક્ત ગુજરાત બનાવવા માટે રાજય સરકારે પોષણ અભિયાન ઉપાડયું છે તે સરાહનીય છે. મારા ગામની નજીક આવેલા નૌગામા ગામની આંગણવાડીના છ બાળકોને મેં દત્તક લીધા છે આ તમામ બાળકો લાલ કુપોષિત છે તેમને યોગ્ય આહાર તથા તેમના વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપું છું. જ્યાં સુધી આ બાળકો લીલા પોષિત ન થાય ત્યાં સુધી તેમના પાલક પિતા બનવાનુ સૌભાગ્ય મળ્યું ત્યારે તમામ જવાબદારી નિભાવીશ.

બાળકોને આંગણવાડીનો આહાર નિયમિત રીતે અપાય : રાજ્ય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ



અંકલેશ્વર ખાતે સુપોષણ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ભરૂચ

મુખ્યમંત્રીશ્રી સુપોષણ અભિયાન અંગેના નિર્ધાર મુજબ ત્રિદિવસીય કાર્યક્રમના ત્રીજા દિવસે આજે શહેરી વિસ્તારમાં અંકલેશ્વર ખાતે યોજાયેલ કાર્યક્રમના અધ્યક્ષપદેથી સહકાર રાજ્ય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર તરફથી આંગણવાડીમાં જે આહાર આપવામાં આવે છે તે ખોરાક માતા-પિતા નિયમિત બાળકને ખવડાવે જેનાથી બાળક તંદુરસ્ત બને.

વધુમાં સહકાર રાજ્ય મંત્રીશ્રીએ ઉપસ્થિત પ્રજાજનોને તેમજ બાળકોને જણાવ્યું કે, જે માતા-પિતા બાળકોને આંગણવાડીમાં ના મોકલતા હોય તેઓ ખાસ કરીને આંગણવાડીમાં મોકલે અને સરકારશ્રીની યોજનાઓનો લાભ બાળકોને મળે તેવો પ્રયત્ન કરવા જણાવ્યું હતું.

અંકલેશ્વર નગરપાલિકામાં રોજમદાર તરીકે ફરજ બજાવતા ૩૬ (છત્રીસ) કર્મચારીઓને કાયમી કરવાના હુકમ સહકાર મંત્રીશ્રીએ આપતાં ભવિષ્યમાં આવનારા દિવસોમાં સારી રીતે નિષ્ઠાપૂર્વક ફરજો બજાવે તેવી શુભકામના પાઠવી હતી.

ગુજરાત પોષણ અભિયાન અંતર્ગત અંકલેશ્વરના શારદાભવન હોલમાં પોષણ આરતી, બાળ પોષણ અદાલત, નાટક, ટીએચઆરના કિટ વિતરણ, બાળ તંદુરસ્તી હરીફાઈના વિજેતાને ઈનામ, વાનગી હરીફાઈના મહિલાઓને ઈનામ, વકૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ તેમજ આંગણવાડી કેન્દ્રમાં સારી કામગીરી કરનારને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા તેમજ બાળકોને પ્રથમ વખતનું અન્નપ્રાસન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાંત અધિકારી શ્રી આર.કે.ભગોરા, નગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન શાહ, કારોબારી સમિતિના અધ્યક્ષ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ, નગર પાલિકાના કાઉન્સિલરો, ઉચ્ચ અધિકારી - પદાધિકારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

બાળકોને નિયમિત રીતે આંગણવાડીમાં મોકલવા માહિતી નિયામકશ્રીનો અનુરોધ

આમોદ તાલુકાના આછોદ ગામે પોષણ અભિયાનનો કાર્યક્રમ યોજાયો

ભરૂચ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નિર્ધાર મુજબ કુપોષિતમાંથી સુપોષિત બનાવી ભાવી પેઢીને મજબૂત બનાવવાના ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ ના ત્રિદિવસીય અભિયાનના આજે બીજા દિવસે ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના આછોદ ગામે માહિતી નિયામકશ્રી અશોક કાલરીયાએ બાળકો તેમજ મોટેરાઓને સ્વચ્છતાનો આગ્રહ રાખવા જણાવ્યું હતું. તેમણે પોતાનું આંગણું ચોખ્ખુ રાખવા તથા જમ્યા પહેલાં હાથ ધોઈને જમવા બેસવા જણાવેલ. જેને કારણે ઘરમાં બિમારી આવે નહિ. તેમણે ઉપસ્થિત ગ્રામજનોને બાળકોમાં તંદુરસ્તી અને હોંશિયારીનો વિકાસ કરવા માટે બાળકોને નિયમિત આંગણવાડીમાં મોકલવા તેમજ સરકારશ્રીની યોજનાના લાભ લેવા અનુરોધ કર્યો હતો.

જંબુસરના ધારાસભ્યશ્રી સંજયસિંહ સોલંકીએ જીવનમાં બાળકને કેળવણી, સ્વચ્છતા શીખવવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. તેમણે આવનારા દિવસોમાં સૌ સાથે મળીને આ કાર્યક્રમને આગળ વધારીએ તેમ જણાવ્યું હતું.

પોષણ અભિયાનના કાર્યક્રમમાં બાળકોએ સ્વાગત ગીત, પોષણ અદાલત, અન્નપ્રાસન, વાનગી હરીફાઈના વિજેતાઓને ઈનામ, તંદુરસ્ત બાળ હરીફાઈ, પાલક વાલી સન્માન ઝૅ-૨ કિવન કિશોરી ઈનામ, સારી કામગીરી બદલ આંગણવાડી - આશા વર્કર - હેલ્પરને પુરસ્કાર, નિબંધલેખન સ્પર્ધાના બાળકોને ઈનામ વિગેરે જેવા કાર્યક્રમો થયા હતા. માહિતી નિયામકશ્રી અશોક કાલરીયાએ આછોદ ગામમાં ચાલતા આંગણવાડી કેન્દ્રની રૂબરૂ મુલાકાત લઈ બાળકોના વજનની ચકાસણી, આંગણવાડી દ્વારા આપવામાં આવતા ખોરાક, રસોડાની સ્વચ્છતા તેમજ તેમા વપરાતાં અનાજ તેમજ એન લાઈન સિસ્ટમ ચકાસણી, કઠોળ વિગેરેની તપાસ કરી જાત માહિતી મેળવી હતી.

પોષણ અભિયાનના આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ જશુબેન પઢિયાર, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સીડીપીઓ રીટાબેન તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો, મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત ગ્રામજનો અને મહાનુભાવોએ સુપોષણ અંગેના શપથ લીધા હતા.

જંબુસર નગરપાલિકા કક્ષાએ પોષણ અભિયાન કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપણા હેઠળ યોજાયો

ભરૂચ



ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ આહવાનને ચરિતાર્થ કરવા રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ ધ્વારા નગરપાલિકા કક્ષાએ ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત આજે જંબુસર નગરપાલિકા કક્ષાએ સ્વામીનારાયણ હોલ ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરવિંદ વિજયનના અધ્યક્ષસ્થાને પોષણ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.

આ અવસરે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીમતિ જયાબેન પઢિયાર, નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ કૌશલ્યાબેન દુબે, પ્રાંત અધિકારીશ્રી કલસરિયા, આગેવાન પદાધિકારીઓ સર્વશ્રી બળવંતસિંહ પઢિયાર, પ્રવિણભાઈ દુબે, ચંદ્રકાંતભાઈ પટેલ, અમીષાબેન પટેલ, કૃપાબેન પટેલ, નગરપાલિકાના સદસ્યો સર્વશ્રી મનન પટેલ, વિશાલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું દિપપ્રગટાવી ખુલ્લો મુક્યા બાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરવિંદ વિજયન તથા મહાનુભાવોના હસ્તે બાળકોને અન્નપ્રાસન કરાવ્યું હતું. બાળ તંદુરસ્તી, વાનગી હરીફાઈ, પોષણ ત્રિવેણી બહેનોનું અને પાલક વાલીનું પણ સન્માન કરાયું હતું. બાળકો ધ્વારા " પોષણ અદાલત " નાટક રજૂ થયું હતું.

અધ્યક્ષસ્થાનેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરવિંદ વિજયને ગુજરાત પોષણ અભિયાન માત્ર ત્રણ દિવસ પુરતુ નથી પરંતુ દૈનિક ધોરણે ચાલતુ અભિયાન છે જેમાં બાળકોને વાલીઓ દત્તક લે અને જનભાગીદારીના અભિયાન થકી કુપોષણને નાબૂદ કરીને તંદુરસ્ત સમાજ, રાજ્ય અને રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ચીફ ઓફિસરશ્રી, મામલતદારશ્રી, આંગણવાડી, આશા વર્કર, હેલ્પર બહેનો, લાભાર્થી બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમના અંતે કુપોષણને દુર કરવાના સૌએ સામૂહિક શપથ લીધા હતા.

આમોદ તાલુકાના કરેણા ગામે પોષણ અભિયાન સંદર્ભે જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો

બાળકોને તંદુરસ્ત રાખવાની સાથે સારી ટેવ પાડીએ : માહિતી નિયામકશ્રી અશોક કાલરીયા

ભરૂચ

રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ધ્વારા રાજ્યની ધાત્રી માતાઓ, કિશોરીઓ અને બાળકો સુપોષિત બને તે માટે આદરેલા પોષણ અભિયાન ૨૦૨૦-૨૦૨૨ સંદર્ભે આજે બીજા દિવસે આમોદ તાલુકાના કરેણા ગામે યોજાયેલા પોષણ અભિયાનના જાગૃત્તિ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાનેથી માહિતી નિયામકશ્રી અશોક કાલરીયાએ બાળકોને તંદુરસ્ત રાખવાની સાથે તેનામાં સારી ટેવ પાડીએ તો તેને જીવનભર કામ લાગે છે અને બાળક બિમાર પડે ત્યારે માતા - પિતા તેની કાળજીપૂર્વક સંભાળ રાખી દવા કરાવવી જેનાથી તે પાછલી જીંદગીમાં હેરાન ન થાય તેમ તેમ જણાવ્યું હતું.

વધુમાં માહિતી નિયામકશ્રી અશોક કાલરીયાએ ઉપસ્થિત ગ્રામજનોને કુપોષણને નાથવા માટે સરકાર અને લોકો સાથે મળીને જનભાગીદારીથી સહિયારો પ્રયાસ કરવા જણાવ્યું હતું અને એક પણ બાળક કુપોષિત ન રહે તે માટેની કાળજી લેવાની હિમાયત કરી હતી.

આ પ્રસંગે જંબુસરના ધારાસભ્યશ્રી સંજયસિંહ સોલંકીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

સુપોષિત ગુજરાત કાર્યક્રમમાં અન્નપ્રાસન, વાનગી હરીફાઈ, તંદુરસ્ત બાળ હરીફાઈ, શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકરોનું સન્માન, નિબંધ - લેખન સ્પર્ધાના બાળકોને ઈનામ વિતરણ અને પોષણ અદાલત વિગેરે કાર્યક્રમ યોજાયા હતા. આ પ્રસંગે પાલક વાલીનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

અંતમાં ઉપસ્થિત મહાનુભાવોએ - ગ્રામજનોએ સુપોષિત ગુજરાત અંગેના શપથ લીધા હતા.

આ કાર્યક્રમમાં પ્રાદેશિક કચેરીના સંયુકત માહિતી નિયામકશ્રી ભાવસિંહ રાઠવા, પ્રાદેશિક કંન્ટ્રોલ પ્રદૂષણ બોર્ડના શ્રી એફ.એમ.મોદી, પ્રાંત અધિકારીશ્રી કલસરિયા, મામલતદારશ્રી, સીડીપીઓશ્રી, આશા વર્કર, આંગણવાડી અને હેલ્પર બહેનો તથા ગામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પોષણ અભિયાનના બીજા દિવસે સહકાર રાજ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં

અંકલેશ્વર તાલુકાના અંદાડા ખાતે પોષણ અભિયાનનો કાર્યક્રમ યોજાયો

- બાળકોને પોષક આહાર યોગ્ય રીતે આપવામાં આવે તેની જવાબદારી સૌની છે : મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ
- "બીજુ પિયર ઘર" ફિલ્મનું નિદર્શન રજૂ થયું : સૌએ નિહાળ્યું
- અન્નપ્રાસન વિધી તથા ટી.એચ.આર.નું કરાયેલું વિતરણ
- બાળ તંદુરસ્તી અને વાનગી હરિફાઈના લાભાર્થીઓને ઈનામ વિતરણ : પાલક દાતાઓનું મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું

ભરૂચ

ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમના બીજા દિવસે સહકાર રાજ્ય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અંકલેશ્વર તાલુકામાં કોળી પટેલ સમાજ હોલ - અંદાડા ખાતે પોષણ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે તાલુકા પંચાયત અંકલેશ્વરના પ્રમુખ શ્રીમતિ માલતીબેન સોલંકી, પ્રાંત અધિકારીશ્રી રમેશભાઈ ભગોરા, આઈસીડીએસ અધિકારીશ્રી કોમલબેન ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્યશ્રી નીરૂબેન પટેલ, મગનભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ ના કાર્યક્રમ પ્રસંગે પ્રારંભે દિપ પ્રાગટ્ય થયા બાદ પોષણ આરતી, મહાનુભાવોના હસ્તે અન્નપ્રાસનવિધિ તથા ટી.એચ.આર.નું વિતરણ થયું હતું. પ્રાથમિક કુમાર શાળા અંદાડાના બાળકો ધ્વારા બાળ પોષણ અદાલતનું નાટક રજૂ થયું હતું. આ ઉપરાંત " બીજુ પિયર ઘર " ફિલ્મનું નિદર્શન રજૂ થયું હતું. બાળ તંદુરસ્તી અને વાનગી હરિફાઈ લાભાર્થીઓને ઈનામ વિતરણ તથા પાલકદાતાઓનું મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું. આ ઉપરાંત વિશિષ્ટ કામગીરી કરનાર આંગણવાડી બહેનોને શાલ ઓઢાડી સન્માન કરાયા હતા.

અધ્યક્ષસ્થાનેથી સહકાર રાજ્ય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, બાળકો, કિશોરીઓ અને માતાઓના પોષણસ્તરમાં વધારો થાય તે હેતુસર મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ત્રિદિવસીય પોષણ અભિયાનનું આયોજન કર્યું છે. બાળકોને પોષક આહાર યોગ્ય રીતે આપવામાં આવે તેની જવાબદારી સૌ નિભાવે તેમ જણાવ્યું હતું.

પોષણ અભિયાન સારી રીતે આગળ ધપાવવા પોષણ ત્રિવેણી જેમાં આંગણવાડી વર્કર, આશા વર્કર અને એ.એન.એમ. બહેનોની ત્રિવેણીથી આ અભિયાનને સફળતા અપાવવી છે તેમ જણાવી મંત્રીશ્રીએ આઈસીડીએસ સેવાઓની મહત્વની યોજનાઓની વિગતે માહિતી આપી હતી. તેમણે મુખ્યમંત્રીશ્રીએ જનભાગીદારીના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપ પાલકવાલીની વાત મુકી આંગણવાડીના કોઈ પણ એક અતિ નબળા અલ્પપોષિત બાળકના સ્વયં પાલકવાલી બની અને પાલકવાલી તરીકે આંગણવાડીમાં જઈને બાળકના આરોગ્ય, પોષણની ચિંતા કરે તેવો અનુરોધ ઉપસ્થિત સૌને કર્યો હતો. પ્રાંત અધિકારીશ્રી રમેશભાઈ ભગોરાએ ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ ની વિસ્તૃત સમજણ આપી હતી અને આ ઉમદા કાર્યમાં સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ માલતીબેન સોલંકીએ એક પણ બાળક કુપોષિત ન રહે તે માટેના આ જનજાગૃત્તિ અભિયાનમાં સૌ જોડાય તેવી અપેક્ષા સેવી હતી.

પ્રારંભમાં આઈસીડીએસ અધિકારી શ્રી કોમલબેન ઠાકોરે ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યા બાદ ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ ની વિસ્તૃત વિગતોની ઝાંખી કરાવી હતી. પ્રાથમિક કન્યાશાળાની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. અંતમાં આભારવિધિ ઈ. સીડીપીઓ રોશનબેને કરી હતી. મંત્રીશ્રી તથા મહાનુભાવોએ અંદાડા ગામે આંગણવાડીની પણ મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ નગરપાલિકા પ્રમુખ શ્રી સંદિપભાઈ, આગેવાન પદાધિકારીઓ, મામલતદારશ્રી, મેડિકલ ઓફિસરશ્રી, સરપંચશ્રી, ગામ આગેવાનો, આશા વર્કર, આંગણવાડી વર્કર, મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

એંકીલોઝીંગ સ્પોન્ડીલાઈટીસના દર્દીઓ માટે સપોર્ટ ગ્રુપની શરૂઆત

સુરત

અંતર ધ્વનીબીજી ફેબ્રુઆરીના રોજ સુરતમાં એંકીલોઝીંગ સ્પોન્ડીલાઈટીસના દર્દીઓ માટે ડો. બંકીમ દેસાઈ, ડો. અલ્પના પરમાર, ડો. નિશિલ શાહ, ડો. રોમી શાહ અને ડો. શીતલ અનીશદિવાનજીની હાજરીમાં સપોર્ટ ગ્રુપના સુરત ચેપ્ટરની શરૂઆત કરશે. આ બધા ડોકટરો રૂમેટોલોજી ક્ષેત્રમાં નિષ્ણાત છે.

એંકીલોઝીંગ સ્પોન્ડેલાઈટીસની સ્થિતિમાં શું કરવું તેની સમજ આપવાનો તથા રોગ અંગે જાગૃતી પ્રસરાવવાનો છે.આ સપોર્ટ ગ્રુપનો ઉદ્દેશ દર્દીઓ, નિષ્ણાત ડોકટરો, ફિઝીયોથેરાપિસ્ટસ, યોગા ટ્રેનર્સ અને

ડાયેટિશિયનને સાથે સંપર્ક સાધીને રોગ અંગે સામાન્ય ફરિયાદોની જાણકારી મેળવવાનું તથા દર્દીઓને સહાયરૂપ થવાનો છે. આ ઉપરાંત ગ્રુપ દર્દીઓની લાગણી સમજીને નવાં તારણો અંગે માહિતી આપવાનું તથા આ રોગ માટે બહાર પડેલી નવી દવાઓની જાણકારી પૂરી પાડીને માર્ગદર્શન આપે છે.

એંકીલોઝીંગ સ્પોન્ડેલાઈટીસ (એએસ) એક એવી સ્થિતિ છે કે જેમાં તમામ અથવા તો કેટલાક સાંધા અને કરોડરજ્જૂનાં કેટલાંક હાડકાં ગંઠાઈ જાય છે અને જવલ્લે જ થતો રોગ માનવામાં આવેછે, કારણ કે દર ૧૦,૦૦૦ વ્યક્તિમાંથી ૮ દર્દી આ રોગનો ભોગ બનતાં હોય છે. તેનાથી ઘણી વાર કરોડરજ્જુમાં સોજો આવી જાય છે અને ગંભીર કેસમાં હૃદય અને આંખને પણ અસર થાય છે. આ રોગમાંથી સાજા થવાતુ નથી અને જીવનપર્યંત પીડાનોસામનો કરવો પડેછે, પરંતુ નિયમિત કસરત અને તબીબી સહાય દર્દીને રાહત થાય છે.

અમદાવાદમાં ૬૦ કિમીની કાર રેલીમાં ૭૦થી વધુ અંક લોકોએ ભાગ લીધો

અમદાવાદ

આમ તો નોર્મલ વ્યક્તિ બ્લાઈન્ડ પીપલને રસ્તો બતાવે છે, પરંતુ અમદાવાદમા એક અનોખી કાર રેલી યોજવામા આવી, જેમા બ્લાઈન્ડ લોકો કાર ચાલકના નેવીગેટર બન્યા હતા. રવિવારે સવારે અમદાવાદના અંધજન મંડળ ખાતેથી કાર રેલી યોજવામા આવી. આ કાર રેલી સામાન્ય રેલી કરતા કઈક અલગ હતી કારણ કે કારના ચાલકને કયા રસ્તે જવુ. કઈ બાજુ ટર્ન લેવો વગેરે અંગે માર્ગદર્શન આપવા માટે કારમાં બ્લાઈન્ડ વ્યક્તી બેઠી હતી. અંધજન મંડળ અને એક સંસ્થા દ્વારા યોજાયેલી ૬૦ કીલોમીટરની કાર રેલીમા ૭૦થી વધુ અંધ લોકોએ ભાગ લીધો હતો. પોલીસ કમીશ્નર દ્વારા લીલી ઝંડી આપીને રેલીની શરુઆત કરવામા આવી. સ્પર્ધામા ભાગ લઈ રહેલા પ્રજ્ઞાચક્ષુઓને બ્રેઈલ લીપીમા એક નક્સો આપવામા આવ્યો હતો અને તેના આધારે તેઓ કાર ચાલકને માર્ગ દર્શન આપતા હતા. કાર ચાલકના માર્ગ દર્શક બનેલા બ્લાઈન્ડ લોકો સ્પર્ધામા ભાગ લઈ આનંદ અનુભવી રહ્યા હતા. દર વર્ષે આ પ્રકારની રેલી યોજવામાં આવે છે ત્યારે કેટલાક સ્પર્ધક તો એવા હતા જેઓએ ત્રીજીવાર ભાગ લીધો હતો.



કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ડુપ્લીકેટ ટીકીટ ઝડપાતા અમદાવાદની ટ્રાવેલ એજન્સી સામે ફરિયાદ

● અગાઉ ૨ પ્રવાસીઓ સાથે ટિકિટ મુદ્દે છેતરપિંડી થઈ હતી, એ બાદ ૨ જી જાન્યુઆરીએ ફરી ૧૦ પ્રવાસીઓ સાથે ટિકિટ મુદ્દે છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી અગાઉ ૨ પ્રવાસીઓ સાથે ટિકિટ મુદ્દે છેતરપિંડી થઈ હતી,એ બાદ ૨ જાન્યુઆરીએ ફરી ૧૦ પ્રવાસીઓ સાથે ટિકિટ મુદ્દે છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પર ૨ જી ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ દ્વારા વ્યક્તિ દીઠ વ્યુઈંગ ગેલેરી જવા માટે એક્સપ્રેસ ટિકિટના ૧૦૩૦ રૂપિયા નક્કી કરાયા છે.દિલ્હીથી આવેલા ૧૦ જેટલા પ્રવાસીઓ પોતાની ટિકિટ સ્કેનિગ કરાવી રહ્યા હતા.દરમિયાન એમની ટિકિટ પર એ દર ૧૨૬૦ રૂપિયા હોવાનું સ્ટાફ અને પીએસઆઈ કે.કે.પાઠકને જણાઈ આવ્યું હતું, જોકે પ્રવાસીઓને તો અંદર જવા દેવાયા હતા પણ હાજર સ્ટાફે આ મામલે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ વહીવટદાર નિલેશ દુબેને જાણ કરી હતી.

તપાસ દરમિયાન અમદાવાદ નારણપુરાની રાવ ટ્રાવેલ્સ દ્વારા ટિકિટના PDF ફોર્મેટમાં કિંમત સાથે છેડછાડ કરી ૧૦૩૦ ની જગ્યાએ ૧૨૬૦ કરી હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું હતું.આ મામલે કેવડિયા પોલીસે અમદાવાદ નારણપુરાની રાવ ટ્રાવેલ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ બાબતે જે ટિકિટ કો-ઓર્ડીનેટર અહેસાન અલી સૈયદે કેવડિયા પોલીસ સ્ટેશને પ્રવાસી પાસેથી ૨૩૦૦? વધુ લઈને છેતરપિંડી આચર્યાનું ટિકિટ ચેકીગ વખતે જ ધ્યાને આવતા ફરિયાદ નોંધાવી છે.

વધુમાં નાયબ વહીવટદાર નિલેશ દુબે એ જણાવ્યું હતું કે તાલીમી કર્મીઓ અને આધુનિક સોફ્ટવેરનો ઉપયોગ અત્રે જે ખાતે થતો હોય ડુપ્લીકેટ અથવા છેડછાડ વાળી ટિકિટ લઈને પ્રવેશ કરવો અત્રે શક્ય નથી. પ્રવાસીઓને વિનંતી કે જેની ટિકિટ soutickets.in પરથી ખરીદવા આગ્રહ રાખવો અથવા statue of unity tickets official નામની એન્ડ્રોઇડ એપ્લિકેશન પરથી બુક કરવા આગ્રહ રાખવો.

અમદાવાદ નારણપુરાની રાવ ટ્રાવેલ્સ દ્વારા ટિકિટની PDF ફોર્મેટમાં કિંમત સાથે છેડછાડ કરી ૧૦૩૦ ની જગ્યાએ ૧૨૬૦ કરી હોવાનું બહાર આવ્યું

લો બોલો...મોબાઈલ ચાર્જર જેવી મામુલી વાતે કુહાડીનો હાથો મારી જાન થી મારી નાંખવાની ધમકી આપી

તિલકવાડાના કારેલી ગામે બે પાડોશી મિત્રો વચ્ચે ચાર્જર બાબતે બબાલ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

તિલકવાડાના ના કારેલી ગામમાં બે મિત્રો વચ્ચે મોબાઈલ ના ચાર્જર બાબતે માથાકૂટ થતા એકે બીજાને કુહાડીનો હાથો મારી ધમકી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કારેલી ગામમાં રહેતા પોપટભાઈ ઝીણાભાઈ બારીયા પાડોસ માં રહેતા અશોક રમણભાઈ તડવી પાસે મોબાઈલ ચાર્જર માંગતા અશોકે જણાવેલ કે હુ તારૂ ચાર્જર નથી લાવ્યો મારી પાસે કેમ લેવા આવ્યો છે.તેમ કહી પોપટભાઈ સાથે ગાળા ગાળી કરી ઝઘડો કર્યા બાદ તેના હાથમાની નાની કુહાડીનો હાથો ડાબા કાન પર માથાના ભાગે મારી ઈજા કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ બાબતે અશોક વિરુદ્ધ ફરિયાદ થતા તિલકવાડા પોલીસે તપાસ હાથ ધરી છે.

ડૂબતી મહિલાને બચાવવા કૂદેલા યુવકનું મોતઃ મહિલાનો બચાવ

ગળતેશ્વર

ગળતેશ્વર તાલુકાના મોકાના મુવાડામાં ડૂબતી મહિલાને બચાવવા નહેરમાં પડેલા યુવકનું ડૂબી જતાં મોત નિપજ્યું હતું. જોકે, તે પહેલા તે મહિલાને બચાવવામાં સફળ રહ્યો હતો. બીજી તરફ યુવકના મૃત્યુ બાદ ગ્રામજનોએ હોબાળો મચાવ્યો હતો અને તંત્ર દ્વારા સમયસર બચાવ કામગીરી માટે મદદ ન મળી હોવાનો આક્ષેપ કર્યો હતો અને મૃતદેહનો સ્વીકાર કરવાની ના પાડી દેતાં તંત્ર દોડતું થયું હતું. ઉચ્ચ અધિકારીઓ દ્વારા ગ્રામજનોને સમજાવવામાં આવ્યા હતા.

ગળતેશ્વર તાલુકાના હાંડિયા ગામે રહેતા નંદુબેન પરમાર (ઉ.વ.આ. ૫૫) પોતાની દીકરીને લઈને નહેર પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ સમયે નંદુબેન કેનાલમાં ઉતરતાં તેમનો પગ લપસ્યો હતો અને તેઓ કેનાલના પાણીમાં પડ્યા હતા. માતાને કેનાલમાં પડતી જોઈને કિનારે ઉભેલી દીકરીએ બૂમાબૂમ કરી મૂકતાં ત્યાંથી પસાર થઈ રહેલા કિરણભાઈ પરમાર (ઉ.વ.૨૬) એ પળનો પણ વિચાર કર્યા વગર કેનાલમાં ઝંપલાવ્યું હતું અને નંદુબેનને સુરક્ષીત રીતે કિનારે પહોંચાડ્યા હતાં. જોકે બાદમાં કિરણભાઈ નહેરના પાણીમાં લાપતા થઈ જતાં સ્થાનિકો તરવૈયાઓ દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સાંજના સમયે કેનાલમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

કચ્છની ગોયલ ગીતા રબારીના ડાયરામાં ડોલરનો વરસાદ થયો

નવસારી

નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના વાંઝણા ગામે આવેલ મેલડી માતાના મંદિરના લાભાર્થે કચ્છની કોયલ ગીતા રબારીના ડાયરાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ડાયરામાં ૧૦, ૨૦ અને ૨૦૦૦ ની નોટો સહિત યુએસ ડોલરનો પણ વરસાદ થયો હતો. આ ડાયરામાં લાખો રૂપિયાનો વરસાદ થયો હતો.

ડાયરામાં એકત્ર થયેલી રકમને મંદિરના લાભાર્થે તેમજ અન્ય સામાજીક કામોમાં ઉપયોગ કરવામાં આવનાર છે. ગીતા રબારી દ્વારા દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નને સાકાર કરતા સ્વચ્છતાના સંદેશને લોકો સુધી પહોચાડવા માટે કાપડની થેલીનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતું. ગીતા રબારીના ડાયરામાં અગાઉ પણ નવસારી જિલ્લામાં ડોલરનો વરસાદ થયો છે.

શિયાળાની ઠંડીનો લાભ લઈ રાજપીપળાની રાજેન્દ્રનગર સોસાયટીમાં તસ્કરોનો તરખાટ,૩૦હજારની ચોરી

કુલ ૩ મકાનો પૈકી એક રહેણાંક મકાન માંથી ૩૦ હજાર ની ચોરી,અન્ય ૨ મકાનોના નકુચા તોડવાનો પ્રયાસ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળાના હાર્દસમાં વિસ્તારમાં આવેલી રાજેન્દ્રનગર સોસાયટીમાં ગતરાત્રે અજાણ્યા ચોરો એ શિયાળાની ઠંડીનો લાભ લઈ ત્રણ મકાનોમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો જોકે તે પૈકી ફક્ત એક મકાન માં ચોરી કરી અન્ય બે મકાનોના નકુચા તોડવા પ્રયાસ કરાયો હતો પરંતુ તેમાં સફળતા મળી ન હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર રાજેન્દ્રનગર સોસાયટીમાં રહેતા મુકેશભાઈ ચીમનભાઈ પટેલે આપેલી ફરિયાદ મુજબ તેમના મકાનમાં ગતરાત્રે કોઈ અજાણ્યા વ્યક્તિઓએ રોકડા રૂ.૨૦,૦૦૦/- તેમજ એક મોબાઈલ ફોન કિંમત-૧૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૩૦ હજાર ની ચોરી કરી હતી જ્યારે નજીકના અન્ય બે મકાનોમાં ચોરી કરવા પ્રયાસ કર્યો પરંતુ આ બંધ મકાનના દરવાજાના નકુચા તોડવામાં સફળ ન થતા ફક્ત મુકેશ પટેલના મકાનમાંથી જ રોકડ રકમ અને મોબાઈલ મળી ૩૦ હજાર ની ચોરી કરી ચોરટા ફરાર થઈ ગયા હતા. રાજપીપળા પોલીસે મુકેશ પટેલની ફરિયાદ ના આધારે અજાણ્યા ચોરોને પકડવા સીસીટીવી ફૂટેજ ચકાસી તપાસ હાથ ધરી છે.

કોરોના વાયરસ ઈફેક્ટઃ સુરતના હીરા ઉદ્યોગ પર અસર, નુકસાનની ભીતિ

સુરત

ચીનમાં ફેલાયેલા ઘાતક કોરોના વાયરસનાં સંક્રમણથી અત્યાર સુધી મૃતકોની સંખ્યા ૩૦૪ થઈ ગઈ છે. જ્યારે ૧૪,૩૮૦ લોકો ચેપગ્રસ્ત હોવાની પુષ્ટિ થઈ છે. સમગ્ર વિશ્વમાંથી આવતા રફ હિરાને પોલિશ કરી તેને તૈયાર કરી સુરત સમગ્ર વિશ્વમાં હીરા મોકલે છે. અન્ટવર્પ પછી હીરા એક્ષપોર્ટનું સૌથી માર્કેટ સુરત માટે હોંગકોગ છે, અને ચાઇનામાં પણ હિરા એક્ષપોર્ટ કરવામાં આવે છે. સુરતમા તૈયાર થતા પોલિશ્ડ હિરાનો ૩૭ ટકા ભાગ હોંગકોગમાં એક્ષપોર્ટ કરવામાં આવે છે કારણ કે જવેલરી મેન્યુફેકચર અને તૈયાર હીરાનું ખુબજ મોટું માર્કેટ ત્યા આવેલું છે. આ ઉપરાંત ચાઇનામાં પણ ૫ ટકા જેટલા હીરા એક્ષપોર્ટ કરવામાં આવતા હોઇ છે. પરંતુ હાલમાં ચાઇનામાં કોરોના વાયર્સનો ફેલાવો ઝડપથી થઇ રહ્યો હોવાને કારણે હોંગકોગ દ્વારા આગામી ૩જી માર્ચ સુધી લેકેશનની જાહેરાત કરવામાં આવી છે. જેને લઇને સુરતના હીરા ઉદ્યોગને તેની સીધી અસર થનારી છે, તેમ જેમ એન્ડ જવેલરી પ્રમોશન કાઉન્સીલના રીજનલ ચેરમેન દિનેશ નાવડીયાએ જણાવ્યું હતું.

આ સાથે હીરી ઉદ્યોગને એ પણ ચિંતા સતાવી રહી છે કે, આગામી ૪થી ૮ માર્ચ દરમિયાન હોંગકોગમાં ટ્રેડશોનું આયોજન કરવામાં આવ્યું છે. જેની પર પણ ખતરો તોળાય રહ્યો છે. કારણ કે ૩જી માર્ચ સુધી વેકેશન છે. અને ચોથી માર્ચથી ટ્રેડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જો વેકેશન એક પણ દિવસ લંબાઇ અથવા તૈયારી માટેની પરવાનગી હોંગકોગ સરકાર દ્વારા આપવામાં નહિ આવે તો આ ટ્રેડ શો પણ રદ કરી દેવામાં આવશે.

સુરત બાળકી દુષ્કર્મ-હત્યા કેસઃ આરોપીની સુપ્રિમ કોર્ટમાં અપીલ

સુરત

લિંબાયતમાં સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકી પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરવાના કેસમાં સંડોવાયેલાં આરોપી અનિલ યાદવને સેશન્સ કોર્ટ દ્વારા અપાયેલી ફાંસીની સજા બાદ કોર્ટ દ્વારા જ ઇશ્યુ કરાયેલાં ડેથ વોરન્ટની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે અપરાધીએ જેલ સુપ્રીન્ટેન્ડન્ટને અરજી કરી છે. જેમાં જણાવ્યું છે કે, મારાથી ભૂલ થઈ ગઈ મારે સુપ્રીમમાં અપીલ કરવી છે.

નરાધમ અપરાધીએ અનિલ યાદવ સાડા ત્રણ વર્ષની બાળકીને પોતાના રૂમમાં લઇ ગયો હતો અને જ્યાં માસુમ પર બળાત્કાર ગુજારીને તેની હત્યા કરી લાશ કોથળામાં ભરીને તેને રૂમમાં જ રાખી હતી. જોકે, પોલીસ તપાસમાં અપરાધી અનિલ યાદવનું નામ સામે આવ્યુ હતુ. તેની સામે કેસ ચલાવવા સરકારે મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાની સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે નિમણૂક કરી હતી. ટ્રાયલ બાદ આરોપીને ૩૧મી જુલાઈ ૨૦૧૯ના રોજ કોર્ટે ફાંસીની સજાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ હાઈકોર્ટે પણ આ સજા યથાવત રાખી હતી અને બાદમાં સેશન્સ કોર્ટ દ્વારા આરોપી સામે ડેથ વોરન્ટ ઈશ્યુ કર્યો હતો જે મુજબ ૨૯મી ફેબ્રુઆરીના રોજ સવારે સાડા ચાર કલાકે અમદાવાદની સાબરમતી જેલમાં તેને ફાંસી આપવાનો ઉલ્લેખ વોરન્ટમાં કર્યો હતો. હવે આરોપી અનિલ યાદવ દ્વારા લાજપોર જેલ સુપ્રિન્ટેન્ડન્ટ મનોજ નિનામાને લેખિતમાં અરજી કરી છે કે મારાથી ભૂલ થઈ ગઈ મારે સુપ્રીમમાં અરજી કરવી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે સતત ત્રીજા દિવસે દબાણો હટાવવાની કવાયત ચાલુ : તંત્ર સ્થાનિક આદિવાસીઓ પર હિટલર શાહી અપનાવતું હોવાની વાત





● દબાણો તોડવા બાબતે બે અધિકારીઓ વચ્ચે તું...તું...મેં...મેં....થતા પોલીસે મામલો થાળે પાડ્યો

● બંને અધિકારીઓ વચ્ચેની બોલાચાલી બાબતે ડે.કલેક્ટર વિરુદ્ધ ના.મામલદાર જિલ્લા પોલીસ વડાને ફરિયાદ કરશે તેવી પણ વાત બહાર આવી છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું ત્યારથી વહીવટી તંત્ર કેવડિયા વિદેશ ટાઈપ ટીપટોપ બનાવવાની ઘેલછામાં સ્થાનિક આદિવાસીઓ પર હિટલર શાહી અપનાવી અત્યાર કરી રહ્યુ છે.જાહેર માર્ગ પર આવતા લારી ગલ્લા સહીત નાની દુકાનો ઘરો તોડી સફાઈ ઝુંબેશ ચલાવી રહ્યા છે. પરંતુ જેમાં કોઈના ઘરનો રોટલો છીનવાઈ રહ્યો છે તો કોઈના ઘરનો ઓટલો છીનવાઈ રહ્યો છે.સ્થાનિકો બેરોજગાર અને બેઘર બની રહ્યા છે ત્યારે આ કેવો વિકાસ તેમ કહી લોકોમાં રોષ ફેલાયો છે. હાઈકોર્ટ ના હુકમનું અર્થઘટન કરી તંત્ર હાલ પોતાની મનમાની કરી ત્રણ દિવસ થી દબાણો હટાવી રહી છે.

૩૧મી જાન્યુઆરીએ હાઈકોર્ટે આપેલા ચુકાદા મુજબ ગ્રામજનો અને પક્ષકારો વચ્ચે કમિટી બનાવીને ફોર્મ્યુલા નક્કી કરી ૧૦ દિવસમાં કોર્ટ સમક્ષ મૂકે,અથવા ૧૦ દિવસ બાદ કોર્ટ ન્યાયોચિત નિર્ણય લેશે.હવે વધુ સુનાવણી ૧૧ મી ફેબ્રુઆરીએ હાથ ધરાશે.જેમાં કોર્ટે બીજી તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ભારત ભવન સુધી જુલાઈ ૨૦૧૯ પછીના કોઈ બાંધકામ કર્યું હોય તો એ દબાણો દૂર કરવા હાઈકોર્ટ નો આદેશ આપ્યો છે. જ્યારે તંત્ર લાકડી લઈને સ્થાનિક આદિવાસીઓની પાછળ પડી હોય તેમ મંડયું છે.

દબાણો હટાવવા નીકળેલા અધિકારીઓની ટીમો વચ્ચે પણ તું...તું.. મેં.મેં.ના દ્રસ્યો જોવા મળ્યા એક ડે.કલેક્ટર કક્ષાના આધિકારી એ નાયબ મામલતદારને જાહેર માર્ગ પર બેફામ તતડાવ્યા બાદ અન્યોમાં રોષ પણ જોવા મળ્યો છે અને આ વર્તન બાબતે રજુઆત પણ કરશે તેવી પણ વાત જાણવા મળી છે.જોકે બંને અધિકારીઓ વચ્ચે ની બોલાચાલીમાં પોલીસે દખલગીરી કરી તત્કાલ મામલો થાળે પાડ્યો હતો. પરંતુ આ બાબતે ડે.કલેક્ટર વિરુદ્ધ ના.મામલદાર જિલ્લા પોલીસ વડાને ફરિયાદ આપશે તેવી પણ વાત બહાર આવી છે.

કર્મચારીઓએ કારને ધક્કો મારી દૂર કરતા મોટી દુર્ઘટના ટળી

કામરેજ પેટ્રોલપંપ પાસે કારમાં આગ લાગતાં ચકચાર મચી

સુરત

કામરેજમાં પેટ્રોલપંપ પાસે કારમાં આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઈ હતી. કારમાં આગ લાગતાની સાથે જ પંપના કર્મચારીઓએ સમયસૂચકતા વાપરીને કારને ધક્કો મારી પંપથી દૂર કરી દીધી હતી. જેથી મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતા જ ફાયરનો કાફલો દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. કામરેજના બસેરા સોસયટી પાસે આવેલા પેટ્રોલપંપ નજીક આજે એક સીએનજી કારમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પંપના કર્મચારીઓએ સમયસૂચકતા વાપરીને પહેલા કારને ધક્કો મારી પંપથી દૂર કરી હતી. ત્યારબાદ ફાયર વિભાગને જાણ કરીને પંપમાં રહેલા ફાયરના સાધનો દ્વારા કારની આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. ઘટનાની જાણ થતાની સાથે જ ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. ફાયરના જવાનોએ પંપના કર્મચારીઓની સમયસૂચકતાને બિરદાવી હતી. કર્મચારીઓના કારણે મોટી દુર્ઘટના થતી અટકી હતી. જોકે, કારની આગ પર કાબૂ મેળવવા પહેલા કાર બળીને ખાખ થઈ ગઈ હતી.

જુગાર-દારૂના અડ્ડાઓ પર ઠોસ કાર્યવાહી ન થતાં

સુરતના અડાજણના પીઆઈ,પીએસઆઈ અને છોટા ઉદેપુરના પીઆઈ સસ્પેન્ડ

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા કહેવામાં આવે છે કે, ગુજરાતમાં ચુસ્તપણે દારૂબંધીના કાયદાનું પાલન કરવામાં આવે છે પરંતુ જ્યારે-જ્યારે સ્ટેટ વિજિલન્સ ટીમ ગુજરાતના અલગ-અલગ શહેરોમાં ચાલતા દારૂના અડ્ડાઓ પર રેડ પાડે છે ત્યારે સ્થાનિક પોલીસ સ્ટેશનની કામગીરી ઉપર ઘણા સવાલો ઊઠે છે. પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં જ વિજિલન્સની ટીમ દ્વારા લાખો રૂપિયાનો દારૂનો મુદ્દામાલ અડ્ડાઓ પરથી કબજે કરવામાં આવે છે. આ પ્રકારના કિસ્સાઓમાં ઘણીવાર સ્થાનિક પોલીસ સ્ટેશનના પીઆઈ અથવા તો પીએસઆઈને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી પણ પોલીસ વડા દ્વારા કરવામાં આવે છે, ત્યારે હવે આ પ્રકારની કાર્યવાહી સુરતના અડાજણ પોલીસ સ્ટેશનના પીઆઈ અને પીએસઆઈ પર કરવામાં આવી છે.

સુરતના અડાજણ વિસ્તારમાં દારૂના અડ્ડા ઉપર વિજીલન્સની ટીમ દ્વારા રેડ કરવામાં આવતા ત્યાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો મુદ્દામાલ મળી આવ્યો હતો. અડાજણ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં જ દારૂ અને જુગારના અડ્ડાઓ ચાલતા હોય અને સ્થાનિક પોલીસ સ્ટેશનના પીઆઈ અને પીએસઆઈ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન કરવામાં આવતા રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝા દ્વારા અડાજણ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ.ચૌધરી અને પીએસઆઈ આર. કે. કામબરીયા પર તાત્કાલિક કાર્યવાહી કરીને ફરજ પરથી બરતરફ કર્યા છે.

આ ઉપરાંત બીજી તરફ છોટા ઉદેપુર પોલીસ સ્ટેશનના પીઆઈને પણ રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝા દ્વારા તાત્કાલિક ફરજ પરથી મોકૂફ કરવામાં આવ્યા છે.